Vol. 41, No.3
July 2020
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

❑ સુભાષ ભટ્ટ

હિબ્રુ બાઈબલમાં એક કથા એવી છે કે સિનાઈ રણની એક હોરેબ નામની ટેકરી પર યાહવેહે મોઝિઝને જીવન-સંહિતા જેવા દશ આદેશો આપેલા. અહીં જ પરમ તત્ત્વે પરચા સ્વરૂપે મોઝિઝને એક છોડ-ઝાંખરા જેવું સળગતું દેખાડેલું. આ બનાવના સેંકડો વરસો બાદ એક બીજી ઘટના બની. આવો તેના સાક્ષી બનીએ.

થોડાક જાત્રાળુઓ તે સ્થળના દર્શન માટે પહોંચ્યા. ત્યાં એક વૃદ્ધ ફકીર બેઠો હતો. તેણે જોયું કે એક યાત્રી નાની દાબડીમાં ત્યાંની ધૂળ ભરી રહ્યો હતો. પેલો ફકીર પૂછે છે, 'આ તમે શું કરો છો?' તો યાત્રી કહે છે, 'મોઝિઝવાળા ઝાંખરાની રાખ-ભસ્મ પૂજા માટે લઈ જાઉં છું! તો ફકીર કહે, 'આ ભસ્મ પૂજવાને બદલે તમારી અંદર અખંડ બળતી જ્યોતનો અનુભવ કરો!'

આપણે સૌ વિચિત્ર છીએ. આપણે રાખ-ભસ્મ, અસ્થિ-અવશેષો પૂજ્યા કરીએ છીએ. ક્યાંકથી આસન-માળા, તસવીરો-ગ્રંથો એવું ખરીદી લાવીએ છીએ. આ બધું અમૂલ્ય છે. જો તે આપણા અનુભવનું નિમિત્ત બને, આપણે નિર્માલ્ય (પૂજામાં વપરાયેલાં ફૂલો) લઈને ફરીએ છીએ પણ મારી સાધનાને સુવાસિત ન કરે તો? આપણી પાસે માળા છે, સ્મરણ નથી; પૂજાપો છે, પાવકતા નથી. આપણે આસનસ્થ છીએ, ધ્યાનસ્થ નથી; ગ્રંથસ્થ છીએ, અંતસ્થ નથી.

પ્રિય અને પરમ મરમી કબીરદાસજી કહે છે;

સાધો ભજન ભેદ હૈ ન્યારા ।
કા માલા મુદ્રા કે પહિરે, ચંદન ઘસે લિસારા ।
મૂંડ મુડાયે સિર જટા રખાયે, અંગ લગાયે છારા ।
કા પાની પાહન કે પૂજે, કંદ મૂલ ફરહારા ।
કહા નેમ તીરથ વ્રત કીન્હે, જો નાહિ તત્ત્વ વિચારા ॥

❑❑❑

૧૦૮

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૧ અંકઃ ૩, જુલાઈ ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info

રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગે : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

રાષ્ટ્રપતિની કેટલીક સત્તાઓ તો પ્રધાનમંડળની સલાહથી પર છે. તેમાં નીચેની સત્તાઓનો સમાવેશ છે:

(1) પક્ષનું નેતૃત્વ ન ધરાવતા વડા પ્રધાનની બરતરફી. (2) સંસદનો વિશ્વાસ ગુમાવી બેઠેલા પ્રધાનમંડળની બરતરફી. (3) રાષ્ટ્રપતિના મતે પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠેલી લોકસભાની બરતરફી. (4) કટોકટીના કાળમાં જ્યારે દેશનું સંરક્ષણ કરવામાં પ્રધાનમંડળ નિષ્ફળ નીવડ્યું હોય ત્યારે સર્વોચ્ચ સેનાપતિપદની સત્તાઓનો અમલ કરવો.

પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું છે કે ''ફ્રેન્ચ પ્રમુખ જેવો શોભાનો ગાંઠિયો અમને ખપતો નથી.''

* * *

ઉપર કહ્યું તેમ ફ્રાન્સની જેમ નબળા પ્રમુખને અથવા તો આયરલેન્ડની જેમ નામના જ પ્રમુખને રાખવાની રસમથી અલગ ચાલે જવાનો મક્કમ નિર્ણય નીચેની બાબતોમાંથી સ્પષ્ટ દેખાય છે: (1) કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલીની ચર્ચા, (2) બંધારણની સામાન્ય રચના, (3) ઉપર્યુક્ત જોગવાઈઓ.

એમ જે કહેવાય છે કે શાહી તાજ બ્રિટનમાં પ્રધાનમંડળની સલાહથી બંધાયેલો છે અને તે જ પ્રમાણે ભારતમાં રાષ્ટ્રપતિ બંધાયેલા છે, એ મૂળ વાત જ ખોટી છે.

દલીલ અને દાખલો નીચે પ્રમાણે છે:

''રાષ્ટ્રપતિનો દરજ્જો અને (બ્રિટિશ) તાજનો દરજ્જો એક છે (મૂળ મુદ્દો) (બ્રિટિશ) તાજ બંધાયેલો છે, માટે જ રાષ્ટ્રપતિ બંધાયેલા છે.''

આમાં મૂળ મુદ્દો જ ખોટો છે. રાષ્ટ્રપતિ અને બ્રિટિશ તાજના હોદ્દાઓમાં નીચેના મૂળભૂત તફાવતો છે: (1) સોગંદ (2) ચૂંટણી (3) પ્રજા તરફની વફાદારીની મૂળ હકીકત (4) તહોમત માટેની શક્યતા (5) અંગત વિવેકબુદ્ધિની જરૂરિયાતવાળી ચોક્કસ સત્તાઓ.

[ક્રમશઃ]

ચપ–

❑ હેમન્ત દવે

ગુજરાતીમાં મૂળમાં 'ચપ-' હોય એવા ઘણા શબ્દો છે. ચપટ, ચપ્પટ (સપાટ), ચપેટ, ચપેટી, ચપેટો (થપ્પડ), ચપટી વગાડવી (અંગૂઠો અને મધ્યમા દ્વારા કરાતો અવાજ), ચપટું, ચપ્પટ (સપાટ, ઊપસેલું નહીં તેવું), ચપટવું (ટીપીને સપાટ કરવું), ચપાતી/ટી (રોટલી), ચપચપ (ખાસ કરીને ખાતી વખતે એવો અવાજ કરવો), વગેરે. આમાં છેલ્લા 'ચપચપ' શબ્દની ચર્ચા અગાઉ થઈ ગઈ છે (*નવનીત સમર્પણ* જૂન 2016 પૃ. 7).

સાર્થ જોડણીકોશ ચપટ (સં. चिपट, મ. चपटा, હિં. चिपटा,), ચપટી (સં. चिप्पुटिका, चिप्पुडिया, चप्पुडी), ચપાટી (સં. चिर्पटी, હિ. મ. चपाटी), ચપેટ (સં. चपेट, चपेटिका) વગેરે સંસ્કૃત શબ્દો આપી સમાંતરે મરાઠી અને હિન્દી શબ્દો સૂચવ્યા છે. ચપાતી કે ચપાટી ચાર પડવાળી રોટલી હોય છે એવી કોશે આપેલી સમજૂતીના મૂળમાં કલ્પિત સંસ્કૃત चर्पटीમાં રહેલા 'ચર'ની 'ચાર' સાથે થયેલી ભેળસેળ જણાય છે. અસ્તુ.

હરિવલ્લભ ભાયાણીએ 'શબ્દપ્રયોગોની પગદંડી ઉપર'માં આઠમા ક્રમે આમાંથી કેટલાક શબ્દોની ચર્ચા કરી છે અને એમાં 'ચપ્/ચંપ્' એટલે કે 'દાબવું, દબાવીને સપાટ કરવું' એ મૂળ શબ્દરૂપ કલ્પ્યું છે. પણ આગળ વ્યુત્પત્તિ સૂચવી નથી.


સંસ્કૃતના જે શબ્દો *સાર્થ જોડણીકોશે* દર્શાવ્યા છે તે સમયની દૃષ્ટિએ મોડા છે (જેમ કે, चर्पट વરાહમિહિરના *બૃહજ્જાતક*માં આવે છે) એટલું જ નહીં એની શબ્દસિદ્ધિ પણ સંતોષજનક નથી. ભાયાણી चर्पट માટે લખે છે કે 'એ નામ વિચિત્ર છે. મારી અટકળ છે કે કોઈએ તેને લગતી દેશ્ય સંજ્ઞાનું કરેલું આ સંસ્કૃતીકરણ હોય' (પૃ. 112).

માયર્હોફર એમના સંસ્કૃત વ્યુત્પત્તિ કોશમાં चपेट અને चर्पटમાં 'મોટે ભાગે દ્રાવિડી' એમ સૂચવે છે અને પછી ચર્ચામાં ક્યપરએ બધા દ્રાવિડી શબ્દોને મુંડામાંથી આવેલા માને છે એવો નિર્દેશ આપે છે.

બરો અને એમનોના દ્રાવિડી વ્યુત્પત્તિ કોશમાં સપાટના અર્થના (2331, 2337), થપ્પડ અથવા એવો અવાજના અર્થના શબ્દ (2335) જોતાં ખ્યાલ આવે છે કે આ બધા દ્રાવિડી મૂળના શબ્દો છે.

❑❑❑

બ્રહ્માંડનું સર્જન



બ્રહ્માંડનું સાચું સ્વરૂપ કેવું છે? ઈશ્વરની અવધારણાનું પૃથક્કરણ કરતા પહેલાં આપણે ઉપર્યુક્ત પ્રશ્નોનો જવાબ શોધવાની તાતી જરૂર છે. વિજ્ઞાન હજી વિશ્વની ઉત્પત્તિના મૂળ ઘટકને શોધી રહી છે.

પૃથ્વી નામના આપણા ગ્રહનાં પર્યાવરણ અને પ્રકૃતિ જીવનની ઉત્ક્રાંતિના સબળ વાહક હોવા છતાં એના તરફ દુર્લક્ષ સેવવામાં આવતું હોવાથી દૃષ્ટિગોચર વિશ્વની અનેક જટિલતાઓ અને એની સુવ્યવસ્થિત કાર્યપ્રણાલી પાછળ કામ કરી રહેલી ઉચ્ચતમ કક્ષાની બુદ્ધિમત્તા આપણી સામે પ્રગટતી નથી. ઊંડું ચિંતન, સતત પુરુષાર્થ અને વૈશ્વિક શક્તિ તેમ જ એના હેતુઓના આકલન દ્વારા વૈશ્વિક જ્ઞાનસ્રોતોના પ્રમાણમાં મનુષ્ય મગજની મર્યાદાનું દર્શન થાય છે. ભલે એ પણ એક સત્ય છે કે મનુષ્ય બ્રહ્મનો એક અંશ છે.

વિશ્વભરની પ્રાચીન પૌરાણિક કથાઓમાં દેવ, દેવીઓ, મનુષ્ય, પ્રાણીઓ અને સૃષ્ટિ સમસ્તની ઉત્પત્તિની વિવિધ કથાઓ મળે છે.

આપણી પૃથ્વી ઉપર એવાં અનેક પ્રાણીઓ છે. જેઓ જન્મ અને મરણ વચ્ચેની ટૂંકી અવધીમાં પોતાની જન્મજાત વૃત્તિઓ સંતોષવા પ્રયત્ન કરે છે.

અન્ય પ્રાણીસૃષ્ટિ કરતાં મનુષ્ય પાસે વધુ તર્ક અને બુદ્ધિ હોવાથી સર્વશ્રેષ્ઠ છે એવું તર્કબદ્ધ રીતે સાબિત થઈ શકે. આ આજની માત્ર નહીં પણ પરાપૂર્વથી ચાલી આવતી વાત છે અને મનુષ્ય બુદ્ધિક્ષમતાની આ સર્વોપરિતા આ પૃથ્વીના અસ્તિત્વ સુધી ટકી રહેશે એવું કહી શકાય.

અધ્યાત્મવિદ્યા એક અદૃશ્ય ચૈતન્યની ક્રિયાશીલ પ્રવૃત્તિની અવધારણા છે. જે ક્રિયારૂપ બને છે, ક્રિયા માટે નિમિત્ત બને છે, અક્રિયા માટે પણ નિમિત્ત બને છે, સંચારિત કરે છે, સ્ફુરિત થાય છે અને એ રીતે મૂળભૂત દ્રવ્યોનું સર્જન કરે છે. આ મૂળભૂત દ્રવ્યો યોગ્ય સંલગ્નિત ક્ષેત્ર સાથે સંયોજાઈને દશ્યમાન સૃષ્ટિનું સર્જન કરે છે. આત્માના પ્રાથમિક અધિષ્ઠાનનું આ દ્વિતીય ચરણ છે.

આકાશ એની ક્રિયાશીલતા અને પરિણામ સ્વરૂપ ઉત્પન્ન થયેલાં ક્ષેત્ર અને શક્તિ સિવાય બ્રહ્માંડનું કોઈ અસ્તિત્વ નથી. જળાશયમાં નાની અમથી કાંકરીથી એની સપાટી ઉપર તરંગો ઉત્પન્ન થાય છે અને ફેલાય છે. એ જ રીતે મગજમાં ચાલતી ગતિવિધિઓને લીધે ઊભા થયેલા તરંગો સૃષ્ટિ સમસ્તમાં ફેલાય છે. એટલું જ નહીં પણ જીવસૃષ્ટિના જાગૃત મન ઉપર એની અસર પણ થાય છે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

કેલેન્ડર

☐ પારુલ કંદર્પ દેસાઈ

એ છે એની જગ્યાએ
અડીખમ.
તિથિ, તારીખ, તહેવાર, ચોઘડિયાં
ને ત્રણેય કાળને સમાવીને
કેલેન્ડર.

એક સમય એવો હતો
મને એની કોઈ પરવા નહોતી
પણ પછી
દર મહિને જોવાતી થઈ તારીખો
ગાઢ સંબંધ બંધાયો તેની સાથે.
પછી તો દરેક પડાવે
લેખાંજોખાં કરતું સાથે ને સાથે.

એ જડ નથી, નિર્જીવ નથી.
એ જોયા કરે છે મને
રાખે છે હિસાબ મારી ક્ષણેક્ષણનો.
એ મિત્ર છે અને શત્રુ પણ.

ક્યારેક અટકી જાય છે સૂરજ
પોતાના સાતે ય અશ્વો સમેત
એ કાળા ચોકઠામાં.
ક્યારેક ચાંદો આખી રાત જાગે છે
મટકું ય માર્યા વિના.

થાય છે કે
સ્ટેચ્યુ કહી દઉં એને
કે પછી ઊલટાવી દઉં એનાં
બધાં પાનાંને
ને પહોંચી જાઉં
સમયની પેલે પાર.

સહયાત્રી

☐ મનીષા જોષી

એ રોજ આ ભીડ-ભાડ ભરી ટ્રેનમાં પ્રવેશતી
અને ખૂણાની એક સીટ પર બેસીને
કોઈ ને કોઈ પુસ્તક વાંચતી રહેતી.
પૂરા મહિનાની ગર્ભવતી હતી એ.
પછી થોડા મહિના એ ન દેખાઈ ટ્રેનમાં
અને હવે ફરી હું એને જોઉં છું રોજ
લોકો વચ્ચે ઊભેલી, એકાકી.
નવા મુસાફરો નથી જાણતા એ રહસ્ય
જે હું જાણું છું, કે થોડા મહિના અગાઉ
ગર્ભવતી હતી એ સ્ત્રી.
એને પુત્ર અવતર્યો કે પુત્રી
કે પછી હતી એ કસુવાવડ
એ જાણવું જરૂરી નથી મારા માટે.
ગર્ભનાં રહસ્યો જળવાઈ રહે છે
રોજની મુસાફરીનાં અનેક રહસ્યો વચ્ચે.

એક રહસ્ય પાંગરી રહ્યું છે અમારી વચ્ચે પણ
આ ટ્રેનમાં સહપ્રવાસી બનીને.
ક્યારેક અનાયાસ મળી જતી આંખોમાં
ક્યારેક અકારણ અડકી જતા હાથમાં
તો ક્યારેક લાંબા-લાંબા, ખાલી-ખાલી પ્લેટફૉર્મ પરથી
ટ્રેનના પાટા વચ્ચે કૂદી પડતા પગમાં.
જન્મ આપીને ખાલી થઈ ગયેલી એ સ્ત્રી
ટ્રેનમાંથી ઊતરતા પ્રવાસીઓની પીઠને
તાકી રહે છે, છેક સુધી
ને હું જોઈ રહું છું, વળી-વળીને
પસાર થઈ જઈ રહેલા સ્ટેશન તરફ
જે અંતે બની જાય છે, પ્રકાશનું એક નાનું ટપકું
ને ડૂબી જાય છે એમાં ટ્રેનના સૌ ઉતારુઓ.
બાકી રહે છે, હું
અને એ એક સ્ત્રી
સદાયની ગર્ભવતી.

ચાર ગઝલ

☐ હેમંત ધોરડા

તને શું એમ લાગે છે કે કોઈ આવશે તને બચાવશે
શું મૂકશે તારાં મીંડાં હારમાં ને પોતે ડાબે એકડો થશે

કણસલું તું સૂકાયેલું શું જોઈને જુએ છે આવું સોણલું
ફરીથી ચાસ કોઈ પાડશે એમાં તને ફરીથી વાવશે

તું મુઠ્ઠી ઘાસ ફૂંકાતા પવનમાં કોણ પૂછે ગાછે કંઈ તને
સ્મરણમાંથીય ઉખડેલો કોઈ તારો અતો પતો શું રાખશે

શબદ તો ખોખલાના ખોખલા છે તારા ખાલીખમના ખાલીખમ
તું કોની પાસે આખી જિંદગી એમાં અરથ બરથ ભરાવશે

લખે તું હૂંડી ને કોઈ એ સ્વીકારી લે ચૂકવી દે રોકડા
તું બસ આવા ને આવા શ્વાસ લઈ જીવ્યો છે જીવે છે ને જીવશે

(છંદવિધાન: લગાગાગા લગાગાગા લગાગાગા લગાલગા લગાલગા)

અશા કે કશાનો કદીકે તો થોડોઘણો કાળ હોય
લીલાછમ્મ ઘરમાં ય એકાદ ખૂણો તો રેતાળ હોય

અતા ને પતા કેટલીયે સુવાસોના બહુ સાચવ્યા
કદી ક્યાંક ખોવાઈ એ મહેકની ના કશે ભાળ હોય

કદી એક સમથળ સમય પર પડે બે'ક ખાબોચિયાં
સુઘડ સાફ પટ પર એ ખાબોચિયાં પાછાં મટિયાળ હોય

કદી એક વખત આરસીમાં કરચલી પડી તે પડી
પછી મુખની વર્ષો લગી લાખ છો આળ પંપાળ હોય

બગીચાને સીંચ્યો હો એવો કે કાંટા ય કૂણા ફૂટે
બરડ થઈ ગયેલી કદી એક કે બે કે ત્રણ ડાળ હોય

(છંદવિધાન: લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગા)

લોંદા જેવા ઢેરઢગલા થઈ પડેલાં મારાં વરસોનાં વરસ
કેમ કરતાં સેરવું આમાંથી ક્યારે કોરો કડકડતો દિવસ

શણના જર્જર કોથળા શી ગૂંચિયાળી રાતો વીતે શી રીતે
છિન્ન તાણા ભિન્ન વાણા વચવચાળે શું અરસ કે શું પરસ

ટેરવાં તો ટેરવાં આ તો સ્મરણ પણ પથરા જેવું દાબે છે
પાછી દુ:ખતી નસની અડખે દુ:ખતી નસ ને પાછી પડખે દુ:ખતી નસ

મોંઘા મોંઘેરા પરસ કંઈ કેટલાયે કયાંય ખોવાઈ ગયા
ચામડી ખાલી પટારા શી રહી ગઈ એકલી એકલ જણસ

પાનખર આવી તો ક્યાંથી આવી કેવી આવી બારે માસની
ક્યાં હવે ફોરમ ને ધોળા શ્વાસો વચ્ચે કંઈ ગુલાબી સંતલસ

શિયાળુ રાતે જેમ ડોલમાં પાણી ટાઢુંબોળ શબદ કંઈ એવા તારા
નવશેકી ગપસપમાં પાછા આપણે ક્યારે કરશું છબછબછબ છબછબિયાં

આ બાફેલા બટાકા જેવી મોળી સાંજો ગળે ડચૂરા જેમ અટકતી
ગટક ગટક પીવા છે પાછા કાચી કેરીનું શરબત શા ગામ ગપાટા

અંત આપણી અમથી વાતોનો આવ્યો ત્યાં પૂરું થયું એક રસાળ પ્રકરણ
ચલાવીએ આગળ એ પ્રકરણ તુંય પકડ લે પૂરી થયેલી વાતના કેડા

તારું પગલું ઉત્તરમાં દક્ષિણમાં પગલું મારું વચ્ચે રણ લંબાયું
બે પગલાંની વાત છે વળીએ ચાલને ભરીએ બસ બે પગલાં સામસામાં

વહેલેમોડે સાંકડે માંકડે પસાર થાવા સોયનું નાકું પણ પૂરતું છે
આ તે કેવા આપણે ખુલ્લા દરવાજાની બે બાજુ ઊભા તે ઊભા

(છંદવિધાન: પંચગણ કટાવ)

ગઝલ

☐ દક્ષેશ પ્રજાપતિ

નિશાનબાજનું બહુ ઊંચું નિશાન છે;
પંખી નથી નિશાન અહીં, આસમાન છે.

રણની તરફ ઉડાન ભરે જે કબૂતરો;
એવાં કબૂતરોમાં કહો કોની જાન છે?

જ્યોતિષ નામચીન છે તારા શહેરના;
મારા શહેરમાં અરીસાની દુકાન છે.

આંધી બધું વિનાશ કરી ક્યાં જતી રહી?
છાતી બતાવી ઊભું ફૂલોનું મકાન છે.

તારા મહીં કુરાન નથી ને તું કહ્યાં કરે;
બસ સાત આસમાન સુધીની ઉડાન છે.

આશ્ચર્યની જ વાત છે, તરસથી મરી ગયો;
અમૃત ભર્યા ઘડાનો જે નિગેહબાન છે.

વહેવું...

☐ યોસેફ મેકવાન

સરલ વાદળ સરખું...
નિજને
કશી ન હાણ કરી
અન્યને
બસ... સુગંધ સમ પ્રસરવું...
ભૂરાશ પડતું
રૂપ
લાલાશ પડતું કરવું
જેમ બિંબનું જલ પર તરવું હળવું... હળવું...
એમ વહેવું
જે સ્પર્શે તે સર્વને
વ્હાલ ધરવું
બસ વહેવું... વહેવું...
સરલ વાદળ સરખું
શ્વાસની આવન-જાવનનું અનુભવવું...
કેવળ અનુભવવું... વહેવું...

હું અને મારું ઘર

□ અશ્વિની બાપટ

મારું ઘર મારા વિષે બધું જ જાણે છે
ઘરમાં હું વધુ કરીને એક ભૂખ્યું, થાકેલું શરીર થઈને
આવતી હોઉં છું
તેથી મારા ઘરને હું એ રીતે નથી મળતી
જે રીતે હું બીજાઓનાં ઘરને મળતી હોઉં
અન્ય ઘરોને હું બારીકાઈથી જોતી હોઉં
તેમનાં વિષે મત પણ બાંધતી હોઉં
મારા ઘર સામે તો જાણે જોતી ય નથી
છતાં મારું ઘર મારા વિષે બધું જ જાણે છે
તેવું સુપ્ત જ્ઞાન મને છે

ઘરમાં હું જે કંઈ કરું છું તે બધું તો ખરું જ, પણ
હું બહાર જે કંઈ કરું છું તે સુધ્ધાં
મારી જાણમાં જે કંઈ હું કરું તે તો ખરું જ, પણ
મારી જાણમાં ન હોય તે સુધ્ધાં
મારી ટેવો, મારી નિરાશાઓ, મારી દ્વિધાઓ, મારા સંદેહ,
મારાં આભાસો, સપનાં, સંવેગો-
ગુસ્સો, આક્રંદ
બધું જ
મારું ઘર જાણે છે, વેઠે છે.
મને પોષણ, વિશ્રાંતિ અને સુરક્ષા આપે છે
એમ તો હું પણ વખતોવખત
ઘરની જરૂરિયાતો પૂરી કરતી રહું છું
દા.ત. સામાન ભરવો કે રંગરોગાન કરાવવા
પણ
ઘણું કરીને
હું તાજગી મેળવી નવો દિવસ શરૂ કરવા કામમાં ગૂંથાતી
હોઉં છું
અને થાકું ત્યારે જ પાછી વળતી હોઉં છું
ઘરની સામે જોયા વિના ઘરમાં પ્રવેશતી હોઉં છું

□

અપવાદરૂપ દિવસો આવે
શહેરમાં પૂર આવ્યું હોય,
આતંકી હુમલા થયા હોય
કે મહામારી ફેલાઈ હોય ત્યારે
હું અને મારું ઘર
જુદી રીતે જોડાઈએ
હું નિરાંતમાં હોઉં
ઘરની કોઈ ખાસ જરૂરિયાત ન હોય
અને મારી પણ નહીં
ત્યારે બારણાં વાસીને
બારીઓ ભીડીને
માત્ર ઘરની ભીંતો સાથે જોડાઈ
પોતાનાં વિષે જાણવા ઉત્સુક હોઉં
મારું ઘર મારા વિષે બધું જ જાણે છે તેથી

□

મારા ઘરની ભીંતો
મારાં એકાંતની બાયંધરી આપે છે
જેથી હું તેને આલિંગી શકું,
જેથી હું તેનું કહેવું સાંભળી શકું.

પણ
બારણાં વાસી દઈને પણ
અને પોતાનાં વિષે જાણવાની ઉત્કંઠા હોવા
છતાં ય
મારા ઘરની ભીંતોથી
હું છેટી રહી જાઉં છું
હું વહેંચાઈ જાઉં છું
ઘરમાં લાવી મૂકેલી અનેક વસ્તુઓમાં:
દા.ત. પુસ્તકો, કમ્પ્યુટર, ટેલિફોન
હું વિસ્તરી જાઉં છું સામાજિક માધ્યમોમાં
સાચી-ખોટી,
ને છિન્ન વિખેરાઈ જઈ
ઘર પાસે માત્ર શરીર થઈને આવું છું
ભૂખ અને થાક લઈને
તેની સામે જોયા વિના
પોષણ અને વિશ્રાંતિ મેળવી લઉં છું

□

મારું ઘર જ
મને અક્ષુણ્ણ એકાંત આપી શકે છે
કારણ કે આ દુનિયામાં
માત્ર મારું ઘર જ મારા વિષે બધું જ જાણે છે
હું મારા વિષે જેટલું જાણું તે કંઈ
મારા વિષે બધું જ નથી તેનું જ્ઞાન તો મને છે.

□

મારું ઘર
મારા એકાન્તને
એક બીની જેમ સાચવે છે
તેમાં હું શુદ્ધ સ્વરૂપે છું
અને હું કાયમ ટકી રહીશ.

અને અંચળો ઉતાર્યો

☐ આશુતોષ આપટે ☐ અનુ.: ઉષા શેઠ

મેસેંજર પર સવારે સવારે
એક છોકરીએ કહ્યું મને
સર તમે જ મારી પ્રેરણા છો
તમે મારા આઇડોલ છો
અને તમે મને મળ્યા એટલે,
તમારે લીધે જ હું કલાક્ષેત્રમાં આવી
વગેરે...
શબ્દો એકદમ આ જ નહિ
પણ એમાં તલભરનો ફરક નહિ.

બાપ રે!
ક્ષણભર હું હવામાં જ ઊછળ્યો
મુઠ્ઠીભર નહિ, ખાસ્સી કિલોભર ચરબી ચઢી શરીર પર
ફુલાઈને ફાળકો થયો
કેવો ગ્રેટ જણાતો હતો હું મને પોતાને
મોબાઈલ પર સેલ્ફી લેવો જોઈએ
વિચારકના પોઝમાં

પણ
આંગણાંમાં હતો
તેવામાં જ વરસાદનું ઝાપટું આવ્યું
એવો જ અંદર ગયો
વિચાર્યું આપણા સાહેબ માટે
એક ચહા તો બનાવવી જ રહી!
ભીના પગ ઘરમાં કેવી રીતે લઈ જવાય
એટલે પગ લૂછવા ગયો
ત્યારે ધ્યાનમાં આવ્યું
માટી ચોંટી છે પગને
ઘસી ઘસીને પણ કાદવ પૂરો નીકળે નહિ

દેવે દીધો ફૂલદડૂલો

☐ પંચમ શુક્લ

તાળી-થાળી, દીવા, ફૂલો
ચંદન અર્ચી ખાટે ઝૂલો.

ધરજો એને શિર આંખો પર,
દેવે દીધો ફૂલદડૂલો.

મયદાનવ દત્ત મ્હેલ મળ્યો છે,
જળ-થળના વરતારા ડૂલો.

પલંગ ફરતા નવગ્રહ ઘૂમે,
કાળગણનની કુટેવ ભૂલો.

દ્વાર, દિશાઓ છો ના ખૂલે,
લેપટોપ પર બારી ખૂલો.

ત્યારે ધ્યાનમાં આવ્યું
પૂરેપૂરો હું જ બન્યો છું માટીનો
પછી શું
સારું થયું વખતસર નીચે આવ્યો હવામાંથી
આ દૈવી વરસાદ આભ ભરીને જામેલો
પાછો નીચે આવે જ છેને
તો પછી મારી પાંચ ફૂટ છ ઇંચની શી વિસાત
બે ફૂટથી ઉપર કૂદકો યે નથી પહોંચતો.

જમીન પર આવ્યો જ છું તો લાવ
ફક્કડ કડક ચહા તો બનાવું
એમ કહી ગેસ પેટવવા ગયો
પણ અમારાં દિવ્ય ચક્ષુને
લાઈટર મળે તો ને?
જવા દે, માચીસથી કામ ચલાવીએ
એમાં વળી વરસાદમાં ભેજ લાગેલું માચીસ
લીધું માચીસ, ઘસી કપડા પર
અને એક પછી એક
દસ બાર કાંડી બગાડી
પેટ્યો છેવટે ગેસ
ગેસની ભૂરી જ્વાળા પ્રગટી
તે સાથે મારા ભેજામાં પણ
દીપ પ્રજ્વલિત થયો
હાયલ્યા, પહેલાંની દસ-બાર કાંડી જેવી જ
આ પણ એક કાંડી
એમાં વિશેષ વળી શું?
ફક્ત વખતસર એ પેટી એટલું જ
હં
ખૂબ સારું લાગ્યું.
ફોગટની મગજમાં મોટાઈની કાંડીઓ બગાડવાની
પાછો બાકસમાં જઈને બેઠો
ચહા પીતાં પીતાં
કાઢ્યો બહાર મોબાઈલ
અને કર્યો મેસેજ તાબડતોબ
''અરે ત્યારે હું મળ્યો
હું ન હોત તો બીજું કોઈ મળ્યું હોત
હું નિમિત્ત થયો એટલું જ
બાકી કલાબલાની વાત, તારામાં જ હતી
તે તેં નિષ્ઠાથી વિકસાવી
એક કાંડી હવાઈ ગઈ
લાઈટર ખોવાઈ જાય તોયે
કોઈને કોઈ તણખાથી ગેસ સળગે જ છે.

હાશ!
કેટલી રાહત થઈ
મોટાઈના અંચળાનું વજન જ બહુ હોય છે
સામેનો આદરપૂર્વક નમે યા ન નમે
પણ મોટાઈના ભારથી
અંચળો ઓઢનારો ફોગટનો દબાઈ જાય છે.

નંદિગ્રામ

નંદિગ્રામ

ફોન : (02632) ~~267245~~
(02632) ~~267594~~ 291245

ધરમપુર રોડ, પોસ્ટ : વાંકલ, જિ. વલસાડ
પિન - 396007 ગુજરાત 2727581648

30/6/17

પ્રિય દીપકભાઈ,

હરિ ૐ

એક વાર મેં તમને પૂછેલું [illegible]ભાઈની ચિરવિદાય પછી તમે ન.સ.માં લખેલું તે વાંચીને — મારા ગયા પછી તમે શું લખશો

તમે કહ્યું — તે વખતે ખાલી કાગળમાં હશે તેવું બને.

મેં મારા એ 'શુભ પ્રસંગ'ની અનુભૂતિને કાગળ લખ્યું છે. એ મારા ગયા પછી તમે પ્રગટ કરી શકો. આભાર ને સ્નેહ

[illegible] છું ને રાત
રાતે, 'મને [illegible] ન [illegible] જોઉં'
એવો પ્રયાસ કરીને સૂઈ
જાઉં છું.
એ આ દિવસ (ને રાત) ની
[illegible]
[illegible]

[illegible]
સંભળાય છે [illegible]
થઈ છે. એમને એ [illegible] જઈ
દૂર કરી છે. [illegible] આ [illegible]
ગમ્યું છે. [illegible]
રાખજો, '[illegible] કોઈ પાસે [illegible]'
એટલું સમજવાનો! મારા [illegible]
પણ [illegible] આ [illegible] માં પ્રગટ
થઈ શકતા

[illegible]

હૃદયના
વધી રહેલા ધબકારાને
ધીરે ધીરે શમી જવા દો
ગતિ નાડીની
મંદ થવા દો
બંધ થવા દો
મને મૌનમાં સરી જવા દો
શાથી માન્યું ક્યાંક મને છે
ડર- ઉંબરને ઓળંગવાનો
અંધકારમાં ડૂબી જવાનો?

હું તો ખૂબ રાજી છું

ઉત્સુકતાથી વાટ જોઉં છું

પ્રવાસ હવે પૂરો થયો છે;
યાત્રાનો આવ્યો છે અંત.
કશી ઉતાવળ નથી
હૃદયને રંજ નથી
રાહ જોઉં છુંઃ ઉંબર પરના
જીવન-મૃત્યુના આલિંગનની
અંતિમ પળની સુવર્ણ ક્ષણને

એની સંગે
જરીક મનને રમી લેવા દો
ધીરે ધીરે વિરમવા દો
વિરમી જવા દો

અજ્ઞાતના અદ્ભુત પ્રદેશમાં
સુખ-શાંતિથી વીંટળાઈને

મને જવા દો



તમને સહુને વહાલ ધરીને
હૃદયમાં સૌનો પ્રેમ ભરીને

આ સુંદર નભ પૃથ્વીને
વૃક્ષ પાંદ ઝરણાંને
સૂરજને ચાંદાને
છેલ્લી વેળા પ્રણામ કરી લઉં
'પરમ સમીપે' મને જવા દો
મહામૌનમાં સરી જવા દો
મહામૌનમાં સરી જવા દો

ઈશા-કુન્દનિકા



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૭ (કોવિડ ૧૯)

☐ ડૉ. સેજલ સંઘવી

પ્રકૃતિમાં ઘટતી ઘટના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ સ્તર પર એટલે કે ભૌતિક, દૈવિક અને આધ્યાત્મિક સ્તર પર ઘટે છે ત્યારે એની પાછળ એનો સ્પષ્ટ ઉદ્દેશ્ય હોય છે અને એ છે એનું મનુષ્યદેહમાં પ્રગટ થવું. આ ઉત્ક્રાંતિ લાવવા માટે, ઘટવા માટે ત્રણેય જગત પર ફેરફારો જે પ્રમાણે આવશ્યક હોય છે, તેમ ઘટે છે.

હાલની પરિસ્થિતિમાં કોવિડ-૧૯ એ એક પ્રકારના અતિ સૂક્ષ્મ જંતુઓએ ફેલાવેલો પ્રબળભય છે.

ભૌતિક સ્તર પર ઘટતી કોઈપણ ઘટના પહેલાં સૂક્ષ્મ સ્તર પર ઘટતી હોય છે, સ્વરૂપ ધારણ કરે છે અને પછી એ કાળક્રમે સમય પ્રમાણે સ્થૂળમાં દૃશ્યમાન થાય છે. કોવિડ-૧૯ જેવી મહામારીમાં રોગ સામે ત્રણ પાયા પર ઊભેલી મનુષ્યની ચેતના જ લડીને એને મહાત આપી શકે છે. એટલે ત્રણેય પાયા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણનું સમ અવસ્થામાં જાગૃત અને ચેતનવંત રહેવું જરૂરી છે.

આપણે ત્રણેય સ્તર પર શું કરવું જોઈએ તો Quantum jump (હનુમાન કૂદકો) મારી શકીએ એટલી ચેતનાને ઊંચી પહોંચાડી શકીએ? કુદરતે સર્જેલી આ મહામારીની સ્થિતિમાં સ્વ અસ્તિત્વમાં લય પામીને મનુષ્ય જીવનનો મૂળભૂત હેતુ સિદ્ધ કરીએ.

હવે આપણે આ કોવિડ-૧૯ના ભયને ત્રણેય સ્તર પર જોઈએ. સ્થૂળમાં એણે એક પ્રકારની જાગૃતિ ઊભી કરી છે. જીવન પ્રત્યેનો અભિગમ, દૃષ્ટિકોણ બહિર્મુખીમાંથી અંતર્મુખી કરી રહ્યો છે. જે દ્વારા જે તે મનુષ્ય, બીજા મનુષ્ય કરતાં ઓછી રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે તેમ જણાય છે. સૂક્ષ્મમાં એ ચેતનાને ઝંઝોરે છે અને પોતાની અશક્તિ વિષે જાગૃત કરે છે. કારણ સ્તર પર આ મહામારી થવાનું કારણ એ

ઉત્ક્રાંતિ માટેનો સંદેશ છે. એ માટે મનુષ્યે સ્થૂળ, સૂક્ષ્મ અને પછી કારણ એવા સ્વ -અસ્તિત્વનો બોધ પામવો જરૂરી છે. અને આ પમાય છે પોઝ (pause)માં. કોઈ અવિરત ચાલતી ક્રિયાની વચ્ચેના પોઝમાં (બે ક્રિયા વચ્ચેના સમયમાં) અને એટલે જ આ પોઝ - સ્થિરતાનાં સમયમાં જાગૃત ચેતના સાથે ઉત્ક્રાંત થવાનો આ સમય છે.

આ પરિસ્થિતિ જેમ આગળ જણાવ્યું તેમ ચેતનાને જગાડવાની અને પ્રકૃતિના નિયમો સાથે તાલમેલ સાધવાની છે. વ્યક્તિ પૂર્ણ રીતે અંતર્મુખી બને. ધાતુ શોધનની ક્રિયાઓને મહત્ત્વ આપતાં, આવી મહામારી સામે સ્વકલ્યાણ અને આત્મસ્વરૂપ પામવા માટે સમયનો સદુપયોગ કરી શકે છે.

સ્થૂળ શરીરની સમ અવસ્થા સૌ કોઈ જાણીએ છીએ. શરીરના ત્રણ દોષો કફ, પિત્ત અને વાયુ, સાત ધાતુઓ અને ત્રણ મળ એ સમ અવસ્થામાં રહે તો શરીરની સ્વસ્થતા જળવાય છે. હોમિયોપેથી પ્રમાણે vital force એટલે કે પ્રાણશક્તિનો પુરવઠો જળવાઈ રહે તો શરીર સ્વસ્થ રહે છે. પેથી કે પંથ કોઈપણ હોય, મૂળભૂત હેતુ સ્વસ્થ શરીર છે.

તો આ સમયે સમશરીર કેળવાય તે માટે આહારમાં આવશ્યક ફેરફાર કરવા જોઈએ. રોગ પ્રતિકારક શક્તિ વધે એ પ્રમાણે પ્રત્યેક પદાર્થનું તેના ગુણધર્મ પ્રમાણે સેવન કરવું જોઈએ. સતત જાગૃતિ કેળવવી જોઈએ કે શું તે ધાતુઓને પૂર્ણતયા પોષે છે? અથવા પોષણમાં અવરોધ ક્યાં ઊભો થાય છે?

આહાર - ભોજનમાં ત્રણ મુખ્ય ગુણો છે. તૃપ્તિ, ક્ષુધાનિવૃત્તિ અને પુષ્ટિ. પુષ્ટિ તરફ વધારે જાગૃતિ નથી. સ્થૂળ શરીર માટે મારી દૃષ્ટિએ નાગરવેલનાં પાન, તુલસીનાં બી, આદુ અને સાત્ત્વિક ગોળ ઉપયોગી થાય. શરીર છ રસને આધારે ટક્યું છે એટલે આ છ રસના ગુણધર્મ ધરાવતો કાઢો, પીણું ઉપયોગમાં લેવું જોઈએ. આહારમાં અનુક્રમે ખારો, ખાટો, ગળ્યો, તીખો એમ રસથી શરૂ કરી અંતે તૂરા અથવા કડવા રસનું સેવન કરવું જોઈએ. આ ધાતુઓની પુષ્ટિમાં, આહારના પાચનમાં અને રસ ધારણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. રસ ધારણ કરવાની આ ક્રમશઃ ક્રિયાથી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર યોગ્ય રીતે પોષાય છે.

આહાર-વિહાર, આચાર-વિચાર પરત્વે માત્ર બૌદ્ધિક નહીં પરંતુ સંવેદનસભર સંવાદ સાધતાં સાધતાં કાર્ય કરવું. જીવનની દરેક ક્રિયા, પળ, શ્વાસ બોધ પ્રત્યેની જાગૃતિ સાથે થાય તો એ દુર્લભ પરિણામો આપે છે.

સૂક્ષ્મ શરીર, આધિ દૈવિક શરીર મારી ચેતનાને પોષે છે? મારું અંતઃકરણ શું કરું તો એ શુદ્ધ ચેતનાને પોષે? મારી એ શુદ્ધ ચેતના વડે મારું સ્થૂળ શરીર પણ

પોષાય?

ચેતનામાં મલિનતા હોય તો એ સ્થૂળ અને સૂક્ષ્મને પોષે એમાં પણ મલિનતાનો પાસ હાજર હશે.

સૂક્ષ્મમાં એ ચેતનાને ઝંઝોરીને જીવનના મૂળ ઉદ્દેશ્ય પ્રત્યે જાગૃત કરે છે. જીવનની અલ્પતા અને જીવની પોતાની અશક્તિ વિશે સભાન કરે છે. જીવ આના ઝટકાથી સ્વ પ્રત્યે જાગૃત થાય છે. જીવનના ઉદ્દેશ્ય માટે અભિમુખ થાય છે. પ્રશ્ન થાય છે કે અલ્પ અને અનિશ્ચિત એવા જીવનનો મૂળ ઉદ્દેશ્ય શું? આ સર્વ કાંઈ પ્રશ્નોનો ઉત્તર અંતર્મુખી થયા પછી જ મળે છે.

દરેક પદાર્થને પોતાનો ગુણધર્મ અને પોતાની ઊર્જા છે. એટલે અત્યારની પરિસ્થિતિમાં આપણા શરીરમાં ઊર્જાને સંગ્રહિત કરે, શુદ્ધ રાખે એવા પદાર્થોનું સેવન કરવું હિતાવહ છે. બાહ્ય રીતે એનો ઉપયોગ પણ એવી જ રીતે કરવો જોઈએ.

ઉત્ક્રાંતિની ક્રિયામાં, સ્વઅસ્તિત્વને પામવામાં વડનાં મૂળના ઉપયોગની વાત જાણવા જેવી છે. વડનું ઝાડ સ્વતઃ એક પૂર્ણતાનું પ્રતીક છે, એક પૂર્ણ વૃક્ષ છે. વડના ઝાડમાંથી વડવાઈઓ પાછી જમીનમાં પ્રવેશીને ફરી વૃક્ષને જન્મ આપે છે. એ રીતે પૂર્ણતાનો ક્રમ અહીં જળવાય છે. જ્યાંથી શરૂ થાય છે ત્યાં પાછું આવીને સ્થિર થાય છે. એક ચક્ર ત્યાં પૂરું થાય છે. આવા પૂર્ણ વૃક્ષનાં મૂળિયાંને આપણે એના ગુણધર્મ પ્રમાણે ઉપયોગમાં લઈશું.

બીજું વડ સ્થિરતાનું પ્રતીક છે. એ અચળ રહે છે, બહારની પરિસ્થિતિઓ સામે ઝૂકતું નથી એટલે જ સાધનાની સ્થિરતામાં પરમ તત્ત્વ સાથે અભિમુખ થવાની ઝંખનામાં નાભિ આગળ આનો લેપ સ્થિરતા બક્ષે છે. એવી જ રીતે તળિયામાં આનો લેપ લગાડીને પદ્માસન કે સુખાસન કે વજ્રાસનમાં મૂળની ઊર્જા, વ્યક્તિની ઊર્જા સાથે સંવાદ સાધી સત્ત્વને સ્થિર કરી, એને કેળવવામાં મદદ કરે છે.

કારણ શરીર માટે સ્વ સાથેની પૂર્ણ સંવાદિતતા કેળવતી જવી. કોઈપણ ક્રિયા અને કાર્યના ઉદ્‌ભવ પહેલાં પોતાની જાત સાથે સંવાદ કેળવવો. કારણ સ્તર પર એ વિષેના હેતુ માટે, અને એ હેતુ સિદ્ધ કરવા માટેના આયોજનનો એને બોધ થાય છે. આમ આ ત્રણેય સ્તર પર મનુષ્ય જ્યારે ચિંતન કરવા માટે કાર્યશીલ થાય છે ત્યારે પ્રકૃતિનો મૂળભૂત હેતુ પોષાય છે.

ચેતના એ અનુભૂતિની અવસ્થા છે. સ્વાસ્થ્યની પરિભાષામાં મન અને આત્માની પ્રસન્નતા એ અંતિમ સ્થિતિ છે. ચૈતન્ય દેહમાં છે. જકડાયેલું છે. મુક્ત નથી, સ્વતંત્ર નથી. ચેતના સ્વસ્વરૂપમાં પ્રકાશિત નથી. મનુષ્યએ પોતાના અભિમાનથી, જડતાથી, માન્યતાઓથી એને કેદ કરીને રાખી છે. ચૈતન્ય અનુભવ છે. ઉત્ક્રાંતિ છે. શાશ્વત છે. એના પરમ સ્પર્શ પછી શરીરને રોગ સ્પર્શ થઈ શકતો નથી.

❑❑❑



સમૂહપ્રાર્થનાનું સામર્થ્ય

☐ હોમી દસ્તુર*

સમૂહપ્રાર્થનામાં અદ્ભુત શક્તિ હોય છે. સાચી શ્રદ્ધા સાથે લાખો લોકો દૈવીતત્ત્વને સહાય માટે પ્રાર્થે છે ત્યારે ભગવાન અને ભગવતી માતા તરફથી અવશ્ય આશ્વાસક પ્રતિભાવ મળે છે. આ ઈશ્વરીય ઘટમાળમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

પણ એને માટે સાચી અને અડગ શ્રદ્ધા જરૂરી છે.

અમારા ઝોરોસ્ટ્રિયન ધર્મ પ્રમાણે સમૂહપ્રાર્થના (હમ બંદગી), પ્રાર્થનાની શક્તિ અને ક્ષમતાને અનેકગણી વધારે છે. હિન્દુ, ઇસ્લામ કે ખ્રિસ્તી સહિત વિશ્વના બધા ધર્મો આ સત્ય ઉપર ભાર મૂકે છે. મને અત્યંત આશ્ચર્ય થાય છે કે ધર્મને નામે સ્વાર્થ સાધનારા આપણા શાસક વર્ગને અત્યાર સુધી આવો વિચાર કેમ ન આવ્યો! અત્યાર સુધી હવામાં જયશ્રી રામના નારા ગુંજતા હતા, પણ હવે આપણે આપણા સર્જકને ભૂલીને કોરોનાને વિજ્ઞાન અને બુદ્ધિશક્તિથી હરાવવા નીકળ્યા છીએ! અત્યાર સુધીનાં પરિણામો તો વિપરીત જણાય છે.

વિજ્ઞાન અને આપણી પ્રશાસકીય ક્ષમતા દયાજનક રીતે નિષ્ફળ રહ્યાં છે. કોરોનાને આ ધરતીમાતાના પટ

*ભારતીય વિદ્યા ભવનના એક્ઝિક્યુટિવ સેક્રેટરી

ઉપરથી નાશ કરવા હવે આપણે ઈશ્વર સામે ઘૂંટણીએ પડવાની જરૂર છે. સૌથી અસરકારક રસ્તો સંગઠિત થવાનો છે. એકજૂટ થઈ જો સંપૂર્ણ દેશ ઈશ્વરને અનુનય કરે, પ્રાર્થના કરે તો પરમેશ્વર અવશ્ય રીઝે અને ઘેરાયેલી માનવજાતિનાં દ્વાર ઊઘડે.

આને માટે આપણા કોઈ પણ નેતા, ખાસ તો વડા પ્રધાને દેશને તત્પરતાથી સંબોધવાની જરૂર છે. એમના થાળી, ઘંટનાદ અને દીપ પ્રગટાવવાના જનાદેશને કહે છે કે સારો પ્રતિસાદ મળ્યો. હવે એમણે લોકોને એક સુનિશ્ચિત સમય પર, ધારો કે રવિવાર સવારે 11.00 વાગ્યે સમૂહપ્રાર્થના માટે આહ્‌વાન કરવાની જરૂર છે.

સૌ પ્રથમ, દરેક નાગરિક, માનો કે 10 મિનિટ અથવા એને અનુકૂળ એટલો સમય પોતાના ધર્મની એને ગમતી પ્રાર્થના કરે. ત્યારબાદ એક ચોક્કસ ક્ષણે સર્વ દેશવાસીઓ પોતપોતાની માતૃભાષામાં ભગવાનને અને ભગવતી માતાને આ ભયાનક મહામારી કોરાનાથી વિશ્વને મુક્ત કરવાની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે. સમય હાથમાંથી સરી રહ્યો છે. જો હાલની સ્થિતિ ચાલુ રહેશે તો, ભગવાન માફ કરે પણ કોરોના કરતાં ભૂખથી લોકો વધુ મરશે. ગરીબોની હાડમારી આપણાથી વધુ સહન થઈ શકે એમ નથી.

આ પ્રકારની સમૂહપ્રાર્થના એકથી વધુ વાર થઈ શકે. એને માટેની સચોટ અને પર્યાપ્ત માહિતી પ્રસારણ માધ્યમો દ્વારા સતત લોકો સુધી પહોંચાડી શકાય.

મારું માનો, સમૂહપ્રાર્થનાની આશ્ચર્યજનક અસર થશે અને ગ્રાફ સમથળ થવા માંડશે, નીચે આવશે અને આખરે અદૃશ્ય થશે.

અનિવાર્ય શરત એટલી જ છે કે આ પ્રાર્થના સંપૂર્ણ શ્રદ્ધા અને શુદ્ધ હૃદયપૂર્વક થવી જોઈએ. શંકા અને સંશયને ત્યાં કોઈ સ્થાન નથી. સંશયવાદીઓ આનાથી વિમુખ રહી શકે છે. અનીશ્વરવાદી કહી શકે છેઃ 'હે ભગવાન! જો તમે હો તો અમારી સહાય કરો.'

સત્યનિષ્ઠ પોતાની પ્રાર્થનામાં ઉમેરી શકેઃ 'હે ભગવાન! અમે તમને ખાતરી આપીએ છીએ કે સત્ય, પ્રેમ, કરુણા, ગરીબોની સેવા જેવા માનવીય સદ્‌ગુણો દ્વારા અમે અમારા ચારિત્ર્યને વધુ ઊંચું લઈ જઈશું. અમે પ્રકૃતિનો વિનાશ નહીં કરીએ કે ન તો પર્યાવરણને પ્રદૂષિત કરીશું.'

અહંકાર, અજ્ઞાનતા, રાજકારણ અને શક્તિપ્રદર્શનના કાદવિયા વમળમાંથી બહાર આવીને અચલ શ્રદ્ધાથી ભગવાન તરફ જવાનો આ સમય છે.

હે ભગવાન! કૃપા કરી અમને સાચા અને ખોટાને પારખવાનો વિવેક આપ અને શ્રેય અને પ્રેયમાંથી શ્રેય તરફ લઈ જા.

કરોડોના અંતર્નાદથી થયેલી સમૂહપ્રાર્થના વાઈરસ સામે માણસનો તરણોપાય છે. ❑❑❑



ધોળી ધૂળ

☐ જયંત રાઠોડ

ધ્રાંગધ્રાથી નીકળ્યે અમને કલાકથી વધુ સમય થવા આવ્યો હતો. રસ્તાની એક તરફ ઊભેલી કેટલીક ટ્રકો જોઈ મેં જીપ ઊભી રાખી. વૃંદા ચાની કેબિન જોઈ નીચે ઊતરી પડી. ટ્રકોની બાજુમાં એક તમિલ જણાતો છોકરો કામ કરી રહ્યો હતો. જીપનાં ટાયરોની હવા ચેક કરાવી, હું કેબિન તરફ ગયો. બહાર ડ્રાઈવરોની સાથે ઊભેલી વૃંદા પૂછી રહી હતી -

''બાજુની બધી દુકાનો કેમ બંધ છે? રસ્તામાં પણ આવું જ જોયું.''

એક બોલી ઊઠ્યો -'' ધંધાને લૂણો લાગી ગ્યો!''

''કેમ શું થયું?''

''કો'કની નજર લાગી ગઈ.''

''નજર! કોને લાગી ગઈ? ''

''રણને!''

વૃંદાના ખભા ઊંચકાયા. બે હાથની મુદ્રાએ આશ્ચર્ય દર્શાવ્યું. ડ્રાઈવરે કહ્યું-

''સે'રના માણસને રણની સું ખબર!''

વૃંદાનાં ખેંચાયેલાં ભવાં જોઈ બીજો ડ્રાઈવર બોલ્યો- ''બેન! નઈ નઈ તોય સોથી વધારે ગાડીઓ રોજ ભરાતી. ટ્રેક્ટર, હિટાચી અને લોડરો તો અલગ. બધું ઠપ પડવા આયું.''

ચાવાળો આવીને ડ્રાઈવરોને રકાબી પકડાવતાં બોલ્યો -

''પે'લા શાકભાજી ને દૂધવારા મોળા પડ્યા. પછી કટલેરી ને નાસ્તાની કેબિનોને તાળાં લાગ્યાં.''

ખભે રાખેલા ગમછાથી એણે બે ગ્લાસ સાફ કર્યા. પછી એલ્યુમિનિયમની મોટી કીટલી નમાવી ભર્યા. અમને ગ્લાસ થમાવતાં બોલ્યો -

''રણના રસ્તા પાછા સૂના પડી જશે. મજૂરોના ધાડાં ને ધાડાં પાછાં જાય છે.'' આમ કહેતાં એ કેબિન અંદર ગયો.

મેં એને ઉદ્દેશીને પૂછ્યું -

''તમે કેમ ન ગયા?'' અંદરથી તપેલી લાવી એણે એમાંનું ઘટ્ટ પ્રવાહી નીચે મૂકેલા પતરાના ડબ્બામાં નાખતાં કહ્યું-

''ક્યાં જાઈએ? ઈંયાનું નમક ખાધું છે!''

એક કૂતરાએ આવીને ડબ્બામાં માથું નાખ્યું. ચાવાળો એની ગરદન પસવારવા લાગ્યો. હું એને જોઈ રહ્યો. હોર્ન સાંભળી મારું ધ્યાન ગયું. જીપમાં બેસી ગયેલી વૃંદા ઇશારાથી બોલાવી રહી હતી. અમે પાછી સફર આદરી. જીપને મારી મૂકતાં ઊડેલી ધૂળમાં પાછળ કેબિન અને માણસો ઓઝલ થઈ ગયાં. વૃંદાને મેં કહ્યું -

''જસ્ટ થિંક, સિઝનમાં આજ રસ્તેથી વીસ-પચીસ લાખ ટન મીઠાનું વહન થતું અટકી ગયું તો.....''

''......ખાસ ફરક નહિ પડે! અહીંની ઘટ બીજેથી પુરાઈ જશે. જો, સોલ્ટની ડિમાંડ પૂરવામાં ગુજરાત મોખરે છે, અને રહેશે.''

આમ કહી એણે ઈયર-ફોન ચઢાવ્યા. એનું અર્થશાસ્ત્ર મને સમજાયું નહિ. મારી આંખ સામે હમણાં જ જોયેલા સૂક્કા ચહેરા આવી ગયા. ચાયવાળાના કથનથી જાગેલું વમળ મનમાં વિસ્તરતું જ ગયું.

કોઈ ગામનું પાટિયું પસાર થતું જોઈ મારા વિચારો અટક્યા. વળાંક આવતાં મેં જીપ મુખ્ય રસ્તા ઉપરથી ડાબે વાળી. થોડી વારમાં અમે ગામના તળાવ પાસે આવી પહોંચ્યાં. ચઢતા બપોરનો તાપ આકરો લાગતો હતો. એક ઘટાદાર ઝાડ જોઈ હું એ તરફ હંકારી ગયો. એની નીચે ઊભેલી બકરીઓ આઘીપાછી ન થઈ. ભારે વાહનોથી કદાચ ટેવાઈ ગઈ હશે.

પથ્થરની પાળ વડે રક્ષાયેલું તળાવ

ખાસું મોટું તેમ જ છલોછલ ભરાયેલું હતું. ગળામાં કેમેરો લટકાવી, વૃંદા ઊતરી અને લહેરાતા તળાવને જોતી ઊભી રહી ગઈ. તડકામાં એની આંખ બરાબર ખૂલતી નહોતી. તળાવ વચ્ચેથી દેખાતી દેરી ઉપર એ કેમેરાનો લેન્સ એડજસ્ટ કરવા લાગી. હું તળાવમાં ઊતર્યો. પગથિયાં ગરમ થઈ ગયાં હતાં, છેલ્લા પગથિયે જઈ હું બેસી ગયો. પાળના ઉપરના ભાગ સુધી આવીને તડકો અટકી ગયો હતો. પગથિયાં સાથે અફળાઈને તૂટતી જળની લહેર તરફ મારું ધ્યાન ખેંચાયું. ત્યાં પાદરની સૂમસામ બપોરને ચીરતો કોઈ પક્ષીનો સ્વર ઊઠ્યો. કોલાહલથી ટેવાયેલા મારા કાન માટે આ અનુભવ નવો હતો. હોલાનો અવાજ હોવો જોઈએ એવું અનુમાન કરતાં મેં ઘૂંટણ સુધીના પગ પાણીમાં ડુબાડ્યા. ઠંડક અનુભવાતાં મારી આંખ બંધ થઈ ગઈ. અટકી અટકીને આવતા હોલારવ વચ્ચેના અંતરાલમાં મેં જળ-ધ્વનિ સાંભળવાની મથામણ કરવા માંડી.

વૃંદા ક્યારે આવીને મારી સામે બેસી ગઈ એની સરત ન રહી. સહસા મારી આંખ ખૂલી, એ ટિફિન ખોલીને બેઠી હતી. પેપરડિશ મારી તરફ લંબાવતાં બોલી -

''શું ધ્યાન લાગી ગયું હતું, સલિલ?''

''ના, પણ કેમ લાગે એ આજે સમજાયું.'' એની ચશ્માં વિનાની આંખો જરા પહોળી થઈ, હોઠ વંકાયા. ખાવાની એની રીતભાત જોઈ લાગ્યું, પ્રોજેક્ટ ઇન્ચાર્જ એની એટીકેટ ભૂલી ગઈ હતી.

હું યાદ કરવા લાગ્યો. હાઈકોર્ટની ડબલ બેંચ સામે હાલમાં, મીઠાની જમીનોની લીઝ રદ થવાનો કેસ આવ્યો હતો. અમારા એન.જી.ઓ.માં બીજા સિનિયર લોકો પણ હતા. છતાં આ વિષય ઉપરના પ્રોજેક્ટ માટે વૃન્દાની પસંદગી થઈ. ટૂંક સમયમાં એણે રૂપરેખા ઘડી કાઢી. સમય અને ખર્ચનો અંદાજ માંડ્યો. એક ટીમ બનાવી, એણે કામ શરૂ કરી દીધું. હું લીગલ સેલમાં હતો. કોર્ટકેસની વિગતો એકઠી કરવાનું કામ એણે મને સોંપ્યું. એ વખતે ખબર નહોતી કે આ કામ અર્થે અમદાવાદથી છેક અહીં સુધી લાંબાં થવું પડશે. પોતાની શરતે કામ કરવા માટે એ જાણીતી હતી. એના વિશે હવે હું થોડું વધુ જાણી ચૂક્યો હતો. એણે ઇતિહાસના વિષય સાથે માસ્ટર કર્યું હતું. વેસ્ટર્ન મ્યુઝિક સાંભળવું એને ગમતું.

બેઠાં હતાં ત્યાં હવે તડકો આવતાં અમે ઊઠ્યાં. મેં કાંડા ઘડિયાળ જોતાં કહ્યું - ''નીકળશું?''

વૃંદાને ગામ જોવું હતું. ખાસ કરીને એક દરવાજો. મને એ થોડી ધૂની પણ લાગવા માંડી. અંધારું થશે તો રણમાં

ભટકી જવાશે એની મને ચિંતા હતી. અમે ગામની અંદરથી પસાર થયાં. વસ્તી સાત આઠ હજારથી વધુ નહિ હોય. કાચા રસ્તા, એવા જ કાચાં-પાકાં મકાનો. એક છાપરી નીચે ચા ઊકળતી હતી. પાસેની ભીનાશમાં કૂતરું સૂતું હતું. અંદર એક માણસ છાપું ખોલીને બેઠો હતો. માથે કપડું વીંટતા બીજા માણસે છાપા તરફ ડોક લંબાવી. હોઠો વચ્ચે બીડી ઝુલાવતા કેટલાક વૃદ્ધો વાતોના તડાકા મારી રહ્યા હતા. સ્ત્રીઓ અને બાળકો દેખાયાં નહિ. જડબું હલાવતી ગાય જોઈ. એના મોઢે ચોંટેલી ઝાગ, તડકામાં ચમકતી હતી. દેશનાં હજારો ગામડાં જેવું જ આ ગામ હતું, મને થયું વૃંદાને શું જોવું હશે?

અમે ગામ બહાર આવી ગયાં. વૃંદાએ જીપ ઊભી રખાવી, સામે એક ખંડેર દેખાયું. નીચે ઊતરી એ ખંડેર તરફ જવા લાગી. મને શરીરમાં સુસ્તી ભરાઈ હતી. હું ક-મને એની પાછળ દોરવાયો. એ કહેવા લાગી- ''આ એક દીવાદાંડી હતી.''

હું સાંભળતો ગયો એમ મારી સુસ્તી ઊડવા લાગી. બારમી સદીનો વારસો સાચવીને બેઠેલું આ ગામ, એક સમયનું ધમધમતું બંદર હતું! ગામની ચો-તરફ મજબૂત ગઢની કિલ્લેબંધી હતી. બેજોડ કારીગરીથી શોભતા ચાર દરવાજા હતા. એમાંથી થોડું હજી બચી જવા પામ્યું હતું.

બંદરની સાક્ષી પૂરતી દીવાદાંડીના ભગ્ન અવશેષ સામે હું જોઈ રહ્યો. મીનારનો પાયાથી ઉપરનો થોડો ભાગ બચ્યો હતો. ભાંગી ગયેલી ટોચનો મલબો કદાચ અંદરની બાજુ ધસી પડ્યો હતો. પથ્થરો ખસી જવાથી ચણતરમાં પડેલી તિરાડો વધુ મોટી લાગતી હતી. તિરાડ મારફતે થતી ચકલીઓની અવર-જવરથી અંદર એના માળા હોવાનું અનુમાન થતું હતું. જેની નજર સામેથી દરિયો દૂર ખસી ગયો હતો. બંદર ગાયબ થઈ ગયું હતું. ભાંગી પડેલી દીવાદાંડી તેમ છતાં કોને દિશા બતાવવા મોજુદ હતી! મેં મને જ આવો સવાલ કર્યો.

વૃંદાનું ફોટોશૂટ પૂરું થતાં અમે આગળ ચાલ્યાં. પશ્ચિમ દિશામાં ગામની બરાબર ભાગોળે પહોંચતાં એ દેખાયો! વૃંદાની જેમ મને પણ જેને જોવાની ઉત્સુકતા હતી, એ આ દરવાજો હતો. વૃંદાની કોમેન્ટરી ચાલુ હતી. એ સાંભળીને મારી પથ્થરના અવશેષ તરફ જોવાની દૃષ્ટિમાં એક કોણ ઉમેરાયો. કોઈ પ્રતાપી રાજાના મંત્રીની સૂચના પ્રમાણે અહીં એક સમયે લશ્કરી થાણું સ્થપાયું હશે. એની સુરક્ષા માટે ગઢ ચણવામાં આવ્યો હતો. આજે એનો સાથ છૂટી ગયો છે. પણ ઘાવના નિશાન દરવાજા ઉપર મોજૂદ છે. છતાં એ અડીખમ ઊભો

હતો. સરહદે ઊભા રહેતા સંત્રી જેવો! ગઢના કારીગરો આ ગામડાના હશે, કે બહારથી બોલાવ્યા હશે? દુશ્મનો ચઢાઈ કરવા દરિયાઈ માર્ગે આવતા હશે? નમૂનેદાર દરવાજા પાછળ બીજો કોઈ આશય હશે કે, થાણાની ગુપ્તતા જાળવી રાખવા આમ કરાયું હશે? મારા વિદ્યાર્થી જેવા પ્રશ્નોને કારણે, વૃંદા સાથેનો વાર્તાલાપ રસપ્રદ બનતો ગયો. શિલા નીચે દબાયેલ જીવાશ્મ જેવો ભૂતકાળ ખૂલતો ગયો.

દરવાજાની વજનદાર કમાનો, મજબૂત સ્તંભના સહારે હજુ ટકી રહી હતી. કમાનો પછી, એના ઝરૂખાનું કોતરકામ જોવામાં હું ખોવાયો હતો. ત્યાં વૃંદાએ મારું ધ્યાન દોર્યું. ઝરૂખાની બરાબર નીચે એક તરફ ગણેશની મૂર્તિ હતી. જમણી તરફના સ્તંભ ઉપર ખંડિત થઈ ગયેલી મૂર્તિ ઓળખાતી નહોતી. વૃંદાએ સમજાવ્યું એ ભૈરવની મૂર્તિ હતી. તાંત્રિકો, યોગીઓ અને સિદ્ધોના આરાધક દેવને આવી હાલતમાં જોઈ મને વિચાર આવ્યો, કાળના દેવને સ્વયં કાળ જ ગ્રસી રહ્યો હતો!

અચાનક તેજ પવન ફૂંકાવાથી ધૂળની ડમરી ચઢી. જાણે કાળનો ધુમ્મસી પડદો જરા હલ્યો. એ સાથેજ મારી આંખ સામેનું દૃશ્ય પલટાવા લાગ્યું - ઊછળતો દરિયો દેખાયો. બારામાં લાંગરેલાં વહાણની આકૃતિઓ ઊપસી આવી. ધક્કા ઉપર ગોદી-મજૂરોની હરકત તેજ થઈ ગઈ. લાંબી ખેપ કરી ઊતરી રહેલા ખારવાઓ દેખાયા. વતનની ધરતીને ચૂમીને સ્વજનોને ગળે વળગતા ખારવાઓની આંખોમાં ચઢતી ભરતી પણ દેખાઈ. જકાત ભરી માલ છોડાવવા, ભંડારોમાં કે બીજે ખસેડવા, વાહન ભાડે રાખવા ગુર્જર પ્રદેશના શેઠિયાઓ એના મુનીમો સાથે ઊતરી પડ્યા હતા. માલ-સામાનથી લદાયેલાં ગાડાંઓની હાર બહાર નીકળતી દેખાઈ. મુખ્ય દરવાજા નીચેથી પસાર થઈ, ધીરે ધીરે એ ગઢની પાછળ અદૃશ્ય થઈ ગઈ.

મારી આંખ સામેથી ધુમ્મસનું બંદર લુછાઈ ગયું. ધૂળની ડમરી બેસી જતાં દેખાય એમ સામેનું દૃશ્ય સાફ થયું. ઝળૂંબી રહેલા દરવાજા નીચે હું એકલો ઊભો હતો. વૃંદાને મેં જીપ તરફ જતી જોઈ. સામે ક્ષિતિજ સુધી ફેલાયેલા ખારાપાટ તરફ મેં નજર ખેંચીને જોયા કર્યું. મને થયું, એક સમયના આ દરિયાની છાતી ઉપર સવાર થઈને નિર્વાહ કરી જનારી પ્રજા કેવી હશે? આજે પણ એમની પેઢીને દૂર જવું નથી. ભલે દરિયો દૂર ચાલ્યો ગયો હોય. ખારાપાટમાંથી નમક કાઢવાની ખુમારી જ એમને આ વિષમ પ્રદેશમાં ટકાવી રાખતી હશે. એકાએક મને નાથિયા ડોસાની યાદ આવી ગઈ. અરે! હું એના વતનના દરવાજે આવી

પહોંચ્યો. એણે આમંત્રણ આપતાં કહેલું, એવો એનો 'ઝાંઝવાનો મૂલક' અહીંથી શરૂ થતો હતો.

એકમાત્ર મુલાકાતમાં એ યાદ રહી ગયો હતો. એ દિવસે હું હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે પરિસરમાં કુંડાળું વળીને બેઠેલા ગ્રામીણો જોયા. વાતચીતમાં મેં જાણ્યું કે તેઓ લીઝ રદ થયાના કેસ માટે આવ્યા હતા. એમની વચ્ચે આંખ ઉપર નેજવું કરીને એ બેઠો હતો. બેઠો હોવા છતાં એની ઊંચાઈ ધ્યાન ખેંચતી હતી. ચહેરાની ચુસ્ત રેખાઓ, એના કસાયેલા શરીરની ચાડી ખાતી હતી. એની આંખો ઉપરથી નજર ખસતી નહોતી. દરિયાના પાણી જેવા રંગની એ આંખોમાં સન્નાટો હતો કે અજંપો એ કળાતું નહોતું. મેં નાથિયા ડોસા સાથે વાત કરવાની કોશિશ કરી. એ મારી સામે તાકી રહ્યો. મેં જવા જેવું કર્યું ત્યારે એ બોલ્યો -

''આવા સે'રમાં રે'વાતું હસે?'' મને એના અવાજની રણક સ્પર્શી ગઈ. મેં કહ્યું-

''કેમ? લાખો માણસો રહે છે.''

''ભટકાઈ નથી પડતાં ખટારા જેમ!'' મને હસવું આવ્યું પણ એણે ગંભીરતાથી પૂછ્યું-

''આવડું માણસ રે'છે ક્યાં?''

''સામેની બિલ્ડિંગો જોઈ?'' આંગળીઓ અને અંગૂઠા વડે વર્તુળ બનાવી, આંખ આગળ દૂરબીન જેમ મૂકી એ જોવા લાગ્યો. એની બાજુમાં બેઠેલો યુવાન, જે એનો પુત્ર ભીમો હતો, એણે કહ્યું -

''સામેના ઊંચા ઊંચા ટાવરની વાત કરે છે.''

''એમાં તો જીવ મૂંઝાય નઈ?'' મને ફરી હસતો જોઈ, ઠપકો આપતો હોય એમ બોલ્યો -

''આવડે ઊંચે રે'વાય? પછી પટથી પનારો છૂટી ન જાય?'' હું હસવાનું ભૂલી ગયો. ડોસો કહી રહ્યો હતો -

''કોઈ જનાવરને જોયું છે, આવા ટાવરમાં રે'તું ? ''

''વડીલ! શું થાય. શહેરની વસ્તી, વધતી જ...... '' મારા ખુલાસાને કાપતાં એ બોલ્યો -

''ઈ બધાં આપણા લોભનાં પરિણામ..'' પછી ઊભો થતાં કહેવા લાગ્યો -

''કોક દી' આવો.''

''ક્યાં?''

''મારા ઝાંઝવાના મૂલકમાં!''

કોર્ટ પરિસરમાં નાથિયો અજાણ્યો લાગ્યો હતો. અજાણ્યો અને નિરુપાય - ખોરાકની શોધમાં ગામમાં ઘૂસી આવેલા પ્રાણી જેવો. એના મૂલકનું ખેંચાણ કામ કરી ગયું હતું. મને ભીમાના શબ્દો યાદ આવ્યા - ''ચોમાસામાં ન આવતા. ખારોપાટ પાણીથી ભરાઈ રે'. લોકો રણ કે' પણ ક્યાંક ઝીણી રેત દેખાય એટલું જ. એમાં બાવળ કે ઘાસ

જ ઊગે. દિવાળી પૂરી થયે અવાય. કેટલાય ગાઉ છેટેથી, પંખીઓ પણ ઊડીને આવે ખારાપાટમાં. ઈંડાં મૂકે 'ને બચ્ચાં લઈને પાછાં ઊડી જાય.'' આમ તો ઉનાળામાં અમારું ખેતરનું કામ વધે. પણ તંયે ધોમ ધખતો હોય, સે'રનું માણસ એવડો તાપ જીરવી ન સકે.''

ભીમાને યાદ કરતો હતો ત્યાંજ એનો ફોન આવ્યો. મને આશ્ચર્ય થયું, એ આ ગામમાં જ હતો. આમ તો આજે રાત્રે જ્યાં અમારું રોકાણ હતું, ત્યાં મળવાની વાત થયેલી. થોડી વારમાં એ આવી પહોંચ્યો. એના આવકારમાં કશુંક ખૂટતું લાગ્યું. કારણની જાણ થઈ, ત્યારે એને દિલાસો આપવાનું પણ સૂઝ્યું નહીં. કારણ જ એવું હતું - એના સાથી ધીરુનું ગઈકાલે મોત થઈ ગયું. એના અંતિમસંસ્કાર કરી એ ગામમાં જ રોકાઈ ગયો હતો. આ હકીકત જાણી મેં કહ્યું -

''રોકાવાની જરૂર નહોતી. અમે પહોંચી જાત.''

''મારે પાછું મસાણે જાવું પડે ને.''

''ઓહ! હા, અસ્થિફૂલ માટે.''

''હા. ફૂલ તો ખરાં પણ પગનું ખાસ જોવું પડે...પણ હાલો નીકળીએ.'' એની પગવાળી વાતનો ખુલાસો કરવા હું એને કહું એ પહેલાં વૃંદાએ પૂછ્યું -

''સ્મશાને નથી જાવું ?''

''ગ્યો 'તો. ચિતા પૂરી ઠરી ન'તી, એટલે...''

''નહિ... નહિ પહેલું કામ આ. ચાલો હું આવું સાથે.'' મેં કહ્યું.

''બે જણા છે મસાણે, વાંધો નથી. આપણે નીકળીએ.''

મારા આગ્રહથી અમે બધાં સ્મશાને ગયાં. પથ્થરના થાંભલાને ટેકે ઊભેલી તૂટી ફૂટી છતેડી પાસે સૌ અટક્યાં. પથ્થરો વચ્ચે ઊગેલું ઘાસ સાફ કરેલી સમથળ જગ્યા ઉપર ચિતા ખડકવામાં આવી હતી. થોડે દૂરથી વોકળાનો પાતળો પ્રવાહ વહેતો દેખાયો. રાખમાં ફેરવાઈ ગયેલી ચિતાના શેષને ફેંદતાં બે ડાઘુ બેઠા હતા. બળેલાં હાડકાંના ટુકડા વીણીને તેઓ માટલીમાં મૂકતા જતા હતા. ભીમો પણ એમાં જોડાયો. વૃંદાને ગરમીથી અકળાતી જોઈ અમે છત્તેડી નીચે બેસી ગયાં. મેં કહ્યું -

''આ લોકોને ત્યાં પાસે કોઈ સ્મશાન નહિ હોય.''

''નહિ જ હોય ને.''

મેં કહ્યું - ''અગરિયાના કેટલાક પરિવારમાં શબને દાટવાની પ્રથા છે. તેઓ કદાચ આટલે દૂર નહિ આવતા હોય.''

''શું ખબર.'' વૃંદા માટે ગરમી અસહ્ય થઈ પડી હતી.

ત્યાં ભીમો બોલાવતો હોય એવું લાગ્યું. વૃંદાને બેસી રહેવા દઈ હું ઊઠીને એમની તરફ ગયો. ભીમાએ ઇશારો કરતાં મેં જોયું. નીચે પાથરેલા કંતાન ઉપર મૃતકના અર્ધ બળેલાં

અંગના ભાગ મૂકેલા દેખાયા. આકાર પીંડીથી નીચેના પગનો લાગતો હતો. મેં ધ્યાનથી જોયું, ચામડી અને માંસ બળવાથી અંગૂઠો, આંગળીઓ સાથે ચોંટી ગયો હતો. ગરમ આંચમાં શેકાઈ ગયેલા તળિયામાંથી ઊંડા ઘાવ જેવું નિશાન દેખાતું હતું.

''અમારા પગને બાળતાં આગ પણ ભોંઠી પડે! હવે આને જમીનમાં દાટવા પડસે.'' - ભીમાના શબ્દો, ચિતાની રાખ જેમ ઊડતાં ઊડતાં વોકળાના પાણીમાં વહી ગયા.

અમે ભીમાથી છૂટા પડી નીકળ્યાં ત્યારે સાંજ ઢળી ગઈ હતી. તેઓ ટ્રેક્ટરમાં આવવાના હતા. નાથિયા ડોસાના મૂલકમાં જીપ આગળ ધપી રહી હતી. અમારા ઉપર ધીરુની ઘટનાનું વજન, અંધારા જેમ ઊતરી ચૂક્યું હતું. હવામાં એક એવી ગંધ હતી, જેમાં દરિયા કિનારાની વાસ સાથે ખારાપાટની બાષ્પ ભળી ગઈ હતી. વરસાદી પાણી ચૂસી ગયેલી ક્ષારીય જમીન દિવસભર તપી હશે. છતાં શિયાળા જેવી ઠંડક અનુભવાતી હતી. અંધારામાં મેં વૃંદા સામે જોઈ પૂછ્યું-

''કેમ ચૂપ છે?''

''જોતો નથી અંધારું કેવું ભયંકર છે?''

''આ શહેરનું અંધારું થોડું છે?''

''રસ્તો ભૂલ્યા તો નથી ને?''

''નહિ. પણ મને કહે અહીં રણમાં આવીને તારો રસ કેમ સુકાઈ ગયો?''

''અહીં રસ પડે એવું છે શું?''

''સબરસ!'' એ હસી હોય એવું લાગ્યું. મેં કહ્યું -

''આમ પણ આ વિસ્તારમાં બધાને રસ પડ્યો છે. આબોહવા, વનસ્પતિ, વન્યજીવો, અગરિયા, સંસ્થાઓ અને સરકારને તો છે જ.''

''તારો રસ શેમાં છે?''

જરા વિચારીને મેં કહ્યું - ''પહેલા મને નાથિયામાં રસ જાગ્યો. અહીં આવ્યા પછી એના મૂલકમાં. અને હવે સાથે રહીને જીવવાનો સંઘર્ષ વેઠતાં અહીંનાં દરેક પ્રાણીમાં મારો રસ વધી રહ્યો છે.''

''શું ગાંડા કાઢે છે! તને કાયદાના પ્રશ્નમાં રસ નથી?''

''જોવાનું એ છે કે કાયદાથી અહીંના પ્રશ્નો ઓછા થશે કે ઊલટો એમાં વધારો થશે.''

''એવું તને કેમ લાગે છે?''

''કાયદાથી સમાધાન મળવાને બદલે, આજે પ્રશ્નો ઊલટા જટિલ બનતા જાય છે. તને શું લાગે છે?''

''લાગે છે, આપણો પ્રોજેક્ટ સફળ થશે.''

મારે કહેવું હતું - વરસોથી આ વિસ્તારમાં મીઠું પકાવાય છે. આરક્ષિત જાહેર થયા પછી પણ કેટલાંય વરસ જમીનોની લીઝ રીન્યુ થતી રહી.

હવે એને એકાએક રદ કરવાની ઊભી થયેલી જરૂરિયાત સમજવી. સાથે અગરિયાનો પક્ષ પણ જાણવો. પ્રોજેક્ટના સંદર્ભે આ બાબતોમાં રસ લેવો શું જરૂરી નથી? - પણ મારાથી પુછાઈ ગયું -

''તારે મન પ્રોજેક્ટની સફળતા એટલે શું?''

''આપણા રીપોર્ટનો સ્વીકાર થાય. લોકોમાં વાઈલ્ડ લાઈફ પ્રત્યે અવેરનેસ આવે, સરવાળે આપણી સંસ્થાનું નામ થાય. સિમ્પલ!''

''ઇસ ધેટ સો સિમ્પલ?''

''ડોન્ટ બી સારકેસ્ટિક!''

''વૃંદા! તને નથી લાગતું અગરિયાના અસ્તિત્વ પ્રશ્ને પણ અવેરનેસ જાગે?''

''સલિલ! તું કેવી વાત કરે છે. ઊલટું એમની હાજરીથી ઘુડખર જેવા પ્રાણીનું અસ્તિત્વ જોખમાયું છે.''

''મને તો આ બીજા કોઈના લોભનું પરિણામ લાગે છે.''

''લોભ?''

''હા. વધુને વધુ ઉત્પાદનનો લોભ? એનો ફાયદો તો બીજા લોકોને પહોંચે છે. અગરિયા તો હતા ત્યાંજ છે.''

''સલિલ! તું પ્રોજેક્ટના ઉદ્દેશથી ભટકી ગયો લાગે છે.''

હું ચૂપ થઈ ગયો. મને થયું વૃંદા પ્રોફેશનલ છે. સંસ્થાએ નક્કી કરી આપેલા ઉદ્દેશ્ય ઉપર ફોકસ કરી શકે છે. અંધારું પૂરું ઊતરી ચૂક્યું હતું. અમારું સ્થળ હવે નજીક હોવું જોઈએ, એવો વિચાર આવ્યો. ત્યાં આગળ કોઈ વાહન જતું લાગ્યું. એની ટેઈલ લાઈટ બંધ હતી. મેં ઝડપ વધારી જીપ એની લગોલગ લાવી. એ ચારો ભરેલું ટ્રેક્ટર હતું. આ સમયે અમને આવી રહેલાં જોઈને એનો ચાલક નવાઈ પામી બોલ્યો -

''ભટકી ગયાં લાગો છો.''

''એવુંજ સમજો!'' વૃંદાએ ઉત્તર આપતાં, અમારા ગંતવ્યસ્થાન વિશે પૂછ્યું. એ પણ ત્યાં જઈ રહ્યો છે એવું જાણી મેં જીપ ટ્રેક્ટરની પાછળ લીધી. થોડીવારમાં અમે પહોંચી ગયાં.

લાઈટ ચાલી ગઈ હતી, અથવા ઇલેક્ટ્રિસિટી પહોંચી નહોતી એવી આ જગ્યા એક મોટી ગૌશાળા હતી. વૃંદાનો સેલફોન રણકતાં એ વાત કરવામાં રોકાઈ. ટ્રેક્ટરનો ચાલક ઉત્સાહથી માહિતી આપતો મને જગ્યા બતાવી રહ્યો હતો. એ રોજ ચારો ભરીને અહીં લાવતો. વરસો પહેલાં ગાયોને બચાવવા જતાં પ્રાણ ગુમાવનાર પુરુષની અંદર સમાધિ હતી. મારાથી ટ્રેક્ટરના ચાલકને પુછાઈ ગયું-

''શું વરસો પહેલાં આવી વેરાન જગ્યામાં લોકો ગાયો પાળતા હશે?''

''સાયેબ! થાળીમાંથી ગાય કૂતરાંનો ભાગ કાઢવાનો ધરમ જાણ્યો હોય એને આવી શંકા ન પડે!''

મારું માથું નમી ગયું. દર્શન કરીને

પાછા ફરતાં સામેથી આવતી વૃંદાએ ઈયરફોન કાઢતાં કહ્યું -

''સૂવાની વ્યવસ્થા જોઈ? વહેલી સવારે નીકળવું પડશે.''

''કેમ ભીમાનો ફોન હતો?''

''ભીમો?

''ગામમાં મળ્યો હતો એ!''

''ના. એનો ફોન નથી. સવારે આપણે સેન્ક્ચ્યુરીનો મુખ્ય વિસ્તાર જોવા જઈ રહ્યાં છીએ. ફોરેસ્ટવાળાએ વ્યવસ્થા કરી છે. ''

સવારે વહેલાં ઊઠવાની ચિંતા કરતાં અમે સૂવા ગયાં. મારી આંખ ઘેરાવા લાગી ત્યાં રહી રહી ને કોઈના ગાયનનો સ્વર સંભળાવવા લાગ્યો. ઊંઘ ખંખેરી, ઊભો થઈ હું બહાર આવ્યો. હવામાં ઝાકળની હાજરીથી ઠંડી વધી હોય એવું લાગ્યું. તારાથી ખીચોખીચ ભરેલા આકાશમાંથી ઝાકળ ભેગો દૈવી પુંજ વરસતો લાગ્યો. થોડે દૂર ચાર પાંચ માણસો તાપણું સળગાવી બેઠા હતા. હું પાસે ગયો, એક દુર્બળ શરીર બુલંદ સ્વરે ગાઈ રહ્યું હતું. હું પણ તેઓની વચ્ચે બેસી ગયો. આંખો બંધ થઈ ગઈ, એકધ્યાન થયે સંભળાયું -

''મીઠું મીઠું, મીઠાં કેરા પહાડ પિરામિડ રમતી.

ખારાશ અગરિયાની એડીને વજ્ર સરીખી કરતી.

રણ કાંઠાની, નળ કાંઠાની લવણ પકવતી ધરતી, આ ધરમ નીતરતી ધરતી....''

મોડી રાત્રે અમારી મંડળી ઊઠી. મારા ચિત્તમાં ગીતના શબ્દો ખરતા તારા જેમ લીસોટો પાડી ગયા હતા. રણ કાંઠાની ધરતી ઉપરથી ચાલ્યા જતા મંડળીના માણસોને મેં પાછળથી જોયા કર્યું. પાછા ફરી મેં ધરમની જગ્યામાં સૂવાનો પ્રયત્ન કર્યો. આખી રાત મારી આંખ સામે આગમાં ઝૂલસીને પણ રાખ ન થયેલા ધીરુના કાળા પગ દેખાતા રહ્યા.

* * *

વહેલી સવારે અમે નીકળી ગયાં. ફ્લેટની બારીમાંથી ડોકાતી સવાર કરતાં અહીં ઊઘડતી સવાર જુદી હતી. સૂરજનાં કિરણોની આભા અનોખી હતી. અહીંની ખારી હવામાં ઝાકળ ભળી જવાથી ઊઠતી ગંધ અનૂઠી હતી. સામે એક ઊંચી ટેકરીને જોઈ મારાથી બોલી જવાયું -

''અરે! આ ખારાપાટમાં ડુંગર!''

''સાહેબ એ 'મેડક' નામથી ઓળખાય છે.'' અમારી સાથે બેઠેલા વનખાતાના કર્મચારીએ જેને મેડક તરીકે ઓળખાવ્યો એ ડુંગર અંગે વૃંદા ઉત્સાહમાં આવી જઈ કહેવા લાગી-

''રિયલી! તો તો આજ એક સમયનો 'મુર્ડોક કેમ્પ' હોવો જોઈએ.''

''કેમ્પ? કયા સમયની વાત કરે છે?'' મેં જાણવા માગ્યું.

''અંગ્રેજોના સમયે અહીં લશ્કરી

છાવણી હતી. તેમણે આ ડુંગર શોધ્યો. એમાં રહેલાં ખનીજોની તપાસ કરી. એમનો કાયમી નિવાસ આના ઉપર થઈ ગયો. કેમ્પ ઉપર ખાદ્યસામગ્રી, પાણી વગેરે પહોંચતું કરનારા અહીંના મૂળ નિવાસીઓ હતા. કમાલ છે, તેઓએ પાડેલા નામે હજી પણ ટેકરી ઓળખાય છે.''

''તમે તો ઘણું જાણો છો... બેન!'' કર્મચારીએ અહોભાવ બતાવ્યો.

''એ પ્રજા ખરેખર બહાદુર હતી.'' વૃંદા મારી તરફ જોતાં બોલી.

મેં કહ્યું - ''લૂંટારુ હતી!''

''સલિલ! જરા વિચાર, ઇંગ્લેન્ડના હવામાનમાં રહેલા, આવા દુર્ગમ વિસ્તારમાં આવી ચઢે. બહાદુર તો ખરા જ.''

''વૃંદા! ખરા બહાદુર તો મૂળ નિવાસીઓ. અંગ્રેજ આવ્યા એ પહેલાંથી અહીં જીવ હથેળીમાં રાખીને રહેતા હતા. ખનીજો કાઢીને લઈ જવાનો એમને લોભ નહોતો. ધરતીમાં ઊગતી ખારાશને પણ 'મીઠું' કહીને એમણે વધાવી લીધી!''

અમારી વાતચીત અટકી ગઈ. રસ્તાની સામેની બાજુ ઊગેલાં ઘાસની વચ્ચેથી દેખાતાં પાણીનાં મોટાં ખાબોચિયાં ઉપરથી પક્ષીઓનું ઝુંડ ઊડ્યું. એના ચકરાવાથી સાફ આકાશમાં અનોખી ભાત પડી જતી હતી. વાહનોને દૂર ઊભાં રાખીને આવી રહેલા સહેલાણીઓ દેખાયા. એક મોટું ચકર કાપીને ઊતરી રહેલું પક્ષીઓનું ઝુંડ જોતાં અમે આગળ વધી ગયાં.

હવે અમે રણની બહુ અંદર આવી ગયાં હતાં. અહીંનાં ખેતરોમાં નમકનો પાક લેવાની આ મોસમ છે. એક સમયના દરિયાના પેટાળ ઉપર અગરિયાઓ ક્યાંક માટીના પાળા બાંધી રહ્યા હતા. ક્યાંક કૂવો ગાળવાનું કામ ચાલતું હતું. કૂવા ઉપર ચાલતા ડિઝલ એંજિનના અવાજના તરંગો ખુલ્લા મેદાનમાં પ્રસરી જતા હતા. કૂવા અંદરથી ખેંચાતું ક્ષારીય પાણી ક્યાંક ખેતરોમાં ભરાતું હતું. નજર પહોંચે ત્યાં સુધીના ભૂ-ભાગ ઉપર લંબચોરસ પાળા દેખાતા હતા. અમે આગળ નીકળ્યાં. મેં ડોક ફેરવીને પાછળ જોયું. અગરિયાના પાળા, જાણે સૂરખાબના હારબંધ માળા હોય એવા લાગ્યા!

આગળ એક જગ્યાએ ઊંટગાડીમાંથી સામાન ઊતરી રહ્યો હતો. નજીકમાં બાવળનાં ઝાડ પાસે શણની ખાલી ગૂણ, વાંસ, પ્લાસ્ટિક શીટ્સ જેવાં સાધનોની મદદ વડે ઝૂપડું તૈયાર થઈ રહ્યું હતું. સાત-આઠ મહિના અહીંની આબોહવામાં અગરિયા પરિવાર રહેવાના હતા. કાળી મજૂરી કરીને તેઓ સફેદ નમક પેદા કરવા આવ્યા હતા. મને થયું સમુદ્રમંથન જેવો શ્રમ

કરીને પણ આ પ્રજાના હાથમાં શું આવતું હશે?

વનસ્પતિ, પશુ, પક્ષી, જેમ મોટાભાગના અગરિયા પણ રક્ષિત વિસ્તારની જાહેરાતથી અજાણ પોતાની પ્રવૃત્તિમાં રાચ્યા હતા. ફરતાં ફરતાં અમે એ જગ્યાએ આવી પહોંચ્યાં જે 'ઘુડખર અભયારણ્ય' તરીકે દુનિયાભરમાં મશહૂર છે. વનખાતાની ચોકી પાસે અમે ગાડી ઊભી રાખી.

વૃંદાએ સેલફોન અને હેન્ડસેટ પર્સમાં મૂક્યા. કેમેરો ઝુલાવતી એ ઊતરી પડી. ઘોડાથી નાનું અને ખચ્ચરથી કદમાં મોટું, બદામી અને સફેદ રંગથી શોભતું ઘુડખર જોઈ મને થયું. આવા પ્રદેશમાં રહેવાનું આને પણ અગરિયા જેવું જ કોઈ કારણ હશે કે પછી શ્રાપ?

પગ છૂટા કરવા બૂટ કાઢી હું નીચે ઊતર્યો. અગરના ડાઘવાળી ભૂમિને સ્પર્શવાની સાથે પગના તળિયે સ્પંદન જાગ્યું, પછી તળિયાં બળવા લાગ્યાં. છેવટે બધું ધીરે ધીરે શમતું ગયું. મને આ રીતે ચાલતો જોઈ વૃંદાએ પૂછ્યું -

''કેમ ઉઘાડા પગે?''

''ધરતીનો સ્પર્શ કરવા.''

''આવી ગરમીમાં......?''

''હા. એનાથી સરકેડિયન રિધમ સમજાશે.''

ઘુડખરનું એક ઝુંડ દોડતું જોઈ વૃંદા એના ફોટા લેવામાં વ્યસ્ત થઈ ગઈ. થોડી વાર પછી એ મારી તરફ ફરીને બોલી -

''વ્હોટ? તું કઈ રિધમની વાત કરતો હતો?''

''આપણા પોતાના લયની. જમીન સાથે જોડાવાથી એ ખોરવાયેલો લય પાછો આવે છે, અને કોસ્મિક લય...''

વૃંદાનું અટ્ટહાસ્ય સાંભળી હું બોલતાં અટકી ગયો. મોઢું બનાવી એ બોલી -

''સંભાળજે, આવી જગ્યામાં આવીને ઘણાનું ફરી જાય છે.'' ફૂસ્સ કરતાં એનું હાસ્ય ફરી ફૂટી નીકળ્યું.

સામે હવાડામાં પાણી પી રહેલાં ઘુડખર અચાનક ભાગી ગયાં. મારું ધ્યાન હવાડા પાછળના મેદાનમાં હવાથી રચાતી ઘૂમરી તરફ ગયું. ખરબચડી સપાટી ઉપર ગોળ ઘૂમતી હવા સાથે ચઢેલી ધૂળ અંતે વિખેરાઈ ગઈ. દૂર દૂર ચાલ્યાં ગયેલાં ઘુડખર ફરી નજરે ચઢ્યાં. ગરમ થઈ ગયેલી હવામાં એમના આકાર પીગળી રહ્યા હોય એવું છલ મારી આંખ સામે રચાઈ ગયું. એની તરફ આંગળી ચીંધી મેં કહ્યું -

''આવું મૃગજળ જોઈને કોઈનું પણ ફરી જાય.'' વૃંદાએ એ જોયું. પછી માથું હલાવી કહ્યું -

''સાચું, એક વખતના સમુદ્રમાં ચરી રહેલાં ઘુડખર જોતાં આજે આપણે ઊભાં છીએ! સાચેજ કેવું બધું ફરી જાય છે.''

અમારી વાતચીત અટકી ગઈ.

ભીમો આવી પહોંચ્યો હતો. થોડી વારમાં અમારો રસાલો રવાના થયો. ફરી એજ દૃશ્યો જોતાં જોતાં અમે ભીમાના ખેતરે આવી પહોંચ્યાં. બાજુમાં કાચું ઝૂંપડું હતું. પાસે પાવડો, કોદાળી અને રેક જેવાં ઓજારો પડ્યાં હતાં. ઝૂંપડું જોઈ વૃંદા બોલી-

''ઓહ! નો. આવી જગ્યામાં રાત કેમ નીકળે?''

''અમો તો સાત-આઠ મહિના આમાંજ કાઢી નાખીએ, બેન!'' એ ભીમાને ઉત્તર આપવાની અવઢવમાં હોય એવું લાગ્યું. ત્યાં ઝૂંપડા અંદરથી એક પાંચ-છ વરસનો છોકરો દોડતો બહાર આવ્યો. અમને જોઈને ખચકાઈ ગયો. પછી ધીમેથી સરકીને ઓજારો પડ્યાં હતાં એ તરફ જઈ એની સાથે રમવા લાગ્યો. મેં એણે પકડેલા રેકનાં પાંખિયાં ગણ્યાં. કોઈમાં ચૌદ તો કોઈમાં સાત પાંખિયાં હતાં. થોડે દૂર જાણે ડાંગરનું ખેતર હોય એમ પાણી ભરેલા પાળાઓમાં મજૂરો કામ કરી રહ્યા હતા. ઝૂંપડાંની પાસે બાવળના ઠૂંઠા નીચે ઢાળેલા ખાટલામાં એક વૃદ્ધ નેજવું કરીને બેઠો હતો. એ નાથિયો ડોસો હતો. એને જોતાં જ મારાથી ભીમાને કહેવાઈ ગયું -

''કોર્ટમાં પણ એમને આમજ બેઠેલા જોયા હતા.''

એ હસ્યો. મીઠાની કણી જેવા એના દાંત જોઈ મને આશ્ચર્ય થયું. તે કહી રહ્યો હતો -

''જૂનું લોઈ છે ને એટલે હજી વાંધો નથી આવતો. બાકી તડકામાં ધોળી ધૂળ ખૂંદનારની આંખનું તેજ વે'લું ઓલવાઈ જાય.'' અમે જઈને નાથિયા ડોસાના ખબરઅંતર પૂછ્યા. ભીમાએ અમારી ઓળખ આપી. ડોસાની આંખમાં સળવળાટ જાગ્યો, એણે કહ્યું -

''તમને રણની વાટ સાંભરી ખરી.'' એના અવાજનો રણકાર સાબૂત હતો.

* * *

દિવસનું તેજ ઓલવાઈ ગયું હતું. આખો દિવસ ખુલ્લા પગે ખારાં પાણીનાં ખેતર ખૂંદીને થાકેલા ખેડૂતને મળતું ભોજન - બાજરાનો રોટલો, લસણ મરચાંની ચટણી અને સફેદ ગોળ - ખાઈ અમે નાથિયા ડોસાના ખાટલાની બાજુમાં બેઠાં. આજુબાજુના કેટલાક અગરિયા પણ મોડેથી આવી પહોચ્યા. કુંડાળે વળેલા નિસ્તેજ ચહેરા હું જોવા લાગ્યો. છાપરીમાં લટકતા ફાનસના પ્રકાશમાં તે વધુ કાળા અને આંખો વધારે પીળી લાગતી હતી. વૃંદાએ તેઓને સંબોધવાની શરૂઆત કરતાં કહ્યું-

''તમારો કેસ મને તો નબળો જણાય છે.''

''સું, ફેંસલો આવી ગયો?'' ભીમાની બાજુનો માણસ ઉભડક બેસતાં પૂછી બેઠો.

''ના''

''તમે તો બેન કોરટથીયે વધ્યાં.'' ભીમાએ ફિક્કું હસીને કહ્યું.

''ભીમા! રદ થયેલી લીઝ ફરી રીન્યુ થાય, એવું લાગતું નથી.'' હું પણ વાતચીતમાં જોડાયો.

''કોની જમીન ચરાણ ખાઈ જાય છે, એનો ફોડ પાડો ને.'' એક સાથે ઘણા અવાજ ઊઠ્યા.

''ચરાણ નહિ, અભયારણ્ય!'' વૃંદાએ સુધારો સૂચવ્યો.

''બધું એકજ, બેન. વાત તો ગધેડાંને ચરવા દેવાની જ કે બીજી?''

''ગધેડા! તમે ઘુડખરને....''

''....જંગલખાતાવારા તો 'કે, પણ છે તો રંગેલા ગધેડા!''

વૃંદા બધાને હસતાં જોઈ રહી. પછી એને પુછાયેલ પ્રશ્ન યાદ આવ્યો હોય એમ બોલી -

''જુઓ, માપણી થશે એટલે તમારી જમીન જાય છે કે નહિ એની ખબર પડી જશે.''

''...તો અત્યારથી લાઈટ સુ કરવા કાપી જાય?'' ઘણા અવાજ ઊઠ્યા.

''ભાડાપટ્ટો રદ થઈ ગ્યો ને એટલે.'' ભીમાએ ખુલાસો કર્યો.

''તમે લીધા હશે ભાડે? અમે તો ખત લખાવી લીધાં છે!''

''ભાઈઓ! આ જમીન લીઝ ઉપર જ મળે, માલિકી ન મળે.'' મેં સમજાવ્યું.

''...પણ કોરટનો હુકમ તો થાય. ઈ પેલાં જ ઉચાળા ભરવાના?'' કોઈ આક્રોશમાં બોલી ઊઠ્યું.

''આ બળતરામાં બિચારો ધીરુ તો ઉચાળા ભરી ગ્યો!'' બીજા ધીમા સ્વરે આક્રોશનું વાજબીપણું સિદ્ધ કર્યું.

''એનો ડોસો જાતે પગ બાળીને દેવું પૂરશે કે ધીરુનાં બાયડી-છોરાંનાં પેટ?'' આર્દ્ર સ્વરે રજૂ થયેલા આ કોયડાથી અકળાયેલા ઘણા બોલી ઊઠ્યા – ''બોલતા કેમ નથી, ડોસા?''

ઘોંઘાટ વચ્ચે કુંડાળામાંથી એક માણસ ઊભો થયો, એ કદાચ ધીરુનો બાપ હતો. બધા શાંત થઈ ગયા. ઘૂંટણ સુધી વાળી રાખેલા પાયજામા નીચેથી દેખાતા એના પગ, અંધારામાં વધુ કાળા જણાયા. ડોસાના માથાના વાળ પરસેવો સુકાવાથી જીથરા જેવા લાગતા હતા. વધેલી દાઢી એના બેસી ગયેલા ગાલને છુપાવી શકવા અસમર્થ લાગી. ક્ષયના દર્દી જેવા લાગતા ડોસાની આંખ જાણે કશું દેખતી ન હોય એમ સ્થિર હતી. એના ગળામાંથી ક્ષીણ અવાજ નીકળ્યો-

''બેન! પોર છો'રીના વિવા'માં રૂપિયા ખર્ચાઈ ગયા...'ને આઠમ (જન્માષ્ટમી)ના છેલ્લું ચુકવણું થયું તંયે ખબર પડી. અડધા લાખ જેવી ઘટ આવી. ખાલી ડીઝલમાં જ પોણો લાખ ફૂંકી નાખ્યા'તા. તોય બસો ટન જેવું મીઠું માંડ ઊતર્યું. ઓણ ચોમાસાનાં ઠેકાણાં નોતાં. કામ સરુ કરવામાં ઢીલ

થઈ. ધીરુને માથે કાળ ભમતો હશે. મારે.... તો.''

ડોસાથી હાથ જોડાઈ ગયા. છાપરીનું ફાનસ ધીમું થતું થતું બંધ પડી ગયું. ધીરુનો બાપ એવી આશામાં તો નહિ આવ્યો હોય કે અમે બધું ઠીક કરી દેવાનાં. એ વિચારે હું ગમગીન થઈ ગયો. અંધારામાંથી એક ભેજલ અવાજ આવ્યો. જે ભીમાનો હતો. ધીરુના બાપની તૂટેલી વાતનો દોર ફરી સંધાયો -

''અમોને પણ ધિરાણ મલે તો ધીરુ જેવા હાલ ન થાય. પણ ધીરે કોણ? મીઠાના મોટા વેપારીનો જ આસરો. ''

''એની ઉધારી તો આવતા જનમારામાં યે નઈ ચૂકવાય.'' કેટલાક બોલી ઊઠ્યા.

''સપોર્ટ પ્રાઈઝનો લાભ મળતો નથી?'' વૃંદાએ પૂછ્યું.

બધા ઠાલી આંખે જોઈ રહ્યા. વૃંદાએ સમજાવ્યું ત્યારે એક સૂરમાં બોલી ઊઠ્યા -

''આ જોડા દે ઈ કરતાં, સરકાર આવો ટેકો કાં ન કરે?''

''બૂટ ઉપરાંત ચશ્માં, ગ્લોવ્ઝ અને ટોપી પણ મળે છે ને?'' મેં પૂછ્યું

''તમેય સું? લાટ સા'બ જેમ માથે ટોપી, પગમાં જોડા ને રંગીન ચસમાં ચડાવી, ખેતરે જવાતું હસે?''

કુંડાળામાં હાસ્ય ફેલાતું જોઈ મેં કહ્યું - ''પગમાં ઘાવ પડે, આંખ ખોવી પડે એ બધું ચાલે?''

''ખેડુને હંધુય પોસાય. આ ટેમ ખોટો કરીને કોરટના ધક્કા ખાવા ન પોસાય.''

''એના કરતાં ભાવનો ટેકો થાય એનું કંઈક કર ને!'' કોઈએ ભીમાને સૂચવ્યું.

''ગયા વરસે જે ભાવ નીકળ્યા એમાં ધીરુ જેવા કેટલાંયનું ખરચ તો ન નીકળ્યું, સામું દેવાના ડુંગર નીચે દબાવાનો વારો આયો. તમે કાંય મદદ કરી સકો?'' આમ કહી ભીમો અમારી સામે આતુરતાથી જોઈ રહ્યો.

''તમારા હિત માટે, કોઈ સંઘ પણ કામ કરે છે ને?'' વૃંદાએ જાણવા માંગ્યું.

''હા. ઘણુંય કરે છે, બેન. ગાડીયું ફેરવીને છોરાં ભણાવી જાય. હરતું ફરતું દવાખાનું હલાવે. પીવાનું પાણી સુધા પોચાડી જાય.''

''નહાવા ધોવા જેટલું પાણી રોજ મળી જાય?'' મેં પૂછ્યું

''પંદર દી'એ એકવાર પાણી મલે. ના'વા સારું તો ચાર ગાઉ છેટેના ગામ જાવું પડે.''

બીજું કોઈ બોલ્યું -''નાવા ધોવાની સાયેબી અમોને પોસાય? 'ગંજા' માં માટી થોડી ઠાલવા દે, સોળ આની મીઠું ખપે? એટલે અમો તો 'ગમડા'માં પડ્યા રહીએ. 'પગલી'નો ટેમ સાચવી ન લીધો તો 'ઉડાન' માં માટીના ઢગલા માથે બેસીને રો'વાનો વારો આવે.''

''જુઓ, આજે નહિ તો કાલે આ વિસ્તાર તમારે છોડવો પડશે. મારું તો કહેવું છે તમે બધા કોઈ બીજા કામ-ધંધાનો વિચાર કરો. ''

વૃંદાનો પ્રસ્તાવ સાંભળી. નાથિયો ડોસો ખાટલામાંથી બેઠો થઈ જતાં બોલી ઊઠ્યો -''કાળ છોડે, પણ કોળી નઈ...બે'ન!''

નાથિયાનો રણકાર સાંભળીને કુંડાળામાં થતી ગુસપુસ પણ શાંત થઈ ગઈ. આદેશ થયો હોય એમ સૌ એને સાંભળવા તત્પર થયા - ''મારો પરડાડો ઈંયા મૂવો. ખભે બંધુક રાખીને ધોળિયાઉ ભેગો રખડતો. બાવળના કોલસાયે પાડ્યા. પછી વીરડી ગાળીને મીઠું પકાવ્યું. તે'દીથી જે કામ હાથ લીધું ઈ અમારે છોડી દેવું?''

''વડીલ! એ જમાનામાં અભયારણ્ય નહોતું.'' વૃંદાએ યાદ અપાવી.

''ગધેડા તો ઈંયા જ ગુડાણા'તા! ખારાપાટમાં ઢૂકતું'તું કોણ? પે'લા ધોળિયાઉ આવ્યા. એની સલા'થી ઈંયા બાવળ કોણે વાવ્યા? પોતાની આણ ફેલાવતી આ વાંઝણી ધરતીને રોકી કોણે? ગધેડાની ભેગાં બીજાં જનાવર ને ભાત ભાતનાં પંખીઓની વસતી કેમ જીવી ગઈ? કારણ બધાં સંપીને રે'તાંતાં! કોઈને કોઈથી કજીયો ન'તો. આ સે'રના માણસો ધોળું સોનું ભાળી ગ્યાં, તે દી'થી ઘોર ખોદાઈ ગઈ! ''

એક લાંબી ચુપ્પી છવાઈ ગઈ. નાથિયા ડોસાના ખાટલે બેઠેલો છોકરો છેવટે ચુપ્પી તોડતાં બોલ્યો-

''અભાઅરણ એટલે શું, ભા?''

''આ ભણેલાંને પૂછ.'' નાથિયા ડોસાનો રણકાર પહેલી વાર બોદો લાગ્યો. અવાજમાં ચીડ, હતાશા સાથે બીજું ઘણું ઊતરી આવ્યું હોય એવું લાગ્યું. છોકરો અમારા સામું અવિશ્વાસથી જોઈ મોઢું ફેરવી ગયો. એણે નાથિયા ડોસા સામે બીજી મૂંઝવણ રજૂ કરી - ''હવે આપણે ક્યાં જાસુ, ભા?''

નિસ્તેજ ચહેરા નાથિયા તરફ ફર્યા. તેઓની પીળી આંખોમાં સળવળતી જિજીવિષા, નાથિયા ડોસાએ જાણે નેજવું કરીને જોઈ લીધી. પછી ડરી ગયેલા લાગતા છોકરાને પડખામાં દબાવતો એ બોલ્યો - ''ગાંડા ! આપણે તો બાવળ જેવા, ફાવે ત્યાં ઊગી નીકળીએ!''

ફરીથી શાંતિ છવાઈ. વાતાવરણ પલટાતું લાગ્યું. મેં જોયું પરોઢનો ઝાંખો ઉજાસ, કાળાશ લૂછતો આકાશની કિનારીએ ડોકાયો. નાથિયા ડોસાના ખાટલા ઉપરનું બાવળનું ઠૂંઠું સવારના પહેલા કિરણમાં સોનેરી થવા માંડ્યું. ઝૂંપડું, ખાટલો, નાથિયો, છોકરો, ખેડૂતો - જાણે કોઈ ચિત્રકારે કેન્વાસ ઉપર ઉતાર્યાં હોય - એવાં મને દેખાવાં લાગ્યાં.

❑❑❑

લૉકડાઉન
ચ
રી



આનંદિતા રૈયાણી

જો તમે એવું સમજતા હો કે માર્ચ એન્ડમાં ખાલી નોકરિયાતોને જ ચિંતા અને કામ હોય તો એવું બિલકુલ નથી. એમને તો ખાલી ઇન્કમટેક્સ ભરવાનું અને ક્લોઝિંગનું એમ ગણીને બે જ કામ હોય છે. પણ એમના કરતાં ઘણાં વધારે ચિંતા અને કામ મમ્મીઓને હોય છે. પહેલાં છોકરાંઓની પરીક્ષા હોય એટલે મમ્મીઓને માથે માથું ન હોય અને એ પતે પછી બાર મહિનાનાં ઘઉં અને મસાલાના સ્વાગતસત્કારનો રાષ્ટ્રીય કાર્યક્રમ તો હોય જ. એ વાત અલગ છે કે બધાં ઘરોમાં આ તહેવાર અલગ અલગ દિવસે ઉજવાય છે પણ ઉજવાય તો છે જ. હજુ તો "નમસ્તે ટ્રમ્પ"ના ફોટાય સોશિયલ મીડિયા

પર જૂના નહોતા થયા, એકબાજુ પરીક્ષાના પડઘમ વાગતા હતા ને ત્યાં જ અણધાર્યા અને વણનોતર્યા આવી પડેલા 'કોરોના'એ દેખા દીધી! કામનો બધો ક્રમ ખોરવાઈ ગયો.

કોરોનાની પહેલાં કોરોનાની જાણકારીઓ સાગમટે વોટ્સએપમાં ઊતરી આવી હતી. જેમ કે કોરાનાથી કેમ બચવું, હાથ કેમ ધોવા, વાઈરસ કઈ સપાટી ઉપર કેટલો સમય જીવે, શું સાવચેતી રાખવી, ઉકાળો શા માટે જરૂરી, સેનેટાઇઝર ઘરે કેમ બનાવવું, માસ્ક કેમ બનાવવું... આવું તો કેટલુંય આવ્યું. કોણ કહે છે માનવતા મરી પરવારી છે! નિઃસ્વાર્થ ભાવે માત્ર ને માત્ર બીજાને માહિતી આપવાના મહાન ઉદ્દેશ સાથે પોતાની કોમળ આંગળીઓને કષ્ટ આપતા એ પરોપકારી મનુષ્યો માટે મને અચાનક માન વધી ગયું. અમુક તો એવા વિરલાઓ પણ હતા જેમણે પરીક્ષામાં લખવાને બદલે આવા જ્ઞાનવર્ધક પ્લેટફોર્મ પર લખવાનું પસંદ કર્યું હતું! મને તો એમ હતું કે મારી ફોનબુકમાં કાં તો સગાં ને કાં તો સંબંધીઓ... પણ નહીં એ બધા તો ડોક્ટર અને વૈદ્ય નીકળ્યા... શું કરવું અને શું ન કરવું એની ફાઈનલ ગાઈડલાઈનય આવી ગઈ હતી. ક્યારે શું ખાવું-પીવું એનું ટાઇમટેબલય આવી ગયું, જાતજાતના ઉકાળાની રેસિપી આવી ગઈ. રેસિપી જોઈને આદું, અજમો, સૂંઠ અને મરી મારા રસોડામાં પ્રથમ પંક્તિમાં આવી ગયાં હતાં. આપણે તો લગભગ બધી જ ઉકાળાની રેસિપી સેવ કરી લીધી. વર્ષો પહેલાં કહેવત સાંભળી હતી કે સંઘર્યો સાપ પણ કામ લાગે એ વાત અલગ છે કે હજી સુધી સંઘરેલું મને તો ક્યારેય કામ નથી લાગ્યું, પણ હજીય આ વાતમાંથી મારો વિશ્વાસ તસુભાર ઓછો થયો નથી! કેમ... રામ જાણે! આપણને એમ કે આવા અનમોલ ઉકાળા સામે તુચ્છ એવા કોરોનાની શું વિસાત? આવ્યા ભેગો એને ઉકાળાથી જ ઉડાડી દેશું! સેવ કરતાં કરતાં મોબાઈલની બેટરી ફૂલ થવા લાગી હતી!

જેમ જેમ વાંચ્યું તેમ તેમ ઉચાટ અને ચિંતા વધતાં ગયાં. ન બોલવામાં નવ ગુણ એ હિસાબે ન જાણવામાં ઝાઝું સુખ હતું! પણ અફસોસ મેં તો જાણે પરીક્ષામાં ના પુછાવાનું હોય એમ બધુંય વાંચી લીધું! મારે તો સાપ ગયા અને લીસોટા રહ્યા એવું થયું! ભણવાનું પૂરું થયે તો વર્ષો થયાં પણ આદત ના બદલાઈ. પરીક્ષામાં મોસ્ટ imp પણ વાંચતાને એટલે એની અસરમાં બાકી હતું તો WHO (World Health Organisation)ની લગભગ બધી જ ટ્વીટ્સ વાંચી લીધી. મને તો જાણે હું 'કોરોના' પર પીએચ. ડી. ના કરવાની હોઉં એવું લાગવા માંડ્યું હતું! મહામારી વિષે શિક્ષકો

અને વડીલો પાસેથી ખાલી સાંભળેલું, હવે આ વિષે મારે પણ ભવિષ્યમાં કોઈને કહેવું પડશે એવું તો મેં સપનેય નહોતું વિચાર્યું. કોરોનાને ભૂલવાની કોશિશ પણ કરી, મજાલ છે કે કોઈ તમને ભૂલવા દે! અત્ર તત્ર સર્વત્ર કોરોના કોરોના થઈ ગયું હતું.

સોળ વર્ષની કન્યાને કોઈ અણદેખ્યો અને અજાણ્યો મનમાં વસવા લાગે એવું જ મને છેક હવે થવા માંડ્યું હતું! અને એય પાછું વાઈરસ માટે! આંખો બંધ કરતાં ન્યુઝમાં જોયેલો વાઈરસનો ફોટો આમથી તેમ ભાગતો દેખાવા લાગ્યો હતો. ક્રાઇમ પેટ્રોલ જોયા વગર જ બધા પર શક થવા લાગ્યો હતો. દૂધની કોથળીઓ, શાકભાજી, લિફ્ટનાં બટન, સીડીની રેલિંગ, દરવાજાનાં હેન્ડલ બધે આ વાઈરસ મહાશય હશે જ એવી અનુભૂતિ થવા લાગી હતી. થોડા સમય પહેલાં contagion નામની ફિલ્મ પરાણે બધા જોતા હતા તો જોઈ હતી. સાયન્સ ફિક્શનવાળી ફિલ્મો પ્રત્યે બોર્ડમાં સાયન્સમાં નવ્વાણું માર્કસ આવ્યા તોય પ્રેમ ન જ થયો! પરાણે પ્રીત ના થાય. સાચું કહું તો ત્યારે આ ફિલ્મ મને માત્ર લેખકની કલ્પનાશક્તિ જ લાગેલી. એક ટચુકડો વાઈરસ ખરેખર આટલો ખતરનાક હોઈ શકે એવું ત્યારે તો નહોતું લાગ્યું. આમાં હેશટેગ ઓનેસ્ટ કનફેશન જ સમજજો. પરિસ્થિતિની ગંભીરતા ફિલ્મ જોઈ હતી ત્યારે ખરેખર નહોતી સમજાઈ. એક અદશ્ય એવા વાઈરસથી સામાન્ય લાગતી જિંદગી કેટલી હદે બદલાઈ જાય છે એ માનવું ત્યારે મારા માટે સહેલું ન હતું. ત્યારે તો થયું હતું 'હોતું હશે આવું...!' એવું તો જો કે ઘણીવાર થયું છે. સ્કૂલમાં જ્યારે પહેલીવાર મોબાઈલ વિષે સાંભળ્યું ત્યારેય એવું જ થયું હતું 'હોતું હશે આવું!'

22 માર્ચના દિવસે સમગ્ર દેશ લૉકડાઉન પાળશે એ સમાચાર જોયા ત્યારે જિંદગીમાં પહેલીવાર લૉકડાઉન શબ્દ સાંભળ્યો હતો. અર્થ સમજવાને તો હજી ઘણી વાર હતી. કોરોનાના કપરા કાળમાં ડિક્શનરીમાં પેન્ડેમીક, કોવિડ 19, હાઈડ્રોક્સી ક્લોરોક્વીન, સોશિયલ ડિસ્ટન્સિંગ, ક્વોરન્ટાઈન જેવા ભારેખમ શબ્દો ઉમેરાયા હતા. મેડિકલમાં ગયા વગર જ ડોક્ટર જેવી ફિલિંગ્સ પણ આવવા લાગી હતી. અમેરિકા, ચીન, સ્પેન અને ઇટાલી જેવા દેશોના દર્દી અને ડોક્ટરોના ફોટા જોઈ વ્યથિત થઈ જવાયું. પહેલે જ દિવસે જ્યારે સંપૂર્ણ ભારતબંધનું એલાન હતું ત્યારે કોરોના સામેની લડાઈમાં લોકોને ખરા દિલથી મદદ કરનારા મેડિકલ સ્ટાફને બિરદાવવા થાળીનાદ કરવાનો છે એવું સમાચારમાં જોયું હતું. તે દિવસે સાંજે જ આપણા દેશના 'શૂરવીરો'ના ફોટા અને વિડીયો સોશિયલ મીડિયા પર અને ટીવીમાં જોયા. એ લોકો ગાતા તો ન

હતા તોય કોણ જાણે કેમ મને જાણે વાઈરસને કહી રહ્યા હોય કે...

ए बच्चु तु सुन ले....

એવું સંભળાતું હતું! લોકોનાં ટોળેટોળાં રસ્તા પર શક્તિપ્રદર્શનમાં ઊમટી પડ્યાં હતાં. ત્યારે લાગ્યું હતું કે આ લોકો આજ ને આજે કોરોનાની 'ઘરવાપસી' કરાવીને જ ઘરે જશે! ક્યાંક તો વળી વગર નોરતે શેરી-ગલીઓમાં ગરબાની રમઝટય બોલી! ધાબે પતંગ ય ઊડ્યા! જોઈને એવું લાગ્યું કે એમણે સ્વામી વિવેકાનંદનો વિચાર 'પોતાને નબળા સમજવું એ સૌથી મોટું પાપ છે.' આત્મસાત કરી લીધો હોય એવું લાગ્યું! લોકો પોતાને વાઈરસની સરખામણીમાં જરા પણ નબળા માનવા તૈયાર નહીં હોય એવું લાગ્યું. હજી હમણાં જ શીખેલા શબ્દ 'સોશિયલ ડિસ્ટન્સિંગ'નો અર્થ ડિક્શનરીમાં પાછો જોવો પડ્યો કેમકે જે જોયું એ પછી અમને અમારી સમજણ શક્તિ પર હવે શંકા થવા લાગી હતી. મન અવઢવમાં હતું કે આ કોઈ રોગ છે કે પછી કોઈ ઉત્સવ? એક સવાલ એ પણ થયો કે આટલા બધા લોકોને જે દેખાય છે, જે સમજાય છે એ આપણને કેમ નથી સમજાતું! આપણને કંઈક કેમિકલ લોચો તો નથી ને? એવી શંકાય થવા માંડી હતી. આવી મૂંઝવણમાં બાકી હતું તો સોશિયલ મીડિયા પર ટીપટોપ તૈયાર થયેલી બહેનોએ 'ગો કોરોના ગો'ના નાદથી ટાઈમ લાઈન પણ ગજાવી મૂકી. સોશિયલ મીડિયા પર તો થાળીનાદના વિડિયો મૂકવાની હરીફાઈનું તો શું કહેવું... ખરેખર જોરદાર હતી... આટલા બધા લોકોની બાલ્કની અને અગાસીમાં ડોકિયું કરવાનો આ અમારો પ્રથમ અનુભવ હતો. વળી નવીનતમ અનુભવ હોવાને નાતે આપણને તો ગમ્યો! થાળીનાદથી ઘર અને મોબાઈલ ધણધણી રહ્યાં હતાં.


આટલો થાળીનાદ સાંભળીને કોરોના બહેરો થયો હોત તો જલસો પડી જાત... મને લાગ્યું હતું કે આટલા બધા માણસોને પોતાની વિરુદ્ધ રસ્તા ઉપર જાતજાતનાં અને ભાતભાતનાં કરતબ કરતાં જોઈને અને બાકી હતું તો સોશિયલ મીડિયા પર પણ આટલી હદે ટ્રોલ થયા પછી 'સેલિબ્રિટી સ્ટેટસ' ભોગવતા આ કોરોનામાં કંઈ લાજ શરમ જેવું હશે તો એ ઊભી પૂંછડીએ ભાગી જશે... લોકોનો કોરોના પ્રત્યેનો લડાયક અભિગમ જોયા પછી જોન એલિયા સાહેબનો પેલો શેર...

अब नहीं कोई बात ख़तरे की
अब सभी को सभी से ख़तरा है

અજાણતાં જ યાદ આવી ગયો અને એક વિચાર એય આવ્યો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી આવા ભોળપણને શાણપણમાં ફેરવી શકાતું હશે કે કેમ?

❑❑❑

'ભારતીય કથાવિશ્વ' પરિચય



પ્રિય વાચકો,

આજે તમને એવા ગ્રંથની વાત કરવી છે જે દરેક ગુજરાતી વાચકે જરૂર ને જરૂર વાંચવો જોઈએ. એ ગ્રંથ એટલે 'ભારતીય કથાવિશ્વ.' એનું સંકલન ને સંપાદન, અનુવાદ ને લેખન જાણીતા સાહિત્યકાર શ્રી શિરીષ પંચાલે કર્યું છે.

'ભારતીય કથાવિશ્વ'ના કુલ પાંચ ખંડ છે. એનો પહેલો ખંડ ઓક્ટોબર 2018માં અને પાંચમો ખંડ ડિસેમ્બર 2019માં પ્રગટ થયો. જેના પ્રકાશનમાં પંદર મહિનાનો સમય લાગ્યો હોય એ કામ પાછળ કેટકેટલાં વર્ષોનું વાચન-મનન-ચિંતન રહ્યું હશે! શિરીષ પંચાલના આવા સુદીર્ઘ પરિશ્રમનું ગ્રંથરૂપ છે: 'ભારતીય કથાવિશ્વ.' એના દરેક ખંડનો ટૂંકો પરિચય આપું.

☐ રાજેશ પંડ્યા

'ભારતીય કથાવિશ્વ'ના પહેલા ખંડમાં વેદ અને ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોમાંથી ત્રીસેક જેટલી કથાઓ આપવામાં આવી છે. એમાં મુખ્ય છે: પુરૂરવા-ઉર્વશીની કથા, યમયમીની કથા, સરણ્યુની કથા, ગરુડની કથા, મનુ અને મત્સ્યની કથા, શુનઃશેપની કથા, નચિકેતાની કથા, શ્વેતકેતુની કથા અને સત્યકામ જાબાલની કથા. આમાં પુરૂરવા-ઉર્વશીની કથા વાંચીને તમને જાણવા મળશે કે મહાકવિ કાલિદાસે જે 'વિક્રમોર્વશીયમ્' નામનું પ્રસિદ્ધ નાટક લખ્યું છે તેની મૂળકથા ઋગ્વેદમાં કેવી રીતે આલેખાઈ છે. ઋગ્વેદમાં યમયમીની કથા તો સંવાદના રૂપમાં રજૂ થઈ છે. આ કથા દ્વારા માનવસમાજની રચના થઈ તે પહેલાના નરનારી સંબંધો દર્શાવવામાં આવ્યા છે. જ્યારે શુનઃશેપની કથા,


પ્રાચીનકાળે યજ્ઞોમાં નરબલિ આપવામાં આવતા હતા તેનો સંકેત કરે છે. આ શુનઃશેપની કથા તમને સંક્ષેપમાં કહું. સાવધાન થઈને સાંભળો.

અયોધ્યા નગરીમાં રાજા હરિશ્ચન્દ્ર રાજ્ય કરતા હતા, ત્યારે એકવાર નારદમુનિ ત્યાં આવે છે ને પુત્રનો મહિમા સંભળાવે છે. રાજા, વરુણદેવની કૃપાથી પુત્ર પ્રાપ્ત કરે છે. એ પુત્રનું નામ રોહિત. પુત્રના જન્મ પછી વરુણદેવ તેની, બલિ તરીકે, માગણી કરે છે. રાજા ના પાડે છે ને રોહિતને વનમાં મોકલી દે છે. વરુણદેવ કુપિત થઈ રાજાને શાપ આપે છે. રાજાને જલોદર રોગ થાય છે, તેનું પેટ ફૂલી જાય છે.

આ બાજુ રોહિત વનમાં એક બ્રાહ્મણને મળે છે. તેને સો ગાયો આપી તેના દીકરા શુનઃશેપને ખરીદે છે. તેને લઈ નગરમાં આવે છે. અને યજ્ઞના બલિ તરીકે પિતાને સોંપે છે. વરુણને પણ ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ પ્રિય હોવાથી તે શુનઃશેપનો બલિ સ્વીકારવા રાજી થાય છે. યજ્ઞ કરવા મોટા મોટા ઋષિઓ આવે છે. વશિષ્ઠ ઋષિ બ્રહ્મા બને છે. વિશ્વામિત્ર હોતા બને છે. જમદગ્નિ અધ્વર્યુ બને છે. ને એમ યજ્ઞ આરંભાય છે. બલિ માટે શુનઃશેપને યુપ એટલે કે વધઃસ્તંભ સાથે બાંધવાનો હોય છે. પરંતુ બાળહત્યા ને બ્રહ્મહત્યાનું બેવડું પાપ લાગશે એ ભયે કોઈ તૈયાર થતું નથી. ત્યારે બીજી સો ગાયો લઈ તેના પિતા, શુનઃશેપને યુપ સાથે બાંધે છે. હવે બલિ તરીકે પોતાનો વધ નક્કી છે એમ માની શુનઃશેપ પ્રાર્થના કરે છે. અગ્નિ, સૂર્ય, વરુણ, વિશ્વદેવ, ઇન્દ્ર, અશ્વિનીકુમાર, ઉષા એ દેવતાઓની ઋચાઓનું ગાન કરે છે. એકેક ઋચાએ તેનાં બંધન ખૂલતાં જાય છે. છેલ્લી ઋચાનો ઉચ્ચાર થતાં તે મુક્ત થાય છે.

શુનઃશેપ મુક્ત થઈ, વિશ્વામિત્ર પાસે જઈ તેના ખોળામાં બેસે છે. એના પિતા પાછો આવી જવા વિનંતી કરે છે, ત્યારે તે પિતાને કહે છે કે 'મારા માટે તમે ત્રણસો ગાયો મેળવી છે, ને મારવા માટે તમારા હાથમાં મેં ખુલ્લી તલવાર જોઈ છે.' વિશ્વામિત્ર પણ કહે છેઃ 'તલવાર લઈ મારવા તત્પર આ બ્રાહ્મણ બહુ ભયાનક છે. નિર્દોષ બાળક એનો પુત્ર ન થઈ શકે.' પછી શુનઃશેપ વિશ્વામિત્રના પુત્ર દેવરાત તરીકે ઓળખાય છે.

આપણે ત્યાં સગાળશા શેઠની જે કથા પ્રચલિત છે એ શુનઃશેપની કથા સાથે ઘણી મળતી છે. કદાચ, શુનઃશેપની વૈદિક કથાનું ચેલૈયાની લોકકથા તરીકે રૂપાંતર થયું હશે તેવી ધારણા કરી શકાય. ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં પણ આવી એક કથા આવે છે. એમાં ઈશ્વર, અબ્રાહ્મને એના દીકરાનો બલિ આપવાનું કહે છે. આ કથાવસ્તુ લઈને કિયર્કેગાર્દ નામના લેખક 'ફીઅર એન્ડ ટ્રમ્બલિંગ' નામની કૃતિ રચી છે. તેમાં એમણે માનવીય



ભૂમિકાએથી કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે. એ કહે છે કે પુત્રના વધની આવી આજ્ઞા કોઈ ઈશ્વર કરી જ કેમ શકે? ને જો ઈશ્વર આવી આજ્ઞા કરે તો પણ માનવીએ એ શું કામ માનવી જોઈએ? આવી આજ્ઞા કરવામાં ઈશ્વરનું ગૌરવ શું? ને એનું પાલન કરવામાં માનવીનું ગૌરવ પણ કેટલું? માટે આવી આજ્ઞા તો અદૈવી ને અમાનવીય કહેવાય.


આમ, શુનઃશેપની કથા, હિંસાપ્રધાન સંસ્કૃતિમાંથી અહિંસક સંસ્કૃતિ તરફ માનવસમાજ ગતિ કરે છે તેનો નિર્દેશ કરે છે. એટલે સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે.

❑

હવે 'ભારતીય કથાવિશ્વ'ના બીજા ખંડનો પરિચય મેળવીએ.

જેને આપણે આદિકાવ્યો કહીએ છીએ તે 'રામાયણ' અને 'મહાભારત'નાં કેટલાંક કથાનકો 'ભારતીય કથાવિશ્વ'ના બીજા ખંડમાં રજૂ થયાં છે. આ બંને કૃતિઓની મુખ્ય કથા ખૂબ જાણીતી છે એટલે તેને બદલે સંપાદકે ઉપકથાઓને આડકથાઓ પસંદ કરી છે. આવી પંદરેક કથાઓ રામાયણમાંથી ને એકસો પાંત્રીસ કથાઓ મહાભારતમાંથી આપી છે.

'રામાયણ'માંથી સગર કથા, કબંધ કથા, કુબેરની કથા, ઈલની કથા, સંપાતિની કથા, વિશ્વામિત્રની કથા, તાડકાની કથા ને વાલિ-સુગ્રીવની પૂર્વકથા જેવી રસપ્રદ કથાઓ બીજા ભાગમાં આપી છે. જ્યારે 'મહાભારત'માંથી તપ્તી-સંવરણની કથા, કચ-દેવયાનીની કથા, સત્યવાન-



સાવિત્રીની કથા, દુષ્યંત-શકુંતલાની કથા જેવી દામ્પત્યકથાઓ, જરાસંધની કથા, શિશુપાલની કથા, ઉશીનરની કથા, માંધાતાની કથા, નહુષની કથા જેવી રાજવીકથાઓ, પરશુરામ, ચ્યવન, અષ્ટાવક્ર, આસ્તિક, ઉત્તંક, અંગિરા, વિષયક ઋષિકથાઓ, તથા ચકલી, ઊંટ, હંસ, કાગડો, ગીધ, શિયાળ, સિંહ, કાચબો, સસલાંને લગતી પ્રાણકથાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત, ગરુડ સ્વર્ગમાં અમૃત લેવા જાય છે તે અદ્‌ભુતભવ્ય સુપર્ણોપાખ્યાન, રાજનીતિશાસ્ત્રનો બોધ કરતું વિદુરોપાખ્યાન, નારીના પ્રતિશોધને વાચા આપતું અંબોપાખ્યાન તથા નળ-દમયંતીના જીવનસંઘર્ષને વ્યક્ત કરતું નલોપાખ્યાન પણ મહાભારતમાંથી, સંક્ષેપમાં રજૂ કરવામાં આવ્યાં છે. આ ઉપાખ્યાનો સમગ્ર મહાભારતની કથા સંરચના નિપજાવવા માટે કેવા મહત્ત્વના છે, તે જાણવા આપણે 'નલોપાખ્યાન' અને 'મહાભારત'ની પાંડવકથા સરખાવીએ.

- નળ જેમ પોતાના પિતરાઈ પુષ્કર સાથે દ્યૂત રમે છે, તેમ યુધિષ્ઠિર પણ દુર્યોધન સાથે દ્યૂત રમે છે. નળ બધું હારી, દમયંતી સાથે વનમાં જાય છે. યુધિષ્ઠિર પણ રાજપાટ હારી બધા ભાઈઓ ને દ્રૌપદી સાથે વનવાસ ભોગવે છે.

- વનમાં નળ, દમયંતીનો ત્યાગ કરીને જતો રહે છે. વનવાસ દરમિયાન અર્જુન પણ દ્રૌપદીને છોડી શસ્ત્રો પ્રાપ્તિ માટે જાય છે.

- દમયંતી ચેદીદેશમાં તો દ્રૌપદી વિરાટનગરમાં સૈરન્ધ્રી બની દાસીનું કામ કરે છે. દમયંતી પર શિકારી આસક્ત થાય છે. તો, દ્રૌપદી કીચકની કુદૃષ્ટિનો ભોગ બને છે.

- નળનું બાહુકમાં સ્વરૂપાંતર થાય છે

તેમ પાંચેય પાંડવો પણ જુદું જુદું રૂપ લઈ વિરાટનગરમાં રહે છે. બાહુકરૂપી નળ ભોજન પકાવવામાં, સલાહ આપવામાં, શિલ્પકળાને અશ્વવિદ્યામાં નિપુણ હોય છે. આ ચારેય કામ, વિરાટનગરમાં ભીમ, યુધિષ્ઠિર, અર્જુન ને નકુળ કરે છે.


- નલોપાખ્યાનને અંતે નળ દ્યૂતમાં વિજયી બની સ્વ રાજ્યની પુનઃપ્રાપ્તિ કરે છે તેમ પાંડવો પણ યુદ્ધમાં વિજય મેળવી હસ્તિનાપુરનું રાજ્ય મેળવે છે.

આમ, 'નલોપાખ્યાન'ની ઘણી ઘટનાઓ 'મહાભારત' સાથે સમાનતા ધરાવે છે. મહાભારતને Major text (મુખ્યકથા) કહીએ તો 'નલોપાખ્યાન'ને Sub text (ઉપકથા) કહી શકાય. મહાભારતનો 'મહા' શબ્દ ને નલોપાખ્યાનનો 'ઉપાખ્યાન' શબ્દ પણ આ Major ને Subનો અર્થ દર્શાવે છે. નલોપાખ્યાનના કથા સંકેતોનો મહાભારતની પાંડવકથામાં વિકાસ થાય છે ને એમ sub text દ્વારા Major text દૃઢ બને છે. પાંડવકથા ને નળકથા વચ્ચે આવો આંતરપાઠીય ગાઢ સંબંધ છે. આ બંને textને એકબીજાના contextમાં વાંચીએ તો કથાસંરચના દ્વારા અર્થસંરચનાને વધુ સારી રીતે પામી શકીએ.

❑

વાચકમિત્રો,

'ભારતીય કથાવિશ્વ'ના પહેલા ને બીજા ખંડમાં સંસ્કૃત કથાનકો છે. તો ત્રીજા ખંડમાં પાલિ ને પ્રાકૃત ભાષાનાં કથાનકો છે. બૌદ્ધ સાહિત્યની જાતક કથામાંથી તથા જૈન સાહિત્યની 'વસુદેવહિંડી', 'પઉમચરિયુ'ને 'તરંગ-



લોલા' જેવી કૃતિઓમાંથી સંપાદકે જુદી જુદી કથાસામગ્રી પસંદ કરીને આ ત્રીજા ખંડમાં આપી છે. પ્રાકૃત ભાષામાં ગુણાઢ્યની 'બૃહત્કથા' પણ ખૂબ જાણીતી હતી. આ કૃતિ મળતી નથી. એના આધારે સંસ્કૃતમાં 'કથાસરિત્સાગર'ની રચના કરવામાં આવેલી. તેમાંથી પણ થોડાંક કથાનકો ત્રીજા ખંડમાં રજૂ કર્યાં છે. તમે પરદુઃખભંજન વીર વિક્રમરાજાની બત્રીસપૂતળી તથા વેતાળપચીસીની જે જે વાર્તાઓ ગુજરાતીમાં વાંચી - સાંભળી હશે તેનું મૂળ પણ 'કથાસરિત્સાગર' જ છે. મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તામાં જે હંસાવલિની અને જીમૂતવાહનની કથા જાણીતી છે તે ય 'કથાસરિત્સાગર'માંથી અહીં ઉતારવામાં આવી છે.

ભારતીય કથાસાહિત્યમાં જાતક-કથાઓ ખૂબ જાણીતી છે. લગભગ 550 જેટલી જાતકકથાઓમાંથી ત્રીસ જેટલી જાતકકથા સંપાદકે ત્રીજા ખંડમાં મૂકી છે. એમાં 'કટ્ઠહારી જાતક' વાંચશો તો તમને દુષ્યંત-શકુંતલાની કથા યાદ આવશે. ને 'દેવધમ્મ જાતક' વાંચીને રામવનવાસ તથા યક્ષપ્રશ્નોત્તરના પ્રસંગો સાંભરશે. આ બંને જાતકકથામાં રામાયણ-મહાભારતના એ પ્રસંગોનું જૂનું રૂપ જળવાયું છે. એ દૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે. જ્યારે 'વ્યગ્ઘ જાતક'ની કથા આજના પર્યાવરણના સંદર્ભમાં ખૂબ મહત્ત્વની જણાશે. આ જાતકકથાઓ ભલે બૌદ્ધધર્મ સાથે જોડાઈ હોય, તેમાં બુદ્ધના વિવિધ અવતારો એટલે કે બોધિસત્ત્વનો સંદર્ભ આવતો હોય, તે દ્વારા ધર્મ-નીતિનો ઉપદેશ આપવામાં આવ્યો હોય, તેમ છતાં આ જાતકકથાઓ પ્રાચીનકાળની લોકકથાઓ જ છે એમ વિદ્વાનો માને છે.

જેમ જાતકકથાઓ બૌદ્ધધર્મ સાથે તેમ 'વસુદેવહિંડી' જૈનધર્મ સાથે સંકળાયેલ વિશાળ કથાસંગ્રહ છે. એમાંથી વીણીવીણીને સાઠેક કથાઓ અહીં લીધી છે. એમાં 'કુબેરદત્ત-કુબેરદત્તા'ની કથા પણ છે. એક જન્મના અનેક સંબંધો દર્શાવતી આ વિચિત્ર વાર્તા તમે ટૂંકમાં સાંભળોઃ


મથુરાનગરીમાં કુબેરસેના નામની એક ગણિકા રહેતી હતી. તે સંજોગવશાત્ ગર્ભવતી બને છે. ગર્ભમાં જોડિયાં બાળકો હોવાથી તે ખૂબ પીડા અનુભવે છે. એની માતા ગર્ભપાત કરાવવા કહે છે. તે અવગણી, ગણિકા બાળકોને જન્મ આપે છે. દસ દિવસ પછી આ બાળકોને કુબેરદત્ત-કુબેરદત્તા નામવાળી વીંટી પહેરાવી, બે નાની નાવડીમાં જુદાં જુદાં સુવડાવી, યમુના નદીમાં તરતાં મૂકી દે છે. તે શૌરિપુર નગરના બે ભાઈઓને મળે છે. એક ભાઈ છોકરાને બીજો ભાઈ છોકરી રાખે છે. તેમને ઉછેરે છે. બંને યુવાન થાય છે. બંનેનાં લગ્ન લેવાય છે. લગ્ન પછી કોડીકરડાં રમતી વખતે પોતપોતાનાં નામવાળી વીંટી જુએ છે. બંને ભાઈબહેન છે એ રહસ્ય જાણી કુબેરદત્તા નિર્વેદ પામી,

દીક્ષા લઈ સાધવી બની જાય છે.

એક વાર સાધ્વી કુબેરદત્તા, વિહાર કરતાં કરતાં, મથુરા પહોંચે છે. ત્યાં કુબેરસેના ગણિકાને ઘેર કુબેરદત્ત રહેતો હોય છે. તેમને એક બાળક પણ થયું હોય છે. આ નાનું બાળ રડતું હોય ત્યારે ભીક્ષા માટે આવેલી કુબેરદત્તા સાધ્વી, તેને પારણે હીંચોળતાં હાલરડું ગાય ને કહેતી જાયઃ 'હે બાળક! તું મારો ભાઈ છે ને દિયર પણ છે. મારો પુત્ર છે ને મારી શોક્યનો પુત્ર પણ છે. વળી, તું જેનો પુત્ર છે તે પણ મારો ભાઈ, પતિ, પિતા અને પુત્ર છે, અને તું જેના ગર્ભથી ઉત્પન્ન થયો તેય મારી માતા, સાસુ, બહેન ને ભોજાઈ છે! આમ અઢાર પ્રકારના સંબંધ આ હાલરડામાં દર્શાવાયા છે. માનવસંબંધોની આ વિચિત્રકથા ભારતીય સાહિત્યમાં અજોડ છે.

❑

'ભારતીય કથાવિશ્વ'ના ચોથા ખંડમાં ચતુર્વિધ કથાસામગ્રી પ્રસ્તુત કરવામાં આવી છે. એમાં 'પંચતંત્ર' અને 'હિતોપદેશ'ની પ્રાણીકથાઓ, 'કાંદબરી', 'દશકુમારચરિત' તથા 'વાસવદત્તા'ની પ્રણયકથાઓ, શ્રીમદ્ ભાગવત, વિષ્ણુપુરાણ, સ્કંદપુરાણ, શિવપુરાણ, દેવી ભાગવત વગેરેની પુરાણકથાઓ તથા હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' અને ઉદ્યોતનસુરિના 'કુવલયમાલા' ગ્રંથમાંથી કેટલાક કથાંશો પણ આપવામાં આવ્યા છે. આ બધાં જ કથાનકો આપણા




વાચનરસને સંતોષે તે પ્રકારનાં છે. એમાં માનવમનના વિવિધ રંગ ને માનવજીવનનાં વિધવિધ રૂપ પ્રગટ થયાં છે. ગુજરાતીમાં એની પ્રસ્તુતિ પણ રસાત્મક બની છે.

આ બધી કથાઓમાં જો લોકકથાઓ ન હોત તો 'ભારતીય કથાવિશ્વ'નું આયોજન અધૂરું ગણાત. એટલે 'ભારતીય કથાવિશ્વ'ના પાંચમાં ખંડમાં સંપાદકે, ભારતભરની પ્રાદેશિક લોકકથાઓમાંથી પચાસેક લોકકથા, પસંદ કરીને રજૂ કરી છે. એમાં મિઝોરમ-ત્રિપુરાની લોકકથાઓ છે ને બુંદેલખંડ-પંજાબની લોકકથાઓ પણ છે. એમાં કચ્છી લોકકથાઓ છે ને કાઠિયાવાડી લોકકથાઓ પણ છે. એટલું જ નહીં, ઉત્તર ગુજરાતની આદિવાસીકથાઓ ને દક્ષિણ-ગુજરાતની કુંકણાકથાઓ પણ એમાં સમાવવામાં આવી છે. ભારતીય લોકકથાઓની આ સમૃદ્ધિ જોઈને આપણને થાય કે જેમ ભારતનું લિખિત શિષ્ટ સાહિત્ય અદ્‌ભુત છે તેમ ભારતનું મૌખિક લોકસાહિત્ય પણ અનન્ય છે. આ કથાઓ દ્વારા જેમ ભારતની ભાષાકીય બહુલતાનો પરિચય મળે છે તેમ ભારતની સાંસ્કૃતિક બહુલતાનો પરિચય પણ મળે છે.

❑

આ રીતે 'ભારતીય કથાવિશ્વ'ના પાંચેય ખંડમાં વૈદિકકથાથી લોકકથા સુધીની ભારતીય કથા પરંપરાના સમૃદ્ધ વારસાને સાચવી લેવામાં આવ્યો છે. દરેક ખંડનું આયોજન દૃષ્ટિપૂર્વકનું છે ને દરેક ખંડનાં મુખપૃષ્ઠ પણ આકર્ષક છે. 'ભારતીય કથાવિશ્વ'ના પહેલા ખંડ પર સુવર્ણમય સૂર્યનું ચિત્ર છે. એના કેન્દ્રમાં ઈશાવાસ્ય ઉપનિષદ્‌નો 'ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत्। तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम्।।' એ પ્રસિદ્ધ મંત્ર મૂક્યો છે. બીજાં ખંડનું મુખપૃષ્ઠ તેલંગણાના, મહાભારત ઓળખવાળા ચિત્રપટથી ઓપે છે. ત્રીજા ખંડ પર અજંટાની ગુફામાં અંકિત જાતકકથાનું ચિત્ર છાપ્યું છે. ચોથા ખંડનું મુખપૃષ્ઠ ગોવર્ધનધારી કૃષ્ણના મધ્યકાલીન ચિત્રથી શોભે છે, અને પાંચમાં ખંડ પર વારલી લોકચિત્રકળાની છબિ મૂકવામાં આવી છે. આ બધાં મુખપૃષ્ઠ માટે આપણા વિશ્વખ્યાત કલાકારો શ્રી ગુલામમોહમ્મદ શેખ અને શ્રી જ્યોતિ ભટ્ટની સહાય મળી છે. આ, જે તે ખંડનાં મુખપૃષ્ઠ એ ખંડમાં આપવામાં આવેલી કથાસામગ્રીને અનુરૂપ છે. દરેક ખંડની છપાઈ પણ સુઘડ છે. જોતાંવેંત હાથમાં લેવા ને હાથમાં 'લેતાવેંત વાંચવા પ્રેરાઈએ એવા છે 'ભારતીય કથાવિશ્વ'ના એક-એક ખંડ!

આ 'ભારતીય કથાવિશ્વ'ના સંપાદન-સંકલનનું કામ શિરીષ પંચાલે ખૂબ સૂઝપૂર્વક કર્યું છે. ને જરૂર જણાઈ ત્યાં અનુવાદ ને પુનર્લેખન પણ કર્યું છે. શિરીષ પંચાલને ગુજરાતનું વિદ્યાજગત એક સંનિષ્ઠ અધ્યાપક તરીકે ઓળખે છે તો



સાહિત્યજગત એક મૂલ્યનિષ્ઠ વિવેચક-લેખક તરીકે ઓળખે છે. શિરીષ પંચાલે પૂર્વજીવન આધુનિક સાહિત્યના નામે લખી દીધું, તો ઉત્તરજીવન ભારતીય સાહિત્યના નામે. આ ભારતીયતાની વિસ્મૃતિ આપણને જુદાંજુદાં કારણોસર થતી રહી છે. છેલ્લી બે સદીની જ વાત કરીએ તો, 19મી સદીમાં અંગ્રેજી શાસનને કારણે, 20મી સદીમાં આધુનિક પ્રવાહોને કારણે ને આજે, 21મી સદીના આરંભે, આ વિજાણુયુગમાં વૈશ્વિકીકરણને લીધે. આજે આપણી બધી જ આગવી ઓળખ ભૂંસાવા લાગી છે. ભારતીયતાની સાચી ઓળખ સામે પણ ઘણા પડકારો ઊભા થયા છે, ત્યારે શિરીષ પંચાલ સંપાદિત 'ભારતીય કથાવિશ્વ' આપણને વિસ્મૃતિમાંથી બહાર કાઢી દરેક ભારતીયને આપઓળખ કરાવે છે.

તમે કલ્પના કરો કે વેદ-કથાઓથી તે લોકકથાઓ સુધીના ભારતીય કથાસાગરને એકલપંડે, કેવળ બાવડાના બળે, તરવો કેટલો કપરો છે! શિરીષ પંચાલે એ સાતે સાગર ડહોળ્યા છે ને એનાં તળિયાં ખંખોળ્યાં છે ને પછી પેટાળમાં સચવાયેલ મોંઘાં મોતી મુઠ્ઠા ભરીભરીને લઈ આવ્યા છે, આપણા માટે. 'ભારતીય કથાવિશ્વ'ના અકેક ગ્રંથ એ થાળભર્યો છે! એનું પ્રકાશન ગુજરાતના સાંસ્કૃતિક વિશ્વ માટે, ગુજરાતની પુસ્તક સંસ્કૃતિ માટે એક મહત્ત્વપૂર્ણ ઘટના ગણાય.

['ભારતીય કથાવિશ્વ' ખંડ 1 થી 5, સં. શિરીષ પંચાલ, સંવાદ પ્રકાશન વડોદરા, કુલ પૃષ્ઠઃ 2390, કુલ મૂલ્યઃ રૂ. 3500]



આ દિવસોમાં

□ બકુલ ટેલર

મારી અંદર ગુફાઓ પણ છે. પૃથ્વીના આરંભે રચાયેલી હોય એટલી પુરાણી. મારા જ અસ્થિમાં મારા જ અશ્મિથી રચાયેલી ગુફા! મને તેનો ખ્યાલ જ નહોતો. આ શાંત, એકલા દિવસોમાં હું દિશાહીન ચાલતો હતો ત્યારે તે મને મળી. હું મારામાં વસી ગયો. જેમ તીવ્ર પ્રેમ એકલતા આપે છે તેમ મૃત્યુ પણ આપે છે. મારી સાથે રોજ મૃત્યુની પીઠ ઘસાતી હતી. હું કોકડું વળી જતો હતો. આ અત્યારે પણ તે જરાક દૂર ઊભું વાગોળે છે. તેની આંખ બંધ છે એટલો વખત હું તેની ભીંસની ભીંસથી મને મુક્ત અનુભવું છું.

આખી પૃથ્વી પર સ્તબ્ધતા પથરાયેલી છે. લોકો મૂંગી ચીસ પાડી રહ્યા છે. ચીજો બધી શાંત અને નિઃસહાય છે. તેને માણવા વિના ચાલતું ન હતું ને માણસો તેના વિશે પોતાને વ્યક્ત નહોતા કરી શકતા. પણ અત્યારે ચીજો પોતાનામાં પોઢી ગઈ છે.

માણસોના સ્પર્શવા સાથે જ તે સંતાપ અનુભવતી હતી. કોઈ અજાણી દોડમાં શામિલ થતી હતી. હમણાં તેને કોઈ પૂછતું નથી. તે પોતાને ઉપેક્ષિત અને અપમાનિત અનુભવે છે ને આજીજી કરે છે કે કોઈ મને અડો. તમારા વ્યવહારમાં મને શામિલ કરો. પણ અત્યારે કોઈને પોતાના સિવાયનો અવાજ સંભળાતો નથી. તરડાયેલો અવાજ! શૂન્યમનસ્કતામાંથી ઊઠતો અવાજ!

માઈલોમાં મપાતી દૂરતા રહી નથી. ઇટાલી, અમેરિકા, ચીન યા સ્પેનમાં બેઠેલા માણસના શ્વાસ મને અડે છે. તેનો અજંપો દરિયાના જળ જેમ અહીં મારી છાતી સુધી ઊંચા મોજે ઊછળતો આવી પછડાઈ છે ને પાછો તેનામાં ભળે છે. ભાષા-લિપિ એકાકાર થઈ ગઈ છે. બધા મરોડો અળસિયાં બની ભૂમિ પર સળવળી રહ્યાં છે. પોચાં પોચાં અને સ્નાયુ વિનાનાં. ભાષા-લિપિ જાગી. ટટ્ટાર થઈ, એકબીજાને ડારવા માંડી પછી પહેલીવાર આમ અળસિયું થઈ છે! મકાનો તેનામાં વસતા માણસોને લઈ આકાશમાં રાતે રાતે ઊડે છે ને સવાર થતાં પહેલાં પોતાના સ્થાને આવી એ રીતે ગોઠવાઈ જાય છે કે ઊડ્યા જ ન હોય!

આમ તો અહીં તમે ને હું છીએ પણ એકબીજાથી સંગોપાયેલા, છાના, ચૂપ. હથેળીમાં સ્પર્શની સ્મૃતિઓ ટળવળી રહી છે. શબ્દો ઉચ્ચારતાં જ પ્રગટતી ઉષ્મા અત્યારે ભીતર ગોળ ઘૂમરાઈ ને વંટોળ જગાવી રહી છે. ક્યારેક મને ઊંડે પાતાળે. ક્યારેક ઊંચે આકાશે જવાનું મન થાય છે. પણ મારા પગે મારો ભાર એટલો વધી ગયો છે કે જાણે હું ગુરુત્વાકર્ષણ ગુમાવી બેઠો હોઉં!

દેશોના દેશ નાનાં ટપકામાં ફેરવાઈ ગયા છે ને માણસો એવા આંકડામાં જેમાં રોજ બાદબાકી લખાયેલી હોય. રસ્તાઓ પર સૂનકાર પથરાયેલો છે. જો આમ ને આમ રહેશે તો અહીં જંગલો ઊગી આવશે. રસ્તાઓએ ક્યાંય જવું નથી કે કોઈનેય ક્યાંય લઈ જવા નથી. પણ તરછોડાયેલા કોઈ આવે તો તે મૂઢતામાંથી જાગે છે ને વતન દેખાડે છે. આખી પૃથ્વી પર લાખો માઈલ પથરાયેલા રસ્તા માણસસૂના? બધા લોકો પોતાને વળગીને બેઠા છે ચસોચસ.

એક અધિકારીને અરજી મળી છે, 'અમારે હનીમૂન પર જવું છે, જઈએ?' અધિકારીએ શેરો માર્યો, 'જઈ શકો છો પણ સહશયન નહીં!' આ સમય જ એવો છે! મોનાલિસા હસે છે કે રડે છે એ સવાલનો ઉત્તર મને અચાનક સમજાવો શરૂ થયો! બિમલ રોય અને ઋત્વિક ઘટકની ફિલ્મોમાં ઘૂંટાયેલું એકાંત છાતી સમું આવી ગયું. તૈયબ મહેતાના કેન્વાસનો અવકાશ છાતીમાં શીંગડાં ઉછાળતો ઊતરી ગયો. પણ

આ બધા વચ્ચે અમારા ઘરમાં રહેતી બિલાડીને જોઉં છું. સામાન્યપણે તે ઘરના કોઈ ને કોઈ ખૂણે યા અમારી પથારી યા ખુરશી પર સૂતી રહે છે. ચોથા માળના અમારા ઘરમાં ક્યારેક નીચેથી કૂતરાના ભસવા યા લડવાનો અવાજ આવે તો સફાળી જાગે છે ને ફરી આંખ મીંચી જાય છે. મને આ બિલાડીને અને આમ કહો તો રોજ ગેલેરીમાં આવતા કાગડાની, ઝાડ પર દોડતી રહેલી ખિસકોલીની અને સાંજ થતાં હારબંધ ઊડતાં પંખીઓની ઈર્ષા આવે છે. તેમને કોઈ મહામારીની ખબર જ નથી. ફ્લોરા ફાઉન્ટનના રસ્તા પર સૂતેલા કૂતરાની તસવીર જોઉં છું. કૂતરાને ઇતિહાસની ખબર નથી પણ તે ઐતિહાસિક ઘટના બની રસ્તા પર સૂતો છે. કહે છે કે દેશમાં અનેક ઠેકાણે વન્યજીવો ઊતરી આવ્યા છે. નદીઓ નિરાંતજીવે પોતાના પાણીમાં વહી રહી છે અને તેનામાં વસતા જીવોને પણ નિરાંત છે. નદી જાણે પોતાની પવિત્રતાની ખોજમાં વહી રહી છે. તેના કિનારે પડેલી હોડીઓ હેલારી રહી છે. નદીનાં હેવાયાં પંખીઓ હોડી પર આવી સાંજે બેસે છે ને કશુંક ગાય છે ને નદીને જ તેની ભાષા સમજાય છે!

તસવીરોમાંથી તાકી રહેલાં મારાં બા-બાપુજીને તાકું છું. તેમણે હજુ પણ આ સમયમાં પાછાં વળવું છે ને હું તેમને કહું છું કે આ સમય તસવીર થવાનો છે ને તેમાં જ તમો છો તો તેમ જ રહો. હોસ્પિટલમાં કોઈ જોર જોરથી હાંફી રહ્યું છે ને તેમનાં ફેફસાં ધમણ બની ગયાં છે તેની તેમને ખબર જ નથી. તેમને એ પણ ખબર નથી કે આખું મનુષ્યત્વ અપરાધીના પિંજરમાં ઊભું છું. અત્યારે ફક્ત નિસર્ગ જ તેની આપલીલામાં છે. તૃણનો વિદ્રોહ રોજ જમીન પર ફૂટી નીકળે છે ને આંબા પર કેરી આવી છે ને કહે છે કોઈ મને અડો વિતેલાં વર્ષોની જેમ! ચીકુ તો રાહ જોઈ જોઈને પડી ગયાં. માણસોના હાથ ઊંચા થતા નથી અને ભીડેલી મુઠ્ઠીઓ ખૂલતી નથી.

હું આ સમયને ઇતિહાસમાં નોંધીશ કોરાં પાનાં રાખીને. જમણો હાથ ડાબાને અડતાં ડરતો હોય એવા સમય તરીકે નોંધીશ. તમે અમારા ઘરે નહોતા આવ્યા ને મેં પણ તમારા ઘર તરફ આવવા પગ ઉપાડ્યા નથી. માટીથી ઊગેલાં ધાનમાં માટી ભળી ગઈ છે. તમે આવ્યા હોત તો તમારી થાળીમાં મેં શું પીરસ્યું હોત? ઘરમાં ઘણી થાળીઓ વધારાની થઈ પડી છે. તમે આવો હવે ને સાથે પેલી નદીનાં જળ અને થોડો પવન લેતા આવજો. આટલું એકલું મને ક્યારેય નથી લાગ્યું. હું મારામાં એકલો ક્યાં સુધી પડ્યો રહીશ?

❑❑❑



‘સોશ્યલ ડિસ્ટન્સિંગ’ અને ‘માસ્ક’

□ ધીરેન્દ્ર મહેતા

પ્રિય ગિરા,

સબ સલામત? કેવું લાગે છે? સલામતીનું કવચ ધારણ કરી લીધું? 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' અને 'માસ્ક.' હા, તેમ છતાં, આપણને ખબર છે, કશુંક આપણી ચોતરફ હરીફરી રહ્યું છે, દેખાતું નથી પરંતુ એ છે એ બાબત કશો સંશય નથી. એણે પણ જાણે કે બુકાની ધારણ કરેલી છે એટલે ઓળખાતું નથી, એને 'કોવિડ ઓગણીસ', એવું નામ તો આપેલું છે પરંતુ આપણે એનો ઝાઝો પરિચય ક્યાં છે? એનાથી બચી જવાય, એવી લાગણી થયા કરે છે અને નહીં બચી શકાય એવી ભીતિ રહ્યા કરે છે...

શાનો છે આ ભય? સામૂહિક ભય. મૃત્યુનો? સામૂહિક મૃત્યુ. આમાં

કેટકેટલા લોકો સાથે છે, એ હકીકત કેટલું આશ્વાસન પૂરું પાડે છે! પરંતુ આ કોરોના જેવા જ, પણ એનાથી કંઈક જુદા, વાઈરસનોય મને અનુભવ છે; (તને છે, એમ પૂછવું છે પરંતુ પૂછી શકાતું નથી.) એનું તો નામ પણ પાડી શકાતું નથી કેમ કે એ નિજી અનુભવ છે, એકદમ નિજી. એ કોઈને કહી શકાતો નથી કે અન્ય કોઈ પાસેથી જાણી શકાતો પણ નથી, એટલો નિજી. અને એમાં સાથે હોય છે કેવળ તરફડાટ... એનાથી જે ભય લાગે છે તે જીવનનો ભય છે. અને એ ક્ષણે એમ સમજાય છે કે મૃત્યુ અને જીવન એટલાં જુદાં નથી જેટલાં આપણે માની લીધાં છે.

ગિરા, આ વાઈરસ પણ મારી ભીતર સંક્રમણ કરે છે, શ્વાસને રૂંધે છે, અદૃષ્ટ રહીને ભીંસ વધારે છે, ને ખતમ કરે છે. આમ કહું છું ને સાચો પ્રશ્ન ઊઠે છે, ખતમ કરે છે? તો આ વાઈરસ ફરીફરીને કોના પર હુમલો કરે છે? મૃત શરીર પર? સંક્રમણ કરે છે ને ફરીફરીને ભીંસમાં લે છે...

પહેલાં તો કેટલાય વખત સુધી મને એમ હતું કે હું એને ઓળખું છું. હું એના સંસર્ગમાં પણ હતી, છતાં એની મુખાકૃતિ માસ્કથી ઢંકાયેલી હોવાનો આ અંદેશો સુધ્ધાં મને નહોતો. શું કારણ હશે એવું? એની ફરતે કદાચ બીજાં આવરણ હતાં. એનો ફરફરાટ હતો. એમાંથી મંદમંદ સૂરાવલિઓ સંભળાતી હતી. એની વચ્ચે કલ્પનાની મદદથી હું એક મનગમતી મુખાકૃતિ રચતી હતી. એક મનોહર સ્વપ્નસૃષ્ટિ જેવું વાતાવરણ હતું... તને યાદ છે ગિરા, એ વખતે તેં મને ઉલ્લાસભેર કહ્યું હતું, 'તને મળેલા આ મુક્ત આકાશમાં હવે ઊડ્યા કરજે, પંખિણી!...' અને મેં એમ જ જેની સાથે ઊડ્યા કર્યું હતું એ મુખાકૃતિ હજીય મને દિવસના અજવાસમાં જોવા મળે છે ખરી, પરંતુ મને એવું લાગે છે, જાણે એણે માસ્ક ધારણ કરેલો છે...

દિવસ ઊગે છે, સૌમ્ય અરુણોદય સાથે! એ સૌહાર્દપૂર્ણ હવામાનમાં શ્વાસોચ્છ્વાસ ચાલે છે, કેટલી સહજતાથી! પરંતુ સાંજે નમે છે, અને એ બધું સંકેલાઈ જાય છે. દિવસનો અજવાસ ઝાંખોપાંખો થઈ જાય છે. હું સ્નાન કરું છું ત્યારે ત્વચા પરથી દદડતું પાણી જાણે ત્વચાને પણ પોતાની સાથે લઈ જાય છે. નાઈટી પહેરીને બાથરૂમમાંથી બહાર નીકળતી વખતે એમ થાય છે કે જાણે એ પહેર્યા વિના જ નીકળી રહી છું. ગિરા, આ રાત્રિવસ્ત્રો કેટલુંબધું ઢાંકી દે છે અને કેટલુંબધું ખુલ્લું પાડી દે છે, નહીં?

...આવી એક શૃંખલા હતી મારા દિવસ અને મારી રાતની ફરતે વીંટળાયેલી અને બંધાયેલી... એને કોરોનાએ તોડી નાખી! અમારા બેડરૂમ અલગ થઈ ગયા છે- 'સોશ્યલ ડિસ્ટન્સિંગ.' અને અમે બન્ને માસ્ક પહેરીને હરીએફરીએ છીએ- બન્ને, હું પણ. અદૃષ્ટ નહીં,

દષ્ટિગોચર માસ્ક.

ગિરા, લે, આ સુખદ સમાચાર! મને કોરોનાએ આપેલી ભેટ! હવે ભલે રાત પડે, હું બચી ગઈ છું, કદાચ સુરક્ષિત છું.

* * *

કોવિડ ઓગણીસથી દુનિયાભરમાં થઈ રહેલાં મોતના આંકડા વાઈરસની જેમ ધસમસતા આવી રહ્યા છે. કેવી કેવી વિચિત્ર ઘટનાઓ ઘટે છે! અમારી સામેની વસાહતના એક ઝૂંપડામાં એક સ્ત્રી વરસોથી કોમામાં જીવી રહી છે. હા, જીવી રહી છે કારણ કે શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યા છે. એનો પતિ એની ખૂબ કાળજી લઈ રહ્યો છે, સહુ જુએ છે. પરંતુ એની પથારી પાસે ઊભા રહેલા એના પતિને જોઉં ને મને એમ થાય કે ચાલી રહેલા એ શ્વાસ બંધ થાય એની રાહ એ જોઈ રહ્યો છે. અને શું બન્યું, ખબર છે? એનો પતિ કોરોનોમાં ગયો અને એ સ્ત્રીના શ્વાસોચ્છ્વાસ હજુ ચાલી રહ્યા છે. હવે એની પાસે કોઈ જાય છે કે કેમ, તેની ખબર નથી- ક્વોરન્ટાઈન! જે અચેત અસ્તિત્વ સામેથી એનો સ્વામી ખસવા તૈયાર નહોતો એને અદષ્ટ કોરોના ઘડીના છઠ્ઠા ભાગમાં કેટલો આઘો ખેંચી ગયો!

એનું મૃત્યુ થશે ત્યારે એનો સમાવેશ જાહેર થઈ રહેલા આંકડામાં હશે? અને મારો? સાજી થઈ ગયેલી વ્યક્તિઓમાં?

- અમી

❑❑❑

રુચિરામ સાહની
(ઈ.સ.૧૮૬૩-૧૯૪૮)

❑ અરવિંદ ગુપ્તા ❑ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી. અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ ભારતમાં આધુનિક વિજ્ઞાનની પરંપરાઓને સ્થાપિત કરવાવાળા અગ્રણીઓમાંના એક પ્રાધ્યાપક રુચિરામ સાહનીની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. તેઓ એક વૈજ્ઞાનિક, નવોન્મેષી, ઉત્સાહી શિક્ષાવિદ્, સાચ્ચા દેશભક્ત તેમ જ સમર્પિત સમાજસેવી હતા. વિજ્ઞાન લોકપ્રિયકરણના ક્ષેત્રમાં તેમનું યોગદાન અજોડ હતું.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત્ર રહ્યા. તેમ જ ખ્યાતનામ ખગોળવિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી.પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ

અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસે નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજમાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના "Toy From Trash" પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાન શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી. અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાંચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી. હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

રુચિરામ સાહની એક અગ્રણી કેળવણીકાર હતા જેમણે પંજાબના દૂરવર્તી પ્રદેશોમાં વિજ્ઞાનના જ્ઞાનને લોકપ્રિય બનાવ્યું અને તેનો પ્રચાર પ્રસાર કર્યો. તેમનો જન્મ ૫ એપ્રિલ ઈ. સ. ૧૮૬૩માં અવિભાજિત ભારતમાં સિંધુ નદીના કિનારે વસેલ ડેરા ઇસ્માઈલ ખાન નામના નાના ગામડામાં થયો (જે હાલ પાકિસ્તાનમાં સ્થિત છે). થોડો સમય એક અનૌપચારિક શાળામાં ભણ્યા પછી ૫-૬ વર્ષની ઉંમર થતાં તેમને વ્યવહારુ શિક્ષણ મળી રહે તે માટે એક નાની દુકાન અને વેપારી પેઢીમાં મોકલી અપાયા. તે પછી ૯-૧૦ વર્ષની ઉંમરે તેમણે પોતાના પિતાની દુકાનમાં




કામ કરવાનું શરૂ કર્યું.

પણ બહુ જલદી તેમના જીવનમાં એક મોટો વળાંક આવ્યો. તેમના પિતાનાં માલથી ભરેલાં ઘણાં જહાજો સિંધુ નદીમાં ડૂબી જવાથી તેમના પિતાને ઘણું આર્થિક નુકસાન થયું અને તેમનો વેપાર પડી ભાંગ્યો. તે પછી રુચિરામને ભણવા માટે ચર્ચની મિશનરી શાળામાં મોકલી અપાયા પણ તે શાળા એક વર્ષ પછી બંધ કરી દેવાઈ કારણકે શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ ઈસાઈ ધર્મ અંગીકાર કરવાનો નિર્ણય લેતાં ઘણા વિદ્યાર્થીઓના વાલીઓએ શાળા સામે વાંધો ઉઠાવ્યો. તે પછી આ સમુદાયે ભેગા મળીને એક શાળા શરૂ કરી જેના માટે નાણાંની વ્યવસ્થા કરવા માટે દરરોજ શહેરની બજારમાં (જેને પંજાબમાં 'મંડી' તરીકે સંબોધવામાં આવે છે) તેઓ જે ઘઉં વેંચતા તેની આવકમાંથી થોડા પૈસા અલગ તારવી શાળાને દાન આપતા. ૧૫ વર્ષની ઉંમરે રુચિરામ માધ્યમિક શાળાની પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવીને ઉત્તીર્ણ થયા, અને તેમણે ઝંગ નજીક આવેલી ઉચ્ચ માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવી લીધો. શાળામાં જોડાયા પછી થોડા જ સમયમાં તેમને જાણ થઈ કે તેમના પિતા ગંભીર રીતે બીમાર છે અને તેમને થોડા સમય માટે ઘરે પાછા ફરવું પડ્યું. લગભગ ૨૫૦ કિ.મી.નો આ દુષ્કર પ્રવાસ તેમણે બળદગાડી, હોડી અને ઊંટથી તેમ જ ક્યાંક પૈસા બચાવવા માટે પગપાળા પણ કર્યો. ઈ. સ. ૧૮૭૯માં પોતાના પરિવારને આર્થિક નુકસાનીને લીધે ઘોર નાણાંભીડમાં મૂકીને રુચિરામના પિતાનું નિધન થયું. તેમ છતાં રુચિરામે અભ્યાસ આગળ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. ઈ. સ. ૧૮૮૪માં તેમણે લાહોરના શાસકીય મહાવિદ્યાલય (Government College)માંથી કળાક્ષેત્રે સ્નાતક (Bachelor of Arts)ની પરીક્ષા ઉત્તીર્ણ કરી અને પંજાબ વિશ્વવિદ્યાલયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. રુચિરામ ચર્ચાસત્રોમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ રીતે સંવાદ સાધતા તેમ જ ઘણી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ હોંશથી ભાગ લેતા.

આર્થિક સંકડામણને લીધે રુચિરામે કલકત્તાના હવામાન ખાતામાં નોકરી કરી. તેમના પ્રેરણાદાયી શિક્ષક પ્રાધ્યાપક ઓમને તેમને 'કમાઓ અને ખાઓ'ને બદલે 'કમાઓ અને ભણો'ની સલાહ આપી અને કલકત્તાની પ્રસિદ્ધ પ્રેસિડેન્સી કોલેજમાંથી સ્નાતકોત્તર પદવી (Master Degree)નો અભ્યાસક્રમ પૂર્ણ કરવા કહ્યું. કલકત્તામાં વસવાટ દરમિયાન રુચિરામ બ્રહ્મોસમાજમાં ઊંડો રસ લેવા લાગ્યા તેમ જ આશુતોષ બોસ, પ્રફુલ્લચંદ્ર રે અને જગદીશચંદ્ર બોસ જેવા વૈજ્ઞાનિકો અને સમાજસુધારકોના ગાઢ સંપર્કમાં આવ્યા. તે પછી તેમની બદલી સિમલા ખાતે હવામાન વિભાગના મુખ્યાલયમાં થઈ. અહીં તેઓ દૈનિક તેમ જ માસિક

હવામાનના અહેવાલો તૈયાર કરતા. તેમણે એકવાર બંગાળની ખાડીમાં આવનાર વાવાઝોડાની સચોટ આગાહી કરી અને જેના લીધે સમયસર ચેતવણી પ્રસાર કરી તટવર્તી પ્રદેશોને અને ઘણાં જહાજોને વિનાશથી ઉગારી લીધાં.

ઈ. સ. ૧૮૮૭માં સાહની લાહોરના શાસકીય મહાવિદ્યાલયમાં વિજ્ઞાનના સહાયક પ્રાધ્યાપક તરીકે જોડાયા. અને પછીથી તેમણે રસાયણવિજ્ઞાન વિભાગનો હવાલો સંભાળ્યો. તેઓ પોતાનાં વ્યાખ્યાનોને પ્રાયોગિક નિદર્શનો દ્વારા જીવંત બનાવતા. જેના લીધે તેઓ વિદ્યાર્થીઓમાં માનીતા શિક્ષક તરીકે ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યા. આ વિભાગનો વડો (Head of Department) એક બ્રિટિશ પ્રાધ્યાપક હતો. તે સાહનીની વધતી લોકપ્રિયતાથી તેમની ઈર્ષા કરતો અને તેણે સાહનીનું મહાવિદ્યાલયમાં જીવન દુષ્કર બનાવી દીધું. આખરે સ્વમાની સાહનીએ નોકરી છોડી દીધી અને એક રસાયણ બનાવવાનું કારખાનું



ખોલ્યું જે બરાબર ચાલ્યું નહીં.


ઈ. સ. ૧૯૧૪માં સાહની ડો. કાસિમિર ફાજન્સ સાથે કિરણોત્સર્ગ (Radioactivity)ના ઊભરતા ક્ષેત્રમાં સંશોધન કરવા માટે જર્મની ચાલ્યા ગયા. પણ હજુ તેઓ જર્મનીમાં ઠરીઠામ થાય ત્યાં સુધીમાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને તેમને તરત જ ઇંગ્લેન્ડ ભાગી છૂટવું પડ્યું.

સાહની ભાગ્યશાળી નીવડ્યા કે ઇંગ્લેન્ડમાં તેમને વિશ્વપ્રસિદ્ધ પરમાણુ ભૌતિકવિજ્ઞાની લોર્ડ અર્નેસ્ટ રથરફોર્ડ સાથે કામ કરવા મળ્યું તેમ જ આ કામમાં તેમને નીલ્સ બોહરનો સહયોગ સાંપડ્યો. તેમણે પ્રાધ્યાપક રથરફોર્ડ સાથે સંયુક્ત લેખક તરીકે બે સંશોધનપત્રો પ્રગટ કર્યાં જેનો વિષય હતો “Scattering of Alpha Particles in Photographic Emulsion”. યુદ્ધની પાયમાલીને લીધે ઇંગ્લેન્ડમાં પણ પરિસ્થિતિઓ જટિલ બની રહી હતી તેથી સાહની ભારત જલદીથી પરત ફર્યાં.

પરત ફરીને સાહની Punjab Science Institute (PSI)માં સહસચિવ (Joint Secretary) તરીકે જોડાયા. PSIની સ્થાપના પ્રાધ્યાપક ઓમને કરી હતી. PSIની સ્થાપનાનો હેતુ ફાનસની સ્લાઈડો તેમ જ વાસ્તવિક નિદર્શનોની મદદથી લોકપ્રિય વિજ્ઞાન વિષયક વ્યાખ્યાનોનું આયોજન કરી આખાયે પંજાબમાં વૈજ્ઞાનિક જ્ઞાનનો પ્રચાર પ્રસાર કરવાનો હતો. તે સમયનું પંજાબ દિલ્હીથી લઈને પેશાવર સુધી ફેલાયેલું હતું. પોતાના સિમલાના વસવાટ દરમિયાન સાહનીએ 'હવામાનની આગાહી' જેવા વિષયો ઉપર અગાઉથી જ લોકપ્રિય વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ વ્યાખ્યાનો સામાન્ય જનતામાં ખૂબ જ લોકપ્રિય થયાં. ગ્રામીણ અને શહેરી લોકો, મજૂરો, અને દુકાનદારો આ વ્યાખ્યાનોમાં હાજર રહેવા વારંવાર મોટી સંખ્યામાં આવતા તેમ જ બે આનાની 'ટિકિટ' લઈને નિદર્શનોને નિહાળતા! આ ફીને લીધે મુસાફરીનો થોડો ખર્ચો નીકળી રહેતો. સાહનીના લોકપ્રિય વ્યાખ્યાનોની શ્રેણીઓ સામાન્યપણે રોજિંદા ઘટમાળની વિષયવસ્તુઓને આવરી લેતા, જેવા કે : સાબુનું નિર્માણ, ઈ. સ. ૧૮૮૦ પહેલાં લાહોરનું પીવાનું પાણી, સ્વચ્છ અને અસ્વચ્છ હવા, માનવની સેવામાં વિદ્યુત, વિદ્યુત-ઢોળ (Electroplating), કાચનું નિર્માણ, પંજાબ અને તેની નદીઓ (જેને તેઓ માટી વડે બનાવેલા મોટા ઉભારદાર નકશાની મદદથી સચિત્ર ઢબે રજૂ કરતા) અને હજુ આવાજ બીજા ઘણા વિષયો...

આ લોકપ્રિય વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો મુખ્ય શહેરની બજારો અને ગ્રામીણ વિસ્તારોમાં વિશાળ મેદની એકઠી કરવા માટે તહેવારોમાં તેમ જ મેળાઓ ભરાય તે દરમિયાન ગોઠવવામાં

આવતા. ગ્રામવાસીઓ માટે આ વ્યાખ્યાનોને આકર્ષક બનાવવા માટે તેને નાટકીય ઢબે રજૂ કરવામાં આવતાં. આ વ્યાખ્યાનોએ લોકોમાં વિજ્ઞાનના અધ્યયન માટે જબરદસ્ત રસ કેળવ્યો. સાહનીનાં વ્યાખ્યાનોની હંમેશાં માગ રહેતી અને તેમણે ૫૦૦થી પણ વધારે આવા લોકપ્રિય વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો આપ્યાં!




સાહનીને ભાન થયું કે શાળા અને મહાવિદ્યાલયોમાં પ્રયોગશાળાઓનો સદંતર અભાવ હતો. બધાં વૈજ્ઞાનિક ઉપકરણો વિદેશમાંથી વધુ પડતી ઊંચી કિંમતો ચૂકવી આયાત કરવામાં આવતાં. ઈ. સ. ૧૮૮૮માં તેમણે ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં ભારતમાં જ બનેલાં વૈજ્ઞાનિક ઉપકરણો બનાવવા માટે પોતાના જ ઘરમાં એક નાનકડું કારખાનું શરૂ કર્યું. તેમાં કામ કરવા માટે તેમણે અલ્લાહ બક્ષ નામના રેલવેના એક કુશળ કારીગરને અંશકાલિક કામદાર (Part-time Worker) તરીકે નિયુક્ત કર્યો. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં પ્રયોગાત્મક કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે અહીં બનાવાતાં વૈજ્ઞાનિક ઉપકરણોને ઘણીવાર શાળાઓ તથા મહાવિદ્યાલયોને ભેટ આપતા અથવા ફક્ત તેની પડતર કિંમત વસૂલી વેંચવામાં આવતાં. પછીથી આ કારખાનામાં ખરાદીનો સંઘાડો (Lathe Machine-કાષ્ઠ, ધાતુ ઇત્યાદિની બનાવટનું ઘાટ ઉતારવાનું યંત્ર) વસાવી લેવામાં આવ્યું અને આ કારખાનું ઉચ્ચ ગુણવત્તા તેમ જ ચોકસાઈ ધરાવતાં વૈજ્ઞાનિક ઉપકરણોના ઉત્પાદન માટે પ્રખ્યાત થયું.

ઈ. સ. ૧૮૯૩માં જાણીતા સામાજિક

કાર્યકર શ્રી. ના.મ. જોષીએ પ્રાધ્યાપક સાહનીને એક પરિષદમાં ભાગ લેવા માટે પૂના આવવા આમંત્રિત કર્યા. સાહનીએ પોતાનાં તૈયાર કરેલાં વૈજ્ઞાનિક ઉપકરણોનું પ્રદર્શન કરવા માટે આ તક ઝડપી લીધી. આ ઉપકરણોનું પરીક્ષણ કરવા તેમ જ તેમના પર ભલામણો આપવા માટે ત્રણ સભ્યો ધરાવતી સમિતિનું ગઠન કરવામાં આવ્યું. સમિતિના સભ્યોને વિશ્વાસ જ નહોતો બેસતો કે આવી ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં ઉપકરણો લાહોર અથવા ભારતના જ કોઈ પ્રદેશમાં બનેલાં છે. સમિતિને લાગ્યું કે આ ઉપકરણો ઇંગ્લેન્ડમાં બનેલાં છે અને PSI ના કારખાનાએ તેમને ફરી રંગી ભારતીય ઓપ આપી તેમને સ્વદેશીમાં ખપાવી રહ્યું છે! તેમને સર્વથા વિશ્વાસ જ નહોતો બેસતો કે આટલી ચોકસાઈ ધરાવતાં વૈજ્ઞાનિક ઉપકરણો ભારતમાં જ અડધી કિંમતમાં બનાવી શકાય છે.

ઈ. સ. ૧૯૦૬માં કલકત્તા ઔદ્યોગિક પ્રદર્શનમાં આ વૈજ્ઞાનિક ઉપકરણોને દર્શાવવામાં આવ્યાં અને તેમને સુવર્ણ ચંદ્રક મળ્યો. પ્રતિયોગિતાની નિર્ણાયક સમિતિમાં પ્રાધ્યાપક જગદીશચંદ્ર બોસ પણ એક નિર્ણાયક તરીકે સામેલ હતા.

ઈ. સ. ૧૯૧૮માં સાહની શાસકીય મહાવિદ્યાલય, લાહોરમાંથી રસાયણવિજ્ઞાનના વરિષ્ઠ પ્રાધ્યાપકના



પદેથી સેવાનિવૃત્ત થયા. તે પછી તેઓ મહાત્મા ગાંધીના સંપર્કમાં આવ્યા અને તેમણે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું. તેઓ લાહોરથી પ્રકાશિત થતા વર્તમાનપત્ર The Tribuneના સંસ્થાપક તેમ જ ન્યાસી (Trustee) હતા. તેઓ દયાલસિંઘ મહાવિદ્યાલય અને પુસ્તકાલયના પણ સંસ્થાપક સભ્યોમાંના એક હતા.

પ્રાધ્યાપક સાહનીને પાંચ દીકરા તેમ જ ચાર દીકરીઓ હતી. વિખ્યાત જીવાશ્મવિજ્ઞાની બિરબલ સાહની તેમના પુત્ર હતા. બિરબલ સાહની પ્રથમ ભારતીય વનસ્પતિવિજ્ઞાની હતા જેમણે લંડનની રોયલ સોસાયટીમાંથી

''મારા પિતાએ મને ગણિતનાં પલાખાં શીખવાડવા માટે એક પંડિતજીને રાખ્યા હતા. મને પલાખાં પાઠ કરાવવા માટે તેમજ અસ્ખલિત રીતે ખચકાટ વિના બોલી બતાવવા માટે મારા પિતા પંડિતજીને પલાખાં દીઠ ચાર આના રોકડા આપતા. પંડિતજી માટે આ નાણાં તેમની રોજિંદી ફી જે તેમને વિદ્યાર્થીઓ દ્વારા દર સપ્તાહે લોટ, ગોળ વગેરેના રૂપે મળતી તેના ઉપરાંત મળતી... જ્યારે મેં પંડિતજી પાસે વિદાય લીધી ત્યારે મને ૨૦ x ૩૫ સુધીના પલાખાં મુખપાઠ હતાં તેમજ અપૂર્ણાંક પલાખાં પણ મુખપાઠ હતાં...

તે પછી મને એક-બે મહિના એક સામાન્ય દુકાનદારને ત્યાં વિતાવવા પડ્યા. અહીં મને શીખેલાં પલાખાં અને થોડું ઘણું અંકગણિત પણ કામે લાગ્યાં. જ્યાં સુધી મને યાદ છે, મને વસ્તુઓના ભાવોની ગણતરીમાં ક્યારેય કોઈ મુશ્કેલી ન પડી. કદાચ મને આ કામમાં જોતરવાનો ખરો હેતુ હું જે કાંઈ ભણ્યો તેનો રોજિંદા વ્યવહારમાં અમલ કરતા શીખવવાનો હતો. આ પલાખાંઓ ફક્ત દિમાગી કસરત માટે જ ન હતાં. તેમનો ખૂબ જ વિપુલ પ્રમાણમાં વ્યાવહારિક ઉપયોગ હતો જેનો બરાબર ઉપયોગ ન થાય તો વેપારમાં મોટી ખોટ ભોગવવી પડે. તેથી કરીને આ ગણતરીઓ ઝડપી અને સચોટ રીતે કરવી ખૂબ જ અગત્યની હતી.''

- રુચિરામ સાહનીની આત્મકથામાંથી સાભાર

અધ્યેતાવૃત્તિ(Fellowship) મેળવી હતી.


તેમના પૌત્ર પ્રાધ્યાપક અશોક સાહની વિખ્યાત ભૂસ્તરવિજ્ઞાની હતા અને તેઓ ચંડીગઢની પંજાબ વિશ્વવિદ્યાલયમાંથી ભૂસ્તરવિજ્ઞાન વિભાગમાંથી સેવાનિવૃત્ત થયા. તેમના પૌત્રી પ્રાધ્યાપક મોહિની મલ્લિકે આઈ.આઈ.ટી. કાનપુરના વિદ્યાર્થીઓની કેટલીયે પેઢીઓને પ્રતીકાત્મક તર્કશાસ્ત્ર (Symbolic Logic) જેવા વિષયમાં પોતાની ગહન આંતરસૂઝ વડે પ્રેરિત કર્યા.

પોતાની આત્મકથા Self-revelations of an octogenarian (80 થી 89 વર્ષની ઉંમરની વ્યક્તિનો સ્વ-સાક્ષાત્કાર)માં રુચિરામ સાહનીએ પોતાના જીવનના સંઘર્ષોનું વિગતવાર વર્ણન કર્યું. પ્રાધ્યાપક રુચિરામ સાહની જેમણે પંજાબમાં વૈજ્ઞાનિક પુનરુત્થાન માટે જીવનભર કામ કર્યું. તેઓ ૮૭ વર્ષની ઉંમરે ૩ જૂન ઈ. સ. ૧૯૪૮માં મુંબઈમાં આ ફાની દુનિયાને અલવિદા કહી ગયા.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



□ પ્રવીણસિંહ ચાવડા

૧૬. હંગર આર્ટિસ્ટ

અહીં મને, કોઈ કોઈ નહીં પણ બધા વાચકોના હોઠ પર આછું વક્ર સ્મિત રમતું દેખાય છે.

વાહ, લેખકશ્રી! અમે આપની ચતુરાઈ ઉપર વારી જઈએ છીએ!

ભાવનગર શહેર સુંદર, જિલ્લો રળિયામણો, માણસો સીધા અને સંસ્કારી, શિક્ષણની સંસ્થાઓ આદર્શ નમૂનારૂપ, ઓફિસનો સ્ટાફ વિનમ્ર, કાર્યદક્ષ.

બધી દિશાઓમાં થોડો છંટકાવ કર્યો; પછી આખો કળશ પોતાના મસ્તક પર રેડી દીધો!

ભોળું ભટાક ચિત્ર દોરાઈ રહ્યું છે. બસ, દૂર ક્યાંક વૃક્ષની નીચે ગોપ બાળને બેસાડી એના મોંમાં વાંસળી ખોસવામાં આવે અને બે-ત્રણ મુગ્ધ પનિહારીઓને રમતી મૂકવામાં આવે એટલે ચિત્ર પૂરું!

* * *

ના, ભાઈ, ના.

સાવ એવું નથી.

નોકરીના પહેલા દિવસે, કચેરીમાં પગ મૂક્યો તે પહેલાં, સર્વ પ્રકારના ભોળપણનો નાશ કરે એવો એક સરરિયલ અનુભવ થયો હતો.

અગાઉ વાત કરી એ પ્રમાણે એક કર્મચારી ભાઈ મને રેસ્ટહાઉસ પર લેવા માટે આવ્યા હતા. બે માળના મોટા મકાન સામે મને ઊભો રાખીને કહે, 'આ આપણી ઓફિસ.'

મકાન, એનો દરવાજો, સામે

દાદર-મને આટલું જ દેખાયું હોત તો ઓફિસપ્રદેશ જેવા શુભ પ્રસંગનું માંગલ્ય અખંડિત રહ્યું હોત, પરંતુ દુર્ભાગ્યે મારામાં અર્જુનના જેવી એકાગ્રતા નહોતી, તેથી પક્ષીની આંખ જ નહીં, આખું પક્ષી, એ જેની ઉપર બેઠું હતું તે ડાળી, વૃક્ષ અને વનની પણ થોડી ઝાંખી થઈ ગઈ.

દરવાજાની બહાર ડાબી બાજુએ નજર પડી. રસ્તા પર નાનકડો મંડપ દેખાયો. તે શું સૂચવતો હતો - ઉત્સવ? કુમકુમનો થાળ લઈ કોઈ કન્યા ઊભી હતી?

ના, તકિયાને અઢેલીને એક સૂકલકડી વૃદ્ધ બેઠા હતા.

દાદર ચડતાં મેં માર્ગદર્શકને પૂછ્યું, 'એ શું છે?'

એમને મારો પ્રશ્ન સમજાયો. નહીં, મને દેખાયું તે એમને દેખાયું નહીં હોય.

'બહાર, દરવાજા પાસે-'

'દરવાજા પાસે શું?'

'મંડપ-'

'એ ને? એ તો કશું નથી.'

કશું નહોતું છતાં મને દેખાયું. તો શું મારે એમ સમજવું કે ભ્રમ હતો? તરસ્યા મૃગને જેમ ભરબપોરે રણમધ્યે જળ દેખાય તેમ નવા અમલદારને કારકિર્દીના પ્રભાતમાં ઉપવાસી વૃદ્ધો દેખાતા હશે?

પહેલો દિવસ, ઘણી ઔપચારિકતાઓ પૂરી કરવાની હોય. વિધિવત્ હોદ્દાનો ચાર્જ સંભાળવો, હેડ ઓફિસમાં એની જાણ કરવી, સ્ટાફ સાથે પરિચય કરવો. કોઈ શુભેચ્છક મળવા આવે, કોઈનો ફોન આવે. એ સંજોગોમાં, ભીતર પ્રશ્નો ઊઠ્યા હોય, સત્યના તાત્ત્વિક સ્વરૂપ વિશે - મને દેખાયું તે સત્ય હતું કે છલ?- તો પણ આપણે કંઈ રાજકુમાર સિદ્ધાર્થ નથી, આપણાથી લાગલી ધડાધડી ન કરી દેવાય કે પેલો કેમ વાંકોવાંકો ચાલતો હતો? પેલા કોઈને પાલખીમાં બાંધીને લોકો ક્યાં લઈ જતા હતા?

એવી અધીરાઈ મહાભિનિષ્ક્રમણ કરનારાઓને શોભે, સામાન્ય મનુષ્યોને નહીં.

તેથી મેં એ દૃશ્યની માનસિક ફાઈલ બનાવી ભીતર ઊઘડેલા એક વહીવટી ખાનામાં મૂકી રાખી.

ઔપચારિકતાઓ પૂરી થઈ, અવરજવર ઓછી થઈ. રિસેસમાં સિનિયર અધિકારીઓ આ માટે મળ્યા ત્યારે મેં પેલા મંડપનો ઉલ્લેખ કર્યો.

પ્રથમ પ્રતિભાવ હાસ્યનો હતો.

'ઈ ને?'

મેં કહ્યું, 'હા, ઈ.'

'ઈ તો અમથો.'

એ સૌના કહેવા પ્રમાણે, આંદોલનો અને ઉપવાસ તો સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ હતું. નાનામોટા નિમિત્તે, નિમિત્ત ન હોય - મોટેભાગે ન હોય - તો ઊભું કરીને,

માણસો સરકારી કચેરી આગળ બેસી જાય. સરકારનાં અનેક ખાતાં, તે દરેકની જિલ્લામથક ઓફિસો, તેથી દરરોજ બે-પાંચ જગ્યાએ તો કાર્યક્રમ હોય જ.

બારમાસી ઉત્સવ.

ઉપવાસનું તે સમયે પ્રચલિત સ્વરૂપ કંઈક આવું હતું:

ધાર્મિક હેતુથી કે આરોગ્ય માટે થતા ઉપવાસમાં ભવ્યતા નથી હોતી. સંઘભાવનાનો આત્મા તે એમની બીજી મર્યાદા છે. માણસ એકલોએકલો કોઈ પણ પ્રવૃત્તિ કરે તેનો કોઈ અર્થ નથી, જંગલ મેં મોર નાચા-કિસને દેખા? રાજકીય ઉપવાસ આમ મર્યાદાઓનો ત્યાગ કરી ઉપર ઊઠે છે. શુદ્ધિકરણની આ પ્રક્રિયામાં ઉપવાસની વિભાવનામાંથી કેટલાક બિનજરૂરી અંશો દૂર કરવામાં આવ્યા છે. દા.ત. અન્નનો ત્યાગ.

વળી, રાજકીય ઉપવાસ કરવાના નહીં, ભજવવાના હોય છે. તે માટે સ્ટેજ જોઈએ, પડદાની જરૂર પડે. તેથી, જરૂરી સરસામાનની દુકાનો શહેરમાં ઊભી થઈ હતી. નિષ્ણાત કારીગરો હતા. એમનું તંત્ર ફાયર બ્રિગેડ કરતાં પણ વધારે સજાગ હતું. બસ, ઉપવાસનું સ્થળ તથા મરણિયાઓની સંખ્યા - આ બે વિગતો ફોન દ્વારા જણાવવામાં આવે કે તાબડતોબ છકડો ધમાધમ કરતો આવીને ઊભો રહે, સડક ડામરની હોય કે પથ્થરની - ખોદી નાખવામાં આવે, વાંસ રોપાય અને સંખ્યાને અનુલક્ષીને યોગ્ય કદનો મંડપ ઊભો થઈ જાય.

ગાદી પાથરી તકિયા મૂકો તે ક્ષણે જ અદાકારો છલાંગ મારીને બેસી જાય.

ફારસ છે; એને ગંભીરતાથી ભજવવું છે, લગભગ કરુણની સરહદ સુધી લઈ જવું છે.

જોકે, આ વિષય મારે માટે નવો નહોતો. ચુનીલાલ મડિયાની નવલકથાઓમાં - 'સધરા જેસંગનો સાળો' અને 'સાળાનો સાળો' - મેં આ ઉપવાસીઓને જોયા હતા.

ભૂમિકા સમજી લીધી; હવે એક વ્યક્તિગત કેસ સમજવો જરૂરી હતો. તેથી મેં કહ્યું, 'એ બધું જે હોય તે, આ વૃદ્ધની માગણી શી છે તે કહો.'

વિગતો મળી ત્યારે મને સમજાયું કે પેન્શન માટેની એમની માગણી તદ્દન ગેરવાજબી હતી. એમણે સરકારી કે મ્યુનિસિપલ નહીં, કોઈ ખાનગી પ્રાથમિક શાળામાં વર્ષો પહેલાં થોડા સમય માટે કામ કર્યું હતું: એને આધારે પેન્શનની માગણી કરી રહ્યા હતા.

વળી, આ કાર્યક્રમ ખાસ મારા સ્વાગત માટે ગોઠવાયો હોય એવું નહોતું; અગાઉ અનેકવાર તેઓ આ ભજવી ચૂક્યા હતા. જેને અધિકારી, સગાંવહાલાં, પુત્ર-પુત્રવધૂ - બધાંએ

સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ એમણે ટેક છોડી નહોતી.

સ્થિતિ એ છે કે, કોઈ એમની સામે જોતું નથી.

રમતું રમતું બાળક પણ આવી ચડતું નથી.

શિક્ષક હતા ને? ઉપવાસભવનમાં પણ કાળું પાટિયું તથા રંગરંગીન ચોક રાખે છે. એમાં ગરબડિયા અક્ષરે, દિવસમાં ત્રણ-ચારવાર, નવું નવું કંઈક લખે છેઃ સુભાષિતો, સુવિચારો, દેશોદ્ધાર માટેનાં સરળ સૂચનો.

દેખીતી રીતે એ લખાણને માંડવા સાથે કોઈ સંબંધ નથી, પરંતુ જાણકારોનું માનવું છે કે સુભાષિતો તથા સુવિચારોને છૂટકછૂટક નહીં, પરંતુ ભેગા કરી એક કૃતિ તરીકે આધુનિક કાવ્યની જેમ વાંચવામાં આવે, શબ્દોની પાછળ ડોકિયું કરવામાં આવે, તો સાર આટલો નીકળે છેઃ નવી પેઢીને સંસ્કારો આપવા હોય, દેશને ઊંચે લઈ જવો હોય, માનવજાતનું ઊર્ધ્વીકરણ કરવું હોય, તો મને પેન્શન આપો.

* * *

હકીકત જાણી. હસવા જેવા ભાગ પર હસી લીધું.

પછી શું?

તમે ખુરશીમાં પંખા નીચે બેઠા છો અને બ્યાસી-પંચ્યાસીનો એક વૃદ્ધ બહાર તડકામાં બેઠો છે.

૧૭. મોટું કોણ?

સબ સલામત નહોતું તે હકીકતની પ્રતીતિ શરૂઆતમાં જ એક નાના પ્રસંગથી થઈ ચૂકી હતી.

એક ક્લાર્કે, બારણું અડધા ઈંચ જેટલું ઉઘાડી, એની તિરાડમાંથી ચશ્માંવાળી આંખ પટપટાવતાં પ્રવેશ માટે મંજૂરી માગી અને મંજૂરી મળતાં, તિરાડમાંથી સરકીને અંદર આવ્યો.

વિનમ્રતાથી ઊભો રહ્યો.

મેં પૂછ્યું, 'કેમ?'

'જી, સર.'

'કંઈ કામ હતું?'

'જી-'

એક ડગલું આગળ આવી, ઝૂકીને એક કાગળ મારી સામે મૂક્યો અને વળી બે ડગલાં પાછળ ખસી અદબપૂર્વક ઊભો રહ્યો.

સામાન્ય પદ્ધતિ એવી કે ક્લાર્ક નોંધ મૂકે, સાથે પત્રનો ડ્રાફ્ટ મૂકે; તે હેડક્લાર્ક અને સુપ્રિન્ટેન્ડન્ટ પાસે જાય, એ જુએ, જરૂર જણાય તો સુધારા કરે, સહી કરે; પછી પ્યુન દ્વારા ફાઈલ અધિકારી પાસે આવે.

અહીં ફાઈલ નહોતી; એક પત્ર જ હતો.

તેથી મેં પૂછ્યું, 'અરજન્ટ છે?'

એણે આવેશથી પણ નમ્રતાની માત્રા ઓછી ન થાય એ રીતે બોલવાનું શરૂ કર્યું, 'સાહેબ, આ લોકો આપણને કંઈ

ગણતા નથી, આપણું માન રાખતા નથી-'

'કોણ?'

'આ લોકો.'

'કયા લોકો?'

'બસ, જાણે સરકાર છે જ નહીં.'

મેં એને આશ્વાસન આપતાં કહ્યું, 'એ વિશે ચિંતા કરવી નહીં. સરકાર છે જ. તમે છો, હું છું. તમારા અને મારા અસ્તિત્વને કોણ પડકારી રહ્યું છે?'

'આપણી સૂચનાઓનો અમલ કરે નહીં-'

'ચોથી વાર પૂછું છું કે કયા લોકો? તમે કોની વાત કરો છો?'

'આ લોકભારતીવાળા. અધ્યાપન મંદિરમાં ફાવે તેમ એડમિશન આપે-'

અત્યાર સુધી કાગળ મારી સામે પેપરવેઈટ નીચે પડ્યો હતો. હવે મેં એને હાથમાં લીધો. વાંચ્યો નહીં, માત્ર નજર ફેરવી-

મૌક્તિકો તો મૌક્તિકો છે. ચશ્માં ચડાવી, આંખ ઝીણી કરી એમને શોધવા પડતાં નથી. બાકીના લખાણમાંથી પોતાની જાતને જુદી તારવી તે હવામાં તરવા લાગે છે, તમારી સામે લટકાં કરે છે.

લટકાંના થોડા નમૂનાઃ

- ચલાવી લેવામાં આવશે નહીં!

- પગલાં લેવાની ફરજ પડેશે!

- આથી આદેશ કરવામાં આવ છે કે...

- આ નોટિસનો જવાબ દિન સાતમાં...

હું મુગ્ધ બનીને નિહાળી રહ્યો.

ઊંચું જોયા વગર પૂછ્યું, 'આમાં મારે શું કરવાનું છે?'

'આપની સહી-'

સહી ક્યાં, કાગળના કયા અંગ ઉપર કરવી, નૈઋત્ય કે વાયવ્ય, તેની

કદાચ બિનઅનુભવી માણસને ગતાગમ ન હોય; મારું કામ સરળ બનાવવા એણે આગળ નમીને ટકોરો માર્યો, 'અહીં.'

'સહી તો બધાએ કરી છે; હું અંગૂઠો મારું તો ન ચાલે?'

દરબારી હેં હેં કરવા લાગ્યો. એ ઘડાયેલો હતો. અનેક સાહેબો એના હાથ નીચેથી પસાર થઈ ગયા હતા. જાણતો હતો કે મોટા ભાગના સાહેબો મૂજી હોય પણ કોઈ કોઈ રમૂજી હોય. ચાલુ ઓફિસે ગમ્મતો કરે. પોતે હસે. દરબારીઓને હસવાની ફરજ પાડે. કમર લચકાતી હતી, પગ નૃત્ય કરતા હતા.

એનું નૃત્ય અટકાવ્યા વગર મેં પટાવાળાને બોલાવ્યો. કહ્યું, 'હેડકલાર્ક અને સુપ્રિન્ટેન્ડન્ટને મોકલો.'

એ બંને આવીને બેઠા. વયમાં મારાથી ઘણા મોટા હતા. મને એમની નિષ્ઠા વિશે શંકા નહોતી. એમને દુઃખ થાય, ખોટું લાગે એવું મારે કંઈ કરવું નહોતું, કહેવું નહોતું.

મારે એટલું જ જોઈતું હતું કે એ હાજર રહે અને હું કહું તે સાંભળે.

મેં પત્ર એમને બતાવ્યો, 'આ વાંચ્યો?'

'હા, જી.'

'તમે સહી કરી છે.'

'હા, જી.'

પેલા કલાર્કને કહ્યું, 'હું નવો છું એટલે તમે જે કંઈ મૂકો તે વાંચ્યા વગર સમજ્યા વગર સહી કરીશ એવું માનો છો?'

'ના, ના, સાહેબ–'

'ભાવનગર જિલ્લો અને તેની સંસ્થાઓ વિશે લગભગ કશું જાણતો નથી, પણ મને એટલી તો ખબર છે કે લોકભારતી એટલે શું અને મનુભાઈ પંચોલી તે કોણ.'

પત્રની ભાષા તે પાપ હતું. સહી કરું કે ન કરું, હું કલુષિત થયો હતો.

'ખુરશી પર બેઠા તેથી તમે કે હું મોટા માણસ બની જતા નથી; મોટા આપણે નહીં, એ છેઃ શિક્ષણશાસ્ત્રીઓ, સાહિત્યકારો.'

આ વિધાન હું માનું છું કે, મારી જાતને સંભળાવવા માટે હતું.

* * *

ડો. જોન્સન અને ઇંગ્લંડના તે વખતના રાજવી વચ્ચે થયેલી મુલાકાતનું બોઝવેલે વર્ણન કર્યું છે.

પેલેસની લાઈબ્રેરી અમુક સમય પ્રજાજનો માટે ખુલ્લી રહેતી અને તે હેતુથી જુદું પ્રવેશદ્વાર પણ આપવામાં આવ્યું હતું.

એકવાર મહારાજાએ, લાઈબ્રેરિયનને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું, 'મારા જાણવામાં આવ્યું છે કે ડો. જોન્સન સ્વયં કોઈકોઈવાર આપણી લાઈબ્રેરીમાં પધારે છે; શું આ સાચું છે?'

'હા, જી-'

'તો તમે એક કામ કરો. હવે જ્યારે

તેઓ આવે ત્યારે મને જાણ કરો. એમને કંઈ કહેતા નહીં; ચુપચાપ આવીને મને જણાવી જજો.'

ખૂણાના એક ટેબલ ઉપર એકાગ્રતાપૂર્વક પોતાનું કામ કરતા વિદ્વાનઃ હવામાં સંચાર થયો, કોઈ આવીને ઊભું રહ્યું-

આગંતુકને જોતાંની સાથે વિદ્વાન ઊભા થઈ ગયા, 'મારા મહારાજા!'

'આપ ઊભા ન થાઓ, બેસો, પ્લીઝ; હું તો અમસ્તો, આપને મળવા અને જોવા આવ્યો છું.'

રાજા ઊભા હોય તો એમની સામે પ્રજાજનથી ઓછું જ બેસી શકાય? ઘણી વાતો થઈ, પરંતુ ઊભે ઊભે. રાજા શિષ્યભાવે પૂછે, વિદ્વાન ઉત્તર આપે. યુરોપની અન્ય ભાષાઓમાં- ફ્રેન્ચ, જર્મન-સાહિત્ય તેમ જ જ્ઞાનનાં અન્ય ક્ષેત્રોમાં કેવું કામ થઈ રહ્યું છે? આપના મત પ્રમાણે મોટા કવિઓ-લેખકો કોણ? નવાં સામયિકો? એમની સરખામણીમાં આપણા સાહિત્યનું સ્થાન ક્યાં? મદદ માટે, પ્રોત્સાહન માટે, રાજ્ય શું શું કરી શકે?

એ વાતચીત વિશે ડો. જોન્સને કહ્યું છે, નમ્રતાથી પૂછતા હતા પરંતુ મને લાગ્યું કે વાંચવા જેવું બધું જ મહારાજાએ વાંચ્યું હતું.

એને વાટાઘાટો કહો તો બે રાજવીઓ વચ્ચે હતી.

શાસ્ત્રાર્થ કહો તો બે જ્ઞાનીઓ વચ્ચે હતો.

* * *

ચૂંટણી પછી ગુજરાતમાં સત્તાપલટો થયો, કોંગ્રેસની સરકાર આવી અને માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી બન્યા. મનુભાઈ વિરોધી પક્ષના ગણાય; બાબુભાઈ જશભાઈના મંત્રીમંડળમાં થોડા સમય માટે શિક્ષણમંત્રી પણ રહી ચૂક્યા હતા.

કોઈ પ્રશ્નોની રજૂઆત માટે મનુભાઈએ મુખ્યમંત્રીની મુલાકાત માગી. તારીખ અને સમય નક્કી થયાં.

આ પ્રસંગ મારે ક્યાંક વાંચવાનો કે સાંભળવામાં આવ્યો હતો.


તે વખતે મુખ્યમંત્રીની ઓફિસ જૂના સચિવાલયના બ્લોક નં. 1માં પહેલા માળે હતી. મુલાકાતના દિવસે માધવસિંહે પોતાના સ્ટાફને ચેતવી રાખ્યો હતો. સૂચના આપી હતી! બે માણસોને નીચે પ્રવેશદ્વાર પાસે ઊભા રાખવા. મનુભાઈની ગાડી દેખાય એવા જ દોડીને મને જાણ કરવી અને એમને વિનંતી કરીને બે મિનિટ માટે રોકી રાખવા.

આગમન થયું ત્યારે મુખ્યમંત્રી નીચે એમનું સ્વાગત કરવા ગયા હતા.

[ક્રમશઃ]

"જે વ્યક્તિ પોતાને રાજી રાખી શકતી નથી એને કોઈની જરૂર પડે છે, જો કે એમને કોઈની પડી હોતી નથી." - લોર્ડ હેલિફેક્ષ

રમકડાની બસનું પૈડું



☐ કિરણ વી. મહેતા

"**આ**ટલા દુખી કેમ થઈ ગયા છો? બદલી રદ કરાવવા મુખ્ય ઇજનેરને મળ્યા કે નહીં?" અનિરુદ્ધે પૂછ્યું, એટલે નિસાસો નાખતો હોય એમ અનંત બોલ્યો, "હા, એમને મળ્યો તો હતો, પણ-"

અનંતનો અવાજ ઢીલો હતો અને એમાં હતાશાનો બફારો હતો. મૂંઝવણનાં મોજાં એના મસ્તિષ્કને ઘમરોળી રહ્યાં હતાં. ઊતરી ગયેલા ચહેરે એ બેઠો હતો. પંખાની હવાથી ટેબલ પર પેપરવેઈટ નીચે કાગળો ફરફરતા હતા, પણ કાગળોથી છટકી શકાય એમ નહોતું.

"પણ શું? તમે તો પૂરી વાત જ કરતા નથી! તમારી બદલી રદ કરાવવાના તમારા અભિયાનનું પરિણામ શું આવ્યું?" અનિરુદ્ધે પુન:પ્રશ્નો કર્યા.

"બદલી અટકાવવી કે બદલીનું સ્થળ બદલવું - બંને શક્ય નથી! "

''તે એમાં શું દુખી થવાનું? તમારી બદલી થઈ છે, નોકરી નથી ગઈ કે આમ ઢીલાઢફ થઈને બેઠા છો! લોકો નોકરીઓ કરવા અબુધાબી કે આફ્રિકા જાય છે, તો તમારાથી મિઝોરમ નથી જવાતું? ઉંમર વધે એમ માણસ મનથી મજબૂત થાય, ને તમે તો...'' મોઢું બગાડીને અનિરુદ્ધ એવી રીતે બાલ્યો, જાણે કે એ વધારે કાબેલ હોય! ''ચાલો હું ઘરે જાઉં, મારે બીજાંય કામ છે!'' એમ કહીને એ ગયો.

એ...ય મજાનો એકતાન થઈને માણસ હીંચકે ઝૂલતો હોય અને હીંચકો તૂટતાં એ નીચે પટકાય, ત્યારે જેવી મનોદશા થાય, એવી જ મનોદશા અત્યારે અનંતની હતી. શહેરમાં એની જિંદગીએ મૂળિયાં બરોબર જમાવી લીધાં હતાં ને કંપનીના નવા નિયમો આવતાં એની બદલી ગુજરાતમાંથી મિઝોરમ કરી દેવાઈ હતી. મુખ્ય ઇજનેરને ત્યાં એણે ચાર વાર ધક્કા ખાધા, એમને સમજાવ્યા, વિનવ્યા, ''પ્લીઝ! ક્યાંક નજીકમાં દોઢસો - બસો કિલોમીટરની રેન્જમાં મૂકો તો સારું. મિઝોરમ બહુ દૂર પડે છે! પ્લીઝ!''

''નોકરીમાં બધું મનગમતું શોધવા જશો, તો તમે નોકરી કરી રહ્યા! ઘરે બેસવાનો વારો આવશે!'' મુખ્ય ઇજનેરસાહેબનો જવાબ હતો.

જન્મથી આધેડ વય સુધીની અનંતની જિંદગી અહીં ગુજરાતના શહેરમાં જ વીતી હતી. આ શહેરનો એને ઘણો લગાવ હતો. પિતા મરી જતાં માએ સખત પુરુષાર્થથી અનંત અને અનિરુદ્ધને મોટા કર્યા હતા. એ મૃત્યુ પામી ત્યારે બેય દીકરાઓને થાળે પાડ્યાના સંતોષની સુરખી એના ચહેરા પર હતી. અનંતને સરકારી નોકરી હતી, જ્યારે એનાથી ઉંમરમાં નાનો અનિરુદ્ધ કોઈની દુકાને બેસતો. પહેલેથી જ અનિરુદ્ધનો જીવ ભણવામાં નહીં. આથી, માએ અનંતને કહેલું, ''તારે તો પાકી નોકરી છે, એટલે આવકમાંથી તું નવું મકાન ખરીદી શકીશ, પણ નાનાને આવકનાં કશાં ઠેકાણાં નથી. જો એના નામે મકાન હોય, તો ભવિષ્યમાં એને ટેકો રહે.''

''તને જે ઠીક લાગે તે કર.'' અનંતે ઉદારભાવે સંમતિ આપેલી. આથી, તેઓ જેમાં રહેતાં હતાં, એ પુરાણું ઘર માએ જતાં જતાં અનિરુદ્ધના નામે કરી આપેલું. ઘરની ત્રણ ચાવીઓ હતી. એક મા પાસે, બીજી અનંત પાસે અને ત્રીજી અનિરુદ્ધ પાસે રહેતી. માના અવસાન પછી એ ઘરમાં હવે કોઈ રહેતું નથી. અનંતે ફ્લેટ લીધો હતો અને અનિરુદ્ધ પણ જૂના મકાનથી કંટાળીને ભાડાના નવા મકાનમાં રહેવા ગયો હતો. પુરાણા મકાનમાં ભાડવાત પણ કોઈ રહેવા તૈયાર થયું નહીં, કારણકે, ભંગાર મકાનનું ભાડું આપીને ખખડધજ મકાનમાં રહેવાનું જોખમ ખેડવા કોઈ તૈયાર નહોતું.

નવરાશ મળે ત્યારે નહિ, પણ ખાસ સમય કાઢીને અનંત અવારનવાર એ મકાનમાં આવતો. તાળું ખોલી, મકાનમાં

દાખલ થતો, સાફસફાઈ કરતો. ઠીબમાં કબૂતરો માટે પાણી ભરતો. મા જ્યાં પૂજા કરતી, તે ગોખમાં દીવો કરતો, રસ્તામાંથી ખરીદેલાં ગલગોટાનાં ફૂલ ગણેશજી, ગાયત્રીમૈયા અને ભોળાનાથને ચડાવતો. ગણપતિની માળા કરતો. અગરબત્તી લઈને માના વખતની પિત્તળની ઘંટડી રણકાવતો આખા ઘરમાં ફરી વળતો. ફોટામાં બેસેલી મા પર પણ અગરબત્તી ફેરવતો. મા પણ જાણે પ્રસન્ન થતી. મન ધરાય ત્યાં સુધી અનંત ત્યાં રહેતો. પોતાના ફ્લેટ કરતાં ત્યાં એને શાતા વળતી. ધોમધખતા તાપમાં ઠંડા માટલાનું પાણી પીતાં તનમનમાં જે શાતા વળે, એવી શાતા એ પુરાણા ઘરમાં અનુભવતો. લીલી મધુમાલતીની વેલ જેવી પત્ની ઉર્વીને વાયરલ બીમારીએ સૂકવી દીધી હતી અને સ્મશાનભૂમિમાં એ રાખ થઈને વેરાઈ ગઈ હતી. ઉર્વીએ ફ્લેટમાં જ છેલ્લો શ્વાસ લીધેલો. એ દિવસથી જ્યારે જીવને ઝીણો ઝીણો ઉચાટ વધારે રંજાડતો, ત્યારે અનંત ફ્લેટમાંથી પુરાણા ઘરમાં ભાગી જતો.

હવે એ મિઝોરમના મધ્યમ કદના શહેરને અડીને આવેલા એક ગામમાં આવી ગયો હતો - રોજીરોટી જાળવી રાખવા. ઓફિસમાં નવા વાતાવરણમાં, નવા માણસોની વચ્ચે અનંતને કોઈ સમસ્યા તો નહોતી, પણ જીવ ઠરતો નહોતો. ઓફિસની બારીમાંથી પહાડોનાં ટોળાં દેખાતાં. તડકામાં પહાડ પર સફેદ વાદળ ઊગતાં. કપાસનાં કાલામાંથી નીકળેલા તાજા રૂ જેવાં વાદળ અતિ શ્વેત દેખાતાં. એને થતું, ઊંચા પહાડ પર ચડી વાદળને ઉપાડી લીધું હોય તો તેજભર્યા વાદળની દિવેટ બનાવી શકાય ને આવી દિવેટનો જો પુરાણા ઘરમાં દીવો કર્યો હોય, તો ઘર નોરતાંની માંડવીની માફક ઝગમગી ઊઠે! એ અજવાસમાં અનંતના ફાટેલા શર્ટને સોયદોરાથી ટાંકા લેતી મા દેખાય, રોટલી વણતી ઉર્વી દેખાય, ફોટામાં બેઠાંબેઠાંય આશીર્વાદ આપતા પિતા દેખાય, આંગળીઓના વેઢે કંઈક ગણતરી કરતો અનિરુદ્ધ દેખાય, કબૂતરનાં માળામાં માની રાહ જોતાં, વારેવારે ઊંચાં થતાં કપોતબચ્ચાંની ભોળી આંખો દેખાય.

અનંત નોકરીએથી આવીને ગામના છેવાડાના મકાનના વરંડામાં ખુરશી પર બેસી કોફી પી રહ્યો હતો. એક રસોયો રાખ્યો હતોઃ નીઓમા. કોફી બનાવી આપીને નીઓમા બજારમાં શાક લેવા ગયો હતો. અનંત ઢોળાવ તરફ જોઈ રહ્યો હતો. સફેદ અને ભૂખરા રંગનાં મકાનો દેખાતાં હતાં, નાના ગામઠી બસ-સ્ટોપમાં બસની રાહ જોઈ જોઈને, થાકી બાંકડા પર બેસી ગયેલા મુસાફરો જેવાં મકાનો. લીલાં-પોપટી પટાદાર પરિધાનો પહેરીને પથરાયેલા પર્વતો જાણે આંખો ઢાળી નિદ્રામાં ડૂબતા જતા હતા. ટોળાથી છૂટું પડેલું એક વાદળ એકલતાથી જાણે

હતાશ થઈ આકાશમાં સ્થિર થયેલું દેખાતું હતું. વરંડાની પાસેના ઝાડની ટોચ પર એક અજાણ્યું પંખી આકાશમાં ભૂંસાતા તેજલિસોટા જોતું બેઠું હતું. તળેટીમાં રહેલા મંદિરની ધજાને આખો દિવસ અવારનવાર લહેરાવનારી હવારાણી હવે સાધ્વીની જેમ મંદિરના ઓટલે બેઠી રાગ - વૈરાગના મણકા ફેરવી રહી હતી. ડૂબતા જતા અવાજો વચ્ચે સાંજ અને કોઈ ઝૂંપડીમાંથી નીકળતો ચૂલાનો ધુમાડો કાળા પથ્થરો પરથી વહી આવતી તિમિરસરિતામાં ધીમે ધીમે ઓગળી રહ્યો હતો.

નિઃશબ્દ શ્યામ વાતાવરણ અનંતને ઉદાસ બનાવી રહ્યું હતું. અહીંથી સરકીને-છટકીને એ મનોમન પોતાના શહેરમાં જઈ પહોંચ્યો. એને ફ્લેટમાં જવાની ઇચ્છા ન થઈ. ફ્લેટમાં જ ઉર્વી મૃત્યુ પામી હતી, પરંતુ એમાં ફ્લેટનો શો વાંક? અનંત સમજતો હતો, છતાં ફ્લેટ ઓછો ગમતો, એની પાછળનાં ઘણાં કારણોમાં આ પણ એક કારણ તો હતું જ. એ અહીં બેઠો બેઠો જાણે ભાઈના નામે રહેલા પુરાણા ઘરના દરવાજે જઈ ઊભો. આ પુરાણા ઘરને છોડ્યા પછી કેટલીયે વખત એ આ ઘરમાં આવેલો. દર વખતે આ ઘર એને નવો સહસ્ર કિરણો ફેલાવતો ઉર્જામણિ આપતું હતું. ઘર આગળ ચબૂતરો હતો. શહેરના ઘોંઘાટ વચ્ચે પણ કબૂતરાં, કાબર અને કાગડાઓની ચબૂતરે આવનજાવન રહેતી. ચબૂતરાથી થોડેક દૂર ચાની લારી હતી. કડક મીઠી ચાની ખુશબૂથી તરબતર થયેલી હવા પણ ચાની વરાળ જેવી લાગતી. ઘરનાં ચાર પગથિયાં ચડીએ એટલે લાકડાનો દરવાજો આવે. એની ફૂલપાંદડાંની કોતરણીઓમાં ધૂળે નિવાસ કર્યો હતો. દરવાજાનો આગળો કાટ ખાયેલો. સ્પર્શ કરતાં જ આંગળીઓ પર લોહમય છાપ ઊપસે. ઘરમાં પ્રવેશતાં ઓસરીમાં હીંચકો જોવા મળે. એના પર ધૂળનું આવરણ હોય અને ઉપરનાં કડાંઓમાં કરોળિયાના હવામહેલ લટકતા હોય. ના, ત્યારે નહોતી ધૂળ, નહોતાં જાળાં કે નહોતી બંધ ઘરમાં ફગ ફગ ફોગાઈ ગયેલી હવા. સરસ સ્વચ્છ હીંચકા પર નવવધૂ ઉર્વી સાથે એ ઝૂલી રહ્યો છે. ઉર્વી સૂડીથી સોપારીની કતરણો કરીને કાથો લગાવેલા પાન પર મૂકી, ગુલકંદ, વરિયાળી, ટોપરાનું છીણ, ટુટીફ્રૂટી, લવિંગ અને ઇલાયચી નાખેલું પાન તૈયાર કરે છે. એ મૌન બનીને નિહાળ્યા કરે છે ઉર્વીગૌરીના મોહિનીભર્યા મુખને, ઉત્સાહથી તગતગતી આંખોને. એ આંખો અનંતને કારતકી પૂનમે વતનમાં ભરાતા મેળામાં ચકડોળે ચડાવે છે, પીળી મસાલેદાર ચટણીમાં ઝબોળાયેલા, સિસકારા બોલી જાય એવા મેથીના ગરમાગરમ ગોટા ખવડાવે છે, વીસ રૂપિયાની વાંસળી ખરીદાવે છે અને ઘરે આવીને વાંસળીના સૂરોથી ઘરને સજાવે છે. પિતા હતા નહીં, એટલે માતા-પિતાની બેવડી

ભૂમિકા ભજવતી માની આંતરડી મોટા દીકરાના ખીલતા જતા દામ્પત્યજીવનને જોઈને ઠરે છે; પણ નાનો કોઈકવાર બટકું ભરી લેતો. એ માને કહેતો, ''મા, ભાભી વાંસળી વગાડે છે, એટલે આજુબાજુના બધા લુખ્ખાઓ સામેની દુકાનના ઓટલે ટોળે વળીને આપણા ઘર સામે ડોળા ફાડી તાક્યા કરે છે. ઘરમાં આવા ટાયલાવેડા સારા ન કહેવાય.''

મા હસતી, ''એ તો તારાં લગ્ન થશે ને પરી જેવી રૂપાળી વહુનાં કંકુપગલાં ઘરમાં થશે, ત્યારે તને આવા વર્તનને ટાયલાવેડા ન કહેવાય એનું ભાન થશે.''

ઉર્વી કમનીય હતી, પણ ફ્લેટમાં એ બીમારીથી કેવી કૃશકાય થઈ ગયેલી! પહેલાં રૂપ ઊડી ગયું અને પછી જીવ પણ પાંખો ફફડાવતો ફફડાવતો ઊડી ગયો. મા ગઈ, ઉર્વી ગઈ. અનિરુદ્ધ તો પોતાનાં બાળગોપાળને લઈને અલગ રહેતો થઈ ગયો હતો અને ધંધાની જમાવટ કરવામાં પડ્યો હતો.

ઓસરીની આગળ જતાં રસ્તા પર પડતી બારીવાળો રૂમ આવે. બારી પાસે ટેબલ-ખુરશી હતાં. અનંત ખુરશી પર બેસી ભાતીગળ દુનિયા રસપૂર્વક અવલોક્યા કરતો. એ રૂમમાં માળિયું હતું. માળિયામાં એણે કેટકેટલું ભેગું કર્યું હતું! પસ્તીબજારમાંથી સસ્તા ભાવે ખરીદેલાં પુસ્તકો, ગમતાં સામયિકના જૂના અંકો, છાપાંઓમાંથી કાપેલા લેખો, બસ, ઘોડો, વગેરે બાળપણનાં રમકડાં, પ્લાસ્ટિકનાં રંગીન ચશ્માં, લખોટીઓ ભરેલી થેલી, સમડી, કબૂતર અને મોરનાં પીંછાં, મોટા ચોપડામાં પેન્સિલથી દોરેલાં ચિત્રો અને એના જેવું બીજું ઘણું બધું. એણે આ ઘરનું જ એક આબેહૂબ ચિત્ર ચોપડામાં દોરેલું, ને નીચે લખ્યું હતુંઃ આઈ લવ યુ! મા એ ચિત્ર જોઈને આનંદિત થયેલી. માએ હસતાં પૂછેલું, ''તેં આ ઘરને આઈ લવ યુ કહ્યું છે?''

''હા.''

''પણ એના લવમાં ને લવમાં અમને ના ભૂલી જતો! અમને માણસોનેય થોડો લવ કરજે હોં ને!''

''તું યે શું મા!'' રેશમકોથળીમાંથી અચાનક વેરાઈ જતાં મોતીઓની જેમ એ હસી પડેલો.

અત્યારે તો સમયની ખેંચ રહે છે, પણ નિવૃત્ત થઈશ, ત્યારે નવરાશ જ નવરાશ હશે, ત્યારે માળિયાની વસ્તુઓમાં સમાયેલાં સ્મરણો ઉકેલીશ, સાચવેલાં પુસ્તકો - સામયિકો વાંચીશ. આ તો મહામૂલો ખજાનો! અનિરુદ્ધની વહુએ એક વખત કહેલું, ''મોટાભાઈ, માળિયામાં કચરપટ્ટો નકામો સંઘરી રાખ્યો છે. ઘરમાં ખોટી જીવાત થાય છે. કાઢી નાખોને કચરપટ્ટો!''

''કારણ વગરનું આખું માળિયું ભરી રાખ્યું છે નક્કામી વસ્તુઓથી. કાગળિયાં પીળાં પડી ગયાં છે. એમાં ધોળી જીવાત ફરે છે. કચરાગાડીમાં આ બધું ભરાવી દો, ઘર ચોખ્ખું થાય!'' અનિરુદ્ધ

શાહુડીની માફક, અણગમાનાં પીંછાં ઊંચાં કરીને હુમલો કરતો.

પ્રતિભાવમાં અનંત અવિચળ આંખે માળિયું જોઈ રહેતો.

''માળિયું ખાલી કરીને રિક્ષામાં લઈ જાવ તમારા ફ્લેટમાં!'' અનિરુદ્ધ ન ગમતી પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવાનો ઉપાય શોધી કાઢતો. એનો સ્વભાવ જ એવો. એ કોઈ સમસ્યાને ચલાવી લેવા ન માગતો. સાચો કે ખોટો, સારો કે નરસો ઉપાય શોધી જ કાઢતો. બે આંખની શરમ એને ઓછી નડતી.

ઘરના ચિરપરિચિત પરિવેશમાં જ બધું જે પ્રકારે ગોઠવાયેલું હતું, એ અનંતને મજા આપતું. ગહન આનંદના શાંત સરોવરમાં વિક્ષેપના પથરા નાખવામાં એ માનતો નહીં. ઘર અને એનો અસબાબ - બંને એકબીજાની હૂંફમાં એકબીજાના મૂલ્યમાં અનેકગણો વધારો કરે છે, એવું એ દૃઢપણે માનતો ને મજબૂતીથી પોતાની માન્યતાની ડાળોને બાથ ભીડી રાખતો, જેથી બદલાતા વખતના વાવાઝોડા સામે ટકી જવાય.

એ રૂમમાં એક શેટી હતી. ગોદડું ખંખેરી શેટી પર એ આરામ ફરમાવતો. એને લાગતું કે, એ માના ખોળામાં માથું રાખીને ઊંઘે છે અને મા એના માથામાં હાથ પસવારે છે. મનમાં અવારનવાર ઉછાળા મારી ઊમટી આવતી ગમગીનીની ભરતી ઠરી જતી. થોડાક કલાકો વિતાવીને ઘરને એ તાળું મારી ખીસામાં ચાવી મૂકતો, ત્યારે જાણે કુબેરના ભંડારની ચાવી ગજવામાં મૂકી હોય, એમ અનુભવતો.

એને ખ્યાલ આવ્યો કે, નીઓમા આવી ગયો છે અને રસોડામાંથી ભાજી ચડવાની સુગંધ આવી રહી છે. પર્વતનો ઢાળ ઊતરીને અંધકારની ધાર ઘરમાંથી પસાર થતી વહી રહી છે. આકાશની વેલ પર બેચાર તારલિયાઓનાં ફૂલ ફૂટી આવ્યાં છે. એણે ઓસરીમાં રહેલી લાઈટની સ્વીચ ઓન કરી. અજવાસ ફટ દઈને અંધકારની જગ્યાએ ગોઠવાઈ ગયો, પણ અહીં આવ્યાને છ મહિના વીત્યેય એ અહીં ગોઠવાઈ શક્યો નહોતો. પુરાણું ઘર વારંવાર એની આંખોમાં ઝળૂંબી રહેતું. એ ઘરે જવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. બીજા દિવસે એણે સાહેબને સંમત કરીને અઠવાડિયાની રજા મંજૂર કરાવી દીધી.

મિઝોરમથી એ પોતાના શહેરમાં પાછો ફર્યો. પરિચિત હવામાનમાં એને સારું લાગતું હતું. ફ્લેટમાં ફ્રેશ થઈ, સાંજ ઢળવાની રાહ જોયા વગર જ, બળબળતા તડકાની પરવા કર્યા વગર જ, બપોરના દોઢ વાગે મારતે ઘોડે નીકળ્યો હોય, એમ એ રોમાંચિત થતો સ્કૂટર લઈને પુરાણા ઘરે જવા નીકળી પડ્યો. અનિરુદ્ધની દુકાન રસ્તામાં જ આવતી હતી. અનિરુદ્ધે એને જોયોય ખરો, પણ ''વળતાં આવું છું'' એમ ચાલુ સ્કૂટરે બૂમ મારતો એ નીકળી ગયો. અનિરુદ્ધે પાછળથી કશુંક કહ્યુંય ખરું,

પણ એ તો ઘરે જવાની તાનમાં હતો... એને કશુંય બરોબર સંભળાયું નહીં. જઈને બારીબારણાં ખોલી, શેટી પરનું ગાદલું ખંખેરી, શરૂ થતાં ખદળ ખદળ અવાજ કરતો વજનદાર છતપંખો ચાલુ કરીને ઘડીભર પડ્યો રહું શેટી પર.... કેટલો સમય થઈ ગયો એ શેટી પર ઊંઘ્યે!

એ શેરીમાં વળ્યો, સામે નજર પડી તો ચાની લારી ક્યાંય ન દેખાઈ. ચબૂતરા પર પક્ષીઓ અદૃશ્ય હતાં. સૂનકાર વ્યાપેલો ચબૂતરામાં..... અને સામે ઘર તો હતું જ નહીં! એ હલબલી ગયો. એણે સ્કૂટર પાર્ક કર્યું. બહાવરી આંખે જોઈ રહ્યો. ઘર તો ન હતું, પણ દીવાલો તૂટીને વિખેરાઈને કણસતી હોય એમ પડી હતી. એ જાળવીને પગ મૂકતો વચ્ચે પહોંચી જમીનદોસ્ત થયેલા નવસો ફૂટના ઘરને જોઈ રહ્યો. તૂટેલાં બારીબારણાંના અવશેષો ક્યાંય જણાયા નહીં. ક્યાં ગયું એ લાકડું? એ બધું ફંફોસતો તૂટેલા ઘરને ખુંદી વળ્યો. ઈંટોનાં રોડાં નીચે અડધુંપડધું દબાયેલું કશુંક એણે જોયું ને ઉપાડીને મુઠ્ઠીમાં દાબી દીધું. બીજું કશુંય મળ્યું નહીં.

''અનંતભાઈ....'' અનિરુદ્ધની બૂમ સંભળાઈ.

એ અનિરુદ્ધ પાસે આવ્યો.

''મને ખ્યાલ આવી જ ગયો હતો કે તમે અહીં જ જાઓ છો, એટલે આવ્યો,'' અનિરુદ્ધ બોલ્યો.

''ઘર પડી ગયું?'' અનંતે પૂછ્યું.

''ના,'' અનિરુદ્ધ બોલ્યો, ''પાડી દેવાયું.''

''પણ મને જાણ તો કરવી હતી - ''

''તમને જાણ કરવાનો શું ફાયદો હતો? હું તમને બરાબર ઓળખુંને! તમે થોડા હા પાડવાના હતા મકાન વેચવાની?''

''ઘર વેચી દીધું?'' અનંતે બેબાકળા થઈ પૂછ્યું.

''હા, ધંધામાં પૈસાની જરૂર હતી અને એક સારો ઘરાક મળી ગયો, એટલે એને વેચી નાખ્યું. એ આ મકાન તોડીને દુકાનો બનાવવાનો છે.''

''મારો માળિયાનો સામાન... પુસ્તકો... છાપાં... કાગળો... તો સલામત છે ને?'' અનંતના સ્વરમાં ચિંતા હતી.

''હવે એ કચરપટ્ટાનો કોઈ ખ્યાલ જ ન રહ્યો. આમેય કોઈને ઉપયોગી થાય એવી વસ્તુઓ જ ક્યાં હતી એ? નવા મકાનમાલિકે કચરાભેગું કાઢી નાખ્યું હશે...'' આમ બોલતાં અનિરુદ્ધની નજર અનંતની મુઠ્ઠી પર પડી, એ હસ્યો, ''અમને તો આ મકાનમાંથી કશું મળ્યું નહીં, પણ તમે મકાનમાંથી સોનાનું કોઈ ઘરેણું શોધી લાવ્યા કે શું?''

અનંતને સખત ચીડ ચડી. એણે મુઠ્ઠી ખોલીને ધરી દીધી અનિરુદ્ધ આગળ.

હથેળીમાં લોખંડના પતરાની રમકડાની બસનું એક નાનું પૈડું હતું.

હંમેશાં શબ્દોના ફડાકા મારવા ટેવાયેલો અનિરુદ્ધ સ્તબ્ધ થઈ ગયો!

❑❑❑



સુખની શોધ : વિજ્ઞાન, ધર્મ અને સમાજવિદ્યાઓ

□ રોહિત શુક્લ

બે બૌદ્ધ લામા સાવ નિર્જન સ્થળે બેસી આંતરનિરીક્ષણ, ધ્યાન, નિદિધ્યાસન અને સમાધિ દ્વારા જ્ઞાનની ખોજ કરી રહ્યા હતા. બંને મૌન હતા. આવી અવસ્થામાં છ મહિના પસાર થયા ત્યારે એક લામાએ અત્યંત ગહન-ગંભીર ભાવે કહ્યું : 'સંસાર કૂવા જેવો છે.' વળી મૌન પ્રસર્યું. બીજા છ મહિના પસાર થયા, એટલે બીજા લામાએ પૂછ્યું, 'ભન્તે, એવું કેમ લાગે છે?' વળી નિઃશબ્દ શાંતિ છવાઈ ગઈ. વળી છ મહિના વીત્યા એટલે પ્રથમ લામાએ કહ્યું, 'કદાચ, એવું ન પણ હોય.'

વિચારવાનું એ છે કે આ છ-છ મહિનાના આંતરાળ અને નિઃશબ્દ, ઊંડી સમાધિ દરમિયાન બંનેનાં ચેતાતંત્રોમાં શું બનતું રહ્યું હશે! વિચારની દુનિયામાં ભાગ્યે જ કશું આખરી હોય છે. જ્ઞાનના સિદ્ધાંતના ક્ષેત્રે કામ કરનારા કુન્હ, લાટાકોસ વગેરે આથી એક શબ્દ પ્રયોજે છે તે છે 'ફોલ્સિફાયેબિલિટી.' નિરીક્ષણ, પરીક્ષણ, તર્ક, ગહન ચિંતન વગેરે કર્યા

પછી કોઈક સિદ્ધાંતનો પાયો નખાય છે. આ સિદ્ધાંત કાર્ય-કારણ સંબંધ પ્રસ્થાપિત કરી આપે છે. આર્કિમિડીઝને પદાર્થની વિશિષ્ટ ઘનતાનો કે ન્યૂટનને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સાંપડ્યો તે જગતના કાર્ય-કારણ સંબંધની ઘટનાને સમજાવે છે. જ્યારે વિજ્ઞાન આવો સંબંધ સ્થાપી આપે છે ત્યારે માણસજાતના હાથમાં પ્રચંડ શક્તિ આવી પડે છે. પ્રસ્થાપિત થતા સિદ્ધાંતોના ખંડન-મંડનના આધારે જ્ઞાન-વિજ્ઞાન વિસ્તરતાં રહે છે.

આટલાં બધાં ક્ષેત્રોમાં આટલું બધું વિજ્ઞાન પ્રસરેલું હોવા છતાં, સવાલ ઊભો થાય છે કે માણસ સુખી ખરો? જીવન સુખ માટે છે એમ ચાર્વાકે કહ્યું પણ તેને હડસેલો મારીને બહાર કાઢી મૂકનારા આપણા અનેક સાધુ, સંતો, મઠો, સંપ્રદાયોની અંદરની રચના જોઈએ તો ચાર્વાક વણાઈ ગયેલો જણાય છે. ભવ્યતા, અકલ્પ્ય લખલૂંટ ખર્ચા, નિતનવાં મિષ્ટાન્ન, અન્નકૂટ, વસ્ત્રાભૂષણ વગેરે વગર એક પણ મંદિર શોભતું નથી. સોના-ચાંદીની ઘંટીઓમાં દળાતાં કેસર અને કસ્તુરી છતાં આપણે ચાર્વાકને સ્વીકારવાના નથી જ. પણ સવાલ તો ઊભો જ રહે છે : આ બધામાં સુખ ખરું? મીરાંબાઈએ ગાયેલું, ''સંત દેખ દોડ આઈ, જગત દેખ રોઈ.'' આવાં મંદિરોમાં ''ભગત'' ખરા, પણ ભગવાન ક્યાં?

અર્થશાસ્ત્ર તો પાયામાંથી જ ધારી લે છે કે માનવમાત્ર સુખપ્રાપ્તિ માટે તર્કયુક્ત વર્તન કરે છે. જોન એફ. કેનેડીની હત્યા પછી જેક્વેલિન કેનેડી ગ્રીસના ધનકુબેર ઓનાસીસને પરણી તેમાં આ અર્થશાસ્ત્રીય સુખની શોધ માટેનું તર્કયુક્ત વર્તન વાંચવું હોય તો વાંચી શકાશે. કદાચ નવેસરથી આદમ અને ઈવની વાર્તા લખવામાં આવે તો તેમાં જ્ઞાનનું ફળ નહીં પણ સુખનું ફળ ખાધું હતું તેમ કહેવાય તો નવાઈ નહીં.

સુખની ઘટનાને ત્રણેક ક્ષેત્રોમાં ફેલાવીને જોઈ શકાય. આ ક્ષેત્ર એટલે : ધર્મ, આયુર્વિજ્ઞાન અને અર્થજગત.

(૧) ધર્મ અને સુખ : વિવિધ ધર્મો અને સંપ્રદાયોમાં જોડાતા અને જીવતા લાખો કે કરોડો માણસો સુખની પ્રબળ આકાંક્ષા ધરાવે છે. જન્નત અને હૂર, સ્વર્ગ અને અપ્સરાઓ, દેહદમન અને નિગ્રહ, વૈકુંઠ અને મોક્ષ - બધામાં આ કલ્પના રહેલી છે. ધ્યાન અને સમાધિ, ગ્રંથિભેદ, કર્મફળનો નાશ, પુણ્યનો ઉદય, ઈશ્વરના આશીર્વાદ વગેરે જેવા અનેક વિચારોમાં ખાંખાંખોળા કરનારને સુખનો માલ મળી આવશે. તમામ ધર્મમાં શરતી વિધાનો જોવા મળે છે. પુણ્ય કમાવાય તેવાં કર્મો આચરવાં જેથી ઈશ્વર, સ્વર્ગ કે પરમપદની પ્રાપ્તિ થશે અને તમામ દુન્યવી તથા ઐહિક દુઃખોનું નિવારણ થશે એમ કહેવાય છે. ક્યારેક ક્યારેક આ સુખની શોધ આત્યંતિક લાગે તેવા

સ્વપીડનના માર્ગો સુધી પણ વિસ્તરે છે.

(૨) આયુર્વિજ્ઞાન અને સુખ : આયુર્વિજ્ઞાનમાં સુખની અનુભૂતિ શરીરમાં સ્રવતા કે સંસરતા હોર્મોન્સ ઉપર અવલંબે છે. આયુર્વિજ્ઞાન (આયુર્વેદ નહીં!)નાં અનેક સંશોધનો અને અભ્યાસો દ્વારા સુખની અસર ઊભી કરે તેવા સાત હોર્મોન્સની ઓળખ થઈ છે. માણસને સુખની અનુભૂતિ કરાવનારા આ સાત હોર્મોન્સ અને તેની પ્રક્રિયા આ પ્રમાણે છે :

(ક) ડોપામાઈન : આ હોર્મોન ન્યૂરો કેમિકલ રૂપે શરીરને આનંદની અનુભૂતિ કરાવે છે. ડોપામાઈન મેથાફેટામાઈન અને કોકેન જેવા ડ્રગ્સમાંથી મળે છે. ૧૯૬૦ના દાયકામાં અમેરિકાના યુવાઓમાં આ ડ્રગ્સની બોલબાલા હતી. એક નવું હિપ્પી કલ્ચર ઊભું થયું હતું.

'દમ મારો દમ-મીટ જાયે ગમ' પણ આ સમજ આપે છે. ઘણા સાધુબાવાઓ ચલમ, ગાંજા અને અફીણના બંધાણી હોય છે અને પોતે કોઈક અદ્ભુત ઈશ્વરતત્ત્વની અનુભૂતિ કરે છે એમ સૌને મનાવે છે.

ડોપામાઈન માત્ર ડ્રગ્સમાંથી જ સાંપડે છે તેવું નથી. તે વ્યક્તિની માનસિકતા અને વલણ ઉપર પણ આધારિત છે. જેને 'મૂંજી' કહેવાય છે તેવાં અંતરમુખી વ્યક્તિત્વોમાં આ તત્ત્વનું ખાસ સંસરણ થતું નથી. જો વ્યક્તિ બહિર્મુખી હોય તો આ તત્ત્વનું સંસરણ (સિક્રિશન) વધુ થાય છે. ઘણાને 'અમથું અમથું' હેત ઊભરાતું હોય છે અને દરેક પ્રસંગે ઉત્સાહમાં જ હોય છે તે આ કારણે. દરેક વાતે વાંકું પાડનારા-સિનિસિઝમ ધરાવનારા પોતાના લગ્નમાં પણ દુઃખી હોવાના!

(ખ) એન્ડોકાનાબિનોઈડ્સ : આ હોર્મોનનો આગળનો ભાગ - 'એન્ડો' સંસ્કૃતના આનંદ ઉપરથી લેવામાં આવ્યો છે. આ હોર્મોનના સંસરણને કારણે વ્યક્તિની સંવેદના તથા જગતને જોવાની દૃષ્ટિમાં ફરક આવે છે. વ્યક્તિને આનંદની અનુભૂતિ થતી રહે છે. સામાન્ય રીતે, આ હોર્મોનના સંસરણ માટે શરીરનો વ્યાયામ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેને 'રનર્સ હાઈ' તરીકે પણ ઓળખવામાં આવે છે. કેટલાક આ માટે એવી સમજૂતી આપે છે કે વ્યાયામ કરવાથી શરીરમાંથી પરસેવા વાટે ટોક્સિક તત્ત્વો બહાર ફેંકાઈ જાય છે. વળી શ્વાસ ઝડપથી ચાલવાને કારણે ફેફસાંમાંથી ઓક્સિજન વધુ પ્રમાણમાં લોહીમાં ભળે છે. આ વધુ ઓક્સિજનવાળું લોહી ઝડપથી મગજના કોષોમાં ધકેલાય છે, આથી પણ આનંદની અનુભૂતિ થાય છે.

(ગ) ઓક્સિટોસિન : આ હોર્મોનને 'જાદુ કી જપ્પી'નું પરિણામ ગણી શકાય. સ્પર્શ, હાથ ફેરવવો, પંપાળવું વગેરે માત્ર માણસ જ નહીં બલકે પ્રાણીમાત્રને આનંદ આપે છે. ભીડવાળી જગ્યાએ જવું, અંબાજી કે ડાકોરની પદયાત્રા કરવી, હજયાત્રા કરવી, કુંભના મેળામાં કે અજમેર શરીફના ઉર્સમાં સામેલ થવું

- આ હોર્મોનના કારણે આનંદ આપે છે.

(ઘ) એન્ડોરફીન : શરીરની હાઈપોથેલેમસ અને પિચ્યુટરી નામની ગ્રંથિઓમાંથી તેનું સંસરણ થાય છે. આ હોર્મોન એક પીડાશામક તરીકે પણ કામ કરે છે. તેનું કામ મોર્ફિન જેવું હોય છે. બીબીસીની એક ડોક્યુમેન્ટરીમાં દર્શાવેલું કે એક મહિલા પોતાની સંપૂર્ણ સભાન અવસ્થામાં પગના હાડકાનું ઓપરેશન કરાવતી હતી. આ ગ્રંથિઓનો સ્રાવ આમ તો સ્વૈચ્છિક નથી, પરંતુ કેટલાક સંજાગોમાં કેટલીક વ્યક્તિઓ આ ગ્રંથિઓ ઉપર પ્રભાવ પાડી શકે છે. અંગારા ઉપર ચાલવામાં કે માતમના જુલૂસમાં પોતાના હાથે પોતાના જ શરીર ઉપર ચાબખા મારવામાં આ હોર્મોનની કરામત કામ કરે છે.

(ચ) સેરોટોનિન : આ હોર્મોન આત્મવિશ્વાસ અને જાત માટે પડકારો ઊભા કરી તેને હાંસલ કરી બતાવવાથી પ્રગટે છે. 'હમ હોંગે કામિયાબ' અથવા 'યસ, આઈ કેન ડુ ઈટ' જેવા વિચારો અને તે પછીની સિદ્ધિઓ હાંસલ થાય તેથી આનંદ આવે છે. એવરેસ્ટ આરોહણ, ઇંગ્લિશ ખાડીમાં તરવું, રમતમાં જીતવું વગેરે આ પ્રકારના આનંદ છે.

(છ) એડ્રિનાલિન : શરીરમાંથી એડ્રિનાલિન વહે ત્યારે હૃદયના ધબકારા અને લોહીનું દબાણ વધી જાય છે. લોહી જોરથી વહીને મોટા સ્નાયુ સંકુલમાં પહોંચે છે. કોઈક પ્રિયપાત્રને અચાનક મળવામાં કે ક્રિકેટ જેવી રમતમાં ચોગ્ગો કે છગ્ગો મારવામાં આ હોર્મોન મોટો ભાગ ભજવે છે. 'જિયરા ધગ ધગ કરને લગા' આ પ્રકારના આનંદની અનુભૂતિ છે. ભાગવતમાં ધ્રુવને ઈશ્વરના દર્શન થયા ત્યારે તેની મનઃસ્થિતિનું વર્ણન આ હોર્મોનના સંસરણના પ્રભાવનું ઉદાહરણ પૂરું પાડે છે.

(જ) ગાબા : આ હોર્મોનના સંસરણથી માણસને શાંતિનો અનુભવ થાય છે. આ હોર્મોનનું સંસરણ થાય ત્યારે ચિંતા, ઉદ્વેગ, તણાવ વગેરે ઘટે છે. ભારતની યોગ, જપ અને ધ્યાનની પરંપરા, નમાજ, કારસેવા, કન્ફેશન વગેરે આ હોર્મોનના સંસરણ માટે ખપના છે. અભ્યાસ અને સંશોધન દ્વારા તારણ નીકળે છે કે ખૂણામાં બેઠાં-બેઠાં એક પુસ્તક વાંચનારની તુલનાએ સાઠ મિનિટ માટે યોગ કરનારના શરીરમાં ગાબા હોર્મોનનું સંસરણ ૨૭ ટકા વધુ થાય છે. વિવેકાનંદે પણ કહેલુંને કે પુસ્તકો વાંચવાને બદલે ફૂટબોલ રમો !

આયુર્વિજ્ઞાનને ઓળખી બતાવેલા આ સાત હોર્મોન અને સુખને સંબંધ છે તે એક વૈજ્ઞાનિક તથ્ય છે. વળી સુખની શોધ અને તેને પરિભાષિત કરવામાં ધર્મ અને સંપ્રદાયોએ મથામણ પણ કરી છે. મુદ્દો એ છે કે ધર્મનાં ઉપદેશો કે પુસ્તકોમાં આ હોર્મોનની કરામતના કોઈ ઉલ્લેખ નથી. અહીં એક મહત્ત્વની ભૂમિકા રચાય છે : યોગ, ધ્યાન, સમાધિ, પૂજા,

ઇબાદત, પ્રાર્થના, પુણ્ય, યાત્રા વગેરેને કારણે જે 'સુખ' કે 'આનંદ' નામના તત્ત્વના આધારે સાંપડે છે તે ખરેખર તો શરીરમાંથી સ્રવતા હોર્મોન્સનું પરિણામ હોઈ શકે? 'ગુરુ' માથા ઉપર હાથ મૂકે ત્યારે ઓક્સિટોસિનના સંસરણને કારણે આનંદ સાંપડે છે? પર્વત ચઢીને દર્શન કરીએ ત્યારે સેરોટોસનિન કે ગાબા હોર્મોન્સનું સંસરણ આનંદ આપે છે? આ રીતે જોતાં કોઈ ધાર્મિક પ્રક્રિયા નહીં પણ હોર્મોન્સનું સંસરણ જ મહત્ત્વનું બને છે. આ સંસરણ માટે ધાર્મિક પ્રક્રિયા ઉપયોગી છે જ પણ ધર્મમાં ન માનનાર નાસ્તિક પણ જો અન્ય રીતે આ હોર્મોન્સનું સંસરણ કરી શકે તો તેને પણ તેવો જ સુખાનુભવ થશે એમ આ વિજ્ઞાન કહે છે.

આનો મતલબ એ થશે કે જેને 'આત્માનુભૂતિ', 'સમાધિ', 'ગુરુના આશીર્વાદ', 'શક્તિપાત', 'દર્શન' વગેરે દ્વારા ઓળખવામાં આવે છે તે અનુભવોને નકારવાની જરૂર નથી. આવા અનુભવો થઈ શકે પણ તે માટે કશુંક ગૂઢ કે રહસ્યમય અને ચમત્કારી બને તે જરૂરી નથી.

ગાંધીજીનાં અગિયાર વ્રતોનો સંદર્ભ આ સુખાનુભવ સાથે છે. રસોઈ બેસ્વાદ બને અને ઉશ્કેરાટ થતો હોય તો ગાબા હોર્મોન્સ પ્રગટે ત્યારે ગાંધીજીનો 'સ્વાદત્યાગ' સ્મરણમાં આવે છે. એન્ડોકાનાબિનોઇડ્સ શરીરશ્રમ સાથે જોડાય છે. 'કોઈ અડે નવ અભડાવું'ને ઓક્સિટોસિન સાથે સીધો સંબંધ છે. અંધશ્રદ્ધા અને ધાર્મિક કટ્ટરતા પેદા કર્યા વગર ગાંધીજીના માર્ગે પણ સુખ મળી શકે છે.

હોર્મોન્સના સંસરણ દ્વારા થતી અનુભૂતિ કોઈ સ્થિરતા દર્શાવતી નથી. તે એક પ્રકારનાં ગલગલિયાં સમાન બની રહે તે શક્ય છે. વળી જો તે ડ્રગ્સ પ્રેરિત હોય તો ચિત્તની ભ્રમિત અવસ્થા પણ જન્માવી શકે છે. જ્ઞાની અને સિદ્ધ આત્માઓને થતી અનુભૂતિ સાથે તેની તુલના કરવી શક્ય નથી. શ્રી રમણ મહર્ષિ, મા આનંદમયી, કબીર, ગુરુનાનક, મીરાંબાઈ, સાંઈબાબા, તુકારામ વગેરે અનેકોને થયેલા અનુભવ સ્થિરભાવે અને ચિત્તની પરમ્ અવસ્થાના હતા. હોર્મોન્સના ટૂંકા ગાળાના અનુભવોને કડક આત્મનિરીક્ષણ દ્વારા વ્યક્તિ સતત તપાસતી રહે તો ગહન અને ઉપરછલ્લા અનુભવો વચ્ચે ભેદ કરીને સાચો માર્ગ પસંદ કરી શકે.

પણ આ બધી ચર્ચા વ્યક્તિગત સુખનો સંદર્ભ ધરાવે છે. સમગ્ર સમાજગત સુખની પણ એક વિશાળ ચર્ચા ચાલી છે. આ ચર્ચા અર્થશાસ્ત્ર અને રાજનીતિના સંદર્ભમાં - વ્યાપક રીતે કહીએ તો થિયરી ઓફ પબ્લિક ચોઈસના સંદર્ભે છે. રાજ્ય લોકોનાં કલ્યાણ અને સુખ માટેના નિર્ણયો કરે છે. કેમ અને કયાં કારણોસર લોકો એક

સમાજસ્વરૂપે સુખ અનુભવી શકે છે તે મતલબની આ ચર્ચા છે.

(૩) અર્થજગત : સમાજ સમસ્તના સુખની બાબતમાં અર્થશાસ્ત્રમાં ઘણું ખેડાણ થયું છે. આ પ્રક્રિયામાં અર્થશાસ્ત્ર મનોવિજ્ઞાન અને રાજ્યશાસ્ત્રની સીમાઓમાં પણ પ્રવેશ્યું છે. તે સાથે તે તત્ત્વજ્ઞાન, ગણિત, તર્કશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનો પણ ભરપૂર ઉપયોગ કરે છે. આ અતિ વિશાળ ક્ષેત્રમાંથી માત્ર ત્રણ બાબતો - જીડીપી, માનવવિકાસ સૂચકાંક તથા સુખના સૂચકાંકનો વિચાર આ તબક્કે ઉપયોગી છે.

(ક) જીડીપી અને આર્થિક વૃદ્ધિ : અર્થશાસ્ત્રીઓ મૂડીવાદને ઉત્તમ ગણે તેમાં નવાઈ નથી. જીડીપી વધે તે માટે રાજ્યે કશું જ કરવાનું નથી, ખાનગી ક્ષેત્રના હાથમાં એટલે કે બજારના હાથમાં બધું છોડી દેવાનું છે. ગરીબો આજે મરતા હોય તો મરે. બજાર, ગ્રાહક, મૂડીરોકાણ, માંગ અને પુરવઠો, કિંમત અને નફો, આ પ્રકારના મંત્રો વડે મૂડીવાદનો યજ્ઞ ચાલે છે. તેમાં સમાજનું કલ્યાણ, સબસિડી, મદદ, રાહત, દરકાર વગેરે શબ્દો નિષ્પ્રાણ થઈને વેરવિખેર પડ્યા છે. જો મૂડીવાદ બરાબર ચાલશે તો જીડીપી ઝડપથી વધશે અને જો જીડીપી વધશે તો - જાણે કે કોઈક 'અદૃશ્ય હાથ' વડે સૌનું આપોઆપ કલ્યાણ થશે.

પણ મૂડીવાદનું આ સ્વપ્ન ભાગ્યે જ સાચું પડ્યું છે. જીડીપી વધે અને સંપત્તિનું સર્જન વધુ થાય પણ જો રાજ્ય અને કોર્પોરેટ કે વેપારી જગત બધું હડપ કરી જાય તો? અસમાનતા વ્યાપક બને, જીડીપી વધે અને ગરીબી પણ વધે. મૂડીવાદીઓની દલીલ એવી હોય છે કે અર્થતંત્રમાં એક 'ઝમણનો સિદ્ધાંત' કામ કરે છે જે મુજબ સંપત્તિનું સર્જન વધે એટલે સમાજના નીચલા વર્ગના હાથમાં પણ ધન આવશે અને તેમની ગરીબી આપોઆપ દૂર થશે.

(ખ) માનવ-વિકાસનો સૂચકાંક : મૂડીવાદ દ્વારા ફેલાવાતી આ દલીલનો પાકિસ્તાની અર્થશાસ્ત્રી મહેબૂબ-ઉલ-હકે પ્રતિકાર કર્યો. 'પોવર્ટી ડ્રામા' નામના પુસ્તકમાં તેમણે કહ્યું કે, ગરીબી નિવારણ કાંઈ આર્થિક વૃદ્ધિની આડપેદાશ નથી. હક અને અમર્ત્ય સેને માનવ વિકાસ સૂચકાંકની પદ્ધતિ ઊભી કરી. આ પદ્ધતિમાં અન્ય અનેક ગૌણ અને પેટા વિભાગો છતાં મુખ્ય ચાર બાબતોને લક્ષમાં લેવાઈ, શિશુ મૃત્યુદર, શિક્ષણ, આયુષ્ય અને માથાદીઠ આવક. અહીં પણ એમ વ્યાપક રીતે ધારી લેવાયું કે સુખ આ રીતે સાંપડી શકશે.

(ગ) સુખનો સૂચકાંક : પણ ભૂતાન નરેશે યુએનમાં સુખના પ્રત્યક્ષ યાપનનો સુઝાવ મૂક્યો. સુખનો સૂચકાંક ગણવામાં સૌપ્રથમ સેમ્પલ કરેલા લોકોને પુછાય છેઃ દસ પગથિયાંની સીડીમાં તમે ક્યાં? આ દસ પગથિયાંમાં શૂન્ય એટલે દુઃખી અને દસ એટલે આનંદ-ઉત્સાહથી ભર્યાપૂર્યા.

વળી લોકોને અન્ય ચૌદ ક્ષેત્રોની સ્થિતિ અને અનુભવ વિશે પણ પુછાય છે. આ ચૌદ ક્ષેત્રોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વતંત્રતા, સગવડો, સરકારોની કામગીરી ઉપરાંત સમાજની સહાનુભૂતિ, અન્યો તરફની દરકાર, દાન વગેરે વિશે પૂછવામાં આવે છે. જીડીપી અને માનવ વિકાસ સૂચકાંક પછીની આ વિચારણાનો પ્રારંભ હજુ હમણાં જ થયો ગણાય. તેનો પ્રથમ અહેવાલ એપ્રિલ, ૨૦૧૨માં બહાર પડ્યો.

૨૦૧૯ના સુખના સૂચકાંકના હેવાલ અનુસાર સ્કેન્ડિનેવિયાના દેશો પ્રથમ દસમાં સમાવાય છે. ફિનલેન્ડ, આઈસલેન્ડ, ડેન્માર્ક, નેધરલેન્ડ, નોર્વે વગેરેમાં રહેતા લોકો સુખની આગલી હરોળમાં બિરાજે છે.

પણ ભારતનું શું? ભારતનું સ્થાન સતત લુઢકતું જાય છે. ૨૦૧૯માં કુલ ૧૫૬ દેશોની ગણતરીમાં ભારત ૧૪૦મા સ્થાને છે. પણ ૨૦૧૭માં તે ૧૧૭મા સ્થાને હતું. ૨૦૧૮માં તે ૧૩૩મું થયું. હવે સવાલ એ છે કે આપણા પડોશી દેશોની હાલત કેવી છે. પડોશીઓમાં પાકિસ્તાન સૌથી સુખી છે - તેનું સ્થાન ૬૭મું છે. તે પછી ચીન ૯૩મું, ભૂતાન ૯૫મું, નેપાળ ૧૦૦મું અને બંગલાદેશ ૧૨૫મું સ્થાન ધરાવે છે. જગતના સૌથી દુઃખી દસ દેશોમાં સુદાન, અફઘાનિસ્તાન, તાન્ઝાનિયા, રવાન્ડા, યમન, સિરિયા વગેરેનો સમાવેશ થાય છે.

બીજી તરફ માનવ વિકાસ સૂચકાંક અને સુખના સૂચકાંક વચ્ચે કોઈ મેળ બેસે છે કે કેમ તે તપાસવું રહ્યું. જ્યાં માનવ વિકાસ વધુ હોય ત્યાં સુખ પણ વધુ હોવું જાઈએ. આ અંગેની ૨૦૧૯ના વર્ષની વિગતો આ પ્રમાણે છે :

નોર્વે : સુખ ક્રમાંક (૨) માનવ વિકાસ ક્રમાંક (૧)

ડેન્માર્ક : સુખ ક્રમાંક (૨) માનવ વિકાસ ક્રમાંક (૫)

નેધરલેન્ડ : સુખ ક્રમાંક (૬) માનવ વિકાસ ક્રમાંક (૭)

કેનેડા : સુખ ક્રમાંક (૭) માનવ વિકાસ ક્રમાંક (૯)

આ પ્રકારે ઘણા દેશોની વિગતો જોઈએ તો જણાય છે કે જે દેશોમાં માનવ વિકાસ વધુ છે ત્યાં સુખ પણ વધુ છે. સામે પક્ષે જ્યાં માનવ વિકાસ ઓછો છે ત્યાં કેવી સ્થિતિ છે તે પણ જોવું જોઈએ :

પાકિસ્તાન : સુખ ક્રમાંક (૬૭) માનવ વિકાસ (૧૪૭)

ચીન : સુખ ક્રમાંક (૯૩) માનવ વિકાસ (૯૦)

બંગલાદેશ: સુખ ક્રમાંક (૧૨૫) માનવ વિકાસ (૧૩૯)

નેપાળ : સુખ ક્રમાંક (૧૦૦) માનવ વિકાસ (૧૪૪)

પાકિસ્તાનના એક અપવાદ સિવાય આ વિગતો પણ દર્શાવે છે કે માનવ વિકાસનો આંક ઊંચો તો સુખનો પણ

આંક ઊંચો અને માનવ વિકાસ ઓછો તેમ સુખ પણ ઓછું. આ સમગ્ર ચર્ચા કેટલાક વિચારવા લાયક મુદ્દા ઊભા કરે છે. માણસ માત્ર સુખની શોધમાં નીકળ્યો છે તે સાચું. ઈડનના બગીચામાંથી તેણે જ્ઞાનનું નહીં પણ સુખનું સફરજન ખાધું હોય તે વધુ સંભવ છે. બની શકે કે જ્ઞાન મેળવ્યા પછી તેના દ્વારા આખરે સુખની શોધ જ કરવાની હોય. જ્ઞાનના સાધન દ્વારા સુખનું સાધ્ય હાંસલ કરવાનું હોય! પરંતુ આ સુખની શોધમાં નીકળેલા માણસને ધર્મ કે અર્થનાં શાસ્ત્રોમાંથી ખાસ કશું પ્રાપ્ત થતું જણાતું નથી. જૂજ અપવાદો બાદ કરતાં ધર્મ દ્વારા મોક્ષ, વૈકુંઠ, સ્વર્ગ, સાક્ષાત્કાર, વગેરેની વાતો કરનારાથી સમાજે ચેતવા જેવું છે. વ્યક્તિગત સુખનો અનુભવ હોર્મોન્સના સંસરણ ઉપર આધારિત છે અને તે માટે કોઈ વ્રત, યજ્ઞ, મંત્ર-તંત્ર વગેરેની ખાસ જરૂર નથી. તે બધા સિવાય પણ હોર્મોન્સનું સંસરણ થઈ શકે છે અને તે વડે પણ સુખાનુભૂતિ થઈ શકે છે.

વધુ અગત્યની બાબત સમગ્ર સમાજની સુખની અનુભૂતિની છે. અહીં ગાંધીજીનું સ્મરણ અનિવાર્ય છે. તેમનાં અગિયાર વ્રતો સામાજિક અનુબંધમાં તેમ જ વ્યક્તિગત અનુભૂતિમાં સુખકારક છે. તેમનાં વ્રતોને હાર્મોન્સના સંસરણ સાથે જોડીને જોઈ શકાય છે.

૧૭૭૬માં એડમ સ્મિથે અર્થશાસ્ત્રનો પાયો નાખ્યો, જેમાંથી 'અદશ્ય હાથ' અને 'ઝમણના સિદ્ધાંત'ના વિચારો ચાલ્યા. મૂડીવાદમાં રાજ્યના હસ્તક્ષેપ વગર સુખની પ્રાપ્તિ થશે તેમ આ વિચાર કહે છે. પરંતુ ૧૭૮૦માં જેરમી બેન્થામે રાજ્ય પાસેથી ધાર્યું કામ લેવાની સમાજની જવાબદારી વિશે પણ લખ્યું હતું. જો સુખના સૂચકાંક અને માનવ વિકાસના સૂચકાંક વચ્ચેના સહસંબંધનો વિચાર કરીએ તો જણાય છે કે જે દેશોમાં સરકારોએ માનવ વિકાસલક્ષી પગલાં ભર્યાં છે ત્યાં લોકો સુખી પણ થયા છે. ખરી જરૂર સમાજે સરકારના કાન પકડી તેની પાસે લોકહિતનાં કાર્યો કરાવવાની છે.

ભારત સહિતના ઓછા સુખી અને ઓછા માનવ વિકસિત દેશોમાં પણ લોકો સુખની વાંછના તો રાખે જને! એટલે તો એ આટલા બધા ધર્માગ્રહી નહીં બનતા હોય? જે દેશો વિકસિત છે અને જ્યાં સુખ પણ છે ત્યાં ચર્ચ ખાલી પડે છે. લોકો ધર્મ પાસે મોક્ષ નહીં પણ સુખની આશાએ જાય છે. મોક્ષ, જન્નત, આશીર્વાદ, શક્તિપાત, વગેરે સુખના પરિભાષિત શબ્દો છે. જો ઐહિક પગલાંથી સુખ મળતું હોય તો ગૂઢ અને ચમત્કારોથી ભરેલી પારમાર્થિક સંપદાનો ખાસ ખપ રહેતો નથી. સુખનો દાખલો ગણવાની કોઈ એક જ રીત નથી અને જવાબ જોઈને દાખલો ગણી શકાતો નથી.

❑❑❑



કોરોના સાથે કાલ્પનિક મુલાકાત

□ મહેશ શાહ

ભારત સહિત વિશ્વભરમાં મહામારી બનેલા અને લાખો લોકોનો ભોગ લેનાર કોરોનાએ આજે સૌ પ્રથમવાર અમદાવાદના એક પત્રકારને ફેસબુક લાઈવ ઇન્ટરવ્યુમાં બેધડક જવાબ આપ્યો: ''હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું... બધાં મોતને દોષ કોરોનાને આપો એ યોગ્ય નથી.''

જવાબ ચિંતા ઉપજાવનારો છે.

જોકે જરાય ગભરાવાની જરૂર નથી.

કારણ એ કે કોરોનાએ આ જવાબ એક કાલ્પનિક મુલાકાતમાં આપ્યો છે.

વાંચો, તમે પણ.

પત્રકાર: *નમસ્તે કોરોનાજી. અત્યાર સુધી તમે કયાં હતા? અચાનક આપત્તિ રૂપે પ્રગટ થયા અને વિશ્વમાં ઉત્પાત અને ઉચાટ મચાવી દીધો. અમારા ભારતને પણ છોડ્યું નહીં.*

કોરોના: તમે મને આપત્તિ કહ્યો છે એટલે કહી દઉં કે આપત્તિ કોઈને કહીને આવતી નથી. અમારા રિલેટિવ વાઈરસ બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુએ કોઈ સંકેત આપીને એન્ટ્રી કરી હોય તો એમની ઇચ્છા-મરજી છે....મારો સ્વભાવ જુદો છે. બીજી વાત એ કે હું સ્વર્ગ કે નરકમાંથી અવતર્યો નથી. આ દુનિયામાં જ ક્યાંક રહેતો હતો.

પત્રકાર: *તમારા લીધે વિશ્વભરમાં લાખો લોકો મૃત્યુ પામ્યા છે. લાખો લોકો પીડાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ તમને એટલે કે કોરોનાને મહામારી ગણાવી છે.*

કોરોના: તો શું થયું? તમે એવું કહો છો, જાણે મારા પર કોઈએ મોટું ઇનામ જાહેર કર્યું હોય.

પત્રકાર: *આપણે ઇનામની નહીં ઇમાનની વાત કરીએ. તમે ખરેખર શું ઇચ્છો છો?*

કોરોના: કશું જ નહીં. હું કશું મેળવવા માટે કોઈને પરેશાન કરવાની આદત ધરાવતો નથી. તમે પત્રકાર છો એટલે ખબર હશે કે વિશ્વમાં અકસ્માત, વ્યસન, હૃદયરોગ, કેન્સરથી રોજ લોકો મૃત્યુ પામે છે. ભારતમાં પણ વર્ષે એકાદ કરોડ લોકો મૃત્યુ પામે છે.

પત્રકાર: *તો શું તમે એની હરીફાઈ કરવા માગો છો?*

કોરોના: ના રે ના. હરીફાઈ કરવાનો મારો સ્વભાવ નથી. હું એટલું જરૂર કહીશ કે બધાં મોત માટે કોરોનાને દોષ આપવો યોગ્ય નથી. અમુક વૃદ્ધ લોકો ગંભીર બીમારીના લીધે પણ મૃત્યુ પામ્યા છે. એમાં મારો શું વાંક?

પત્રકાર: *વેબસાઇટ ચેક કરો તો ખબર પડશે કે દુનિયામાં લગભગ 98 લાખ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા. ભારતમાં લગભગ 16,000 લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા. મારે જાણવું છે કે કોરોનાની કાતિલ રમત ક્યાં સુધી ચાલશે?*

કોરોના: હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું.

પત્રકાર: *તમે ભલે ડેડલાઇનથી દૂર રહો..પણ અમેરિકા-ઇટાલી વગેરે દેશોમાં ડેડ બોડીના ખડકલા થયા છે. દુનિયાના દરેક મીડિયાની હેડલાઇનમાં કોરોના ચમક્યો છે.*

કોરોના: તો હું શું કરું?

પત્રકાર: *તમે જવાબ ટાળી રહ્યા છો. મને કહો, અમે કોઈએ તમારું કંઈ બગાડ્યું છે?*

કોરોના: ના, મેં એવું ક્યાં કીધું છે...અને મારું બગાડનારનું હું અહિત કરતો નથી. પણ મારે તમને અને દુનિયાને એક વાત ચોકક્સ કહેવી છે કે કોરોના આવ્યા પછી વિશ્વમાં પરિવર્તન આવ્યું છે. સમાજ કે દુનિયાને સુધારવાની કોઈની કે મારી પણ તાકાત નથી. પરંતુ કોરોના પછી સૌની આહારવિહારની આદતો અને જીવનશૈલી બદલાઈ છે. ઓછી વસ્તુ અને ઓછા ખર્ચથી લોકો જીવી શકે છે. સ્વાસ્થ્ય જાગૃતિ, સોશિયલ ડિસ્ટન્સિંગ, પારિવારિક જીવન...એ બધું કોરોનાના લીધે લોકો શીખ્યા છે.

પત્રકાર: *થેન્કયુ કોરોનાજી. પણ તમે જે કહ્યું એ... અને એનાથી અનેકગણી અધિક વાતો અમારા અનેક ધાર્મિક ગ્રંથોમાં લખેલી છે.*

કોરોના: તો પાળતા કેમ નથી?

પત્રકાર: *એ સ્વૈચ્છિક છે. અમારા ઘણા સંતો આજેય સ્વેચ્છાએ સાદગીભર્યું જીવન જીવે છે.*

કોરોના: ઓ.કે. તમારી આ વાત સ્વીકારી લીધી. હવે એક સવાલ હું તમને પૂછું. ઘણા દેશોએ રોબોટ બનાવ્યા. ચંદ્ર પર પગ મૂક્યો. આર્ટીફીશીયલ ઇન્ટેલિજન્સ વિકસાવી. પણ કોઈ દેશ કોરોનાવિરોધી રસી કેમ બનાવી શક્યો નથી? કહાં ગયે વો લોગ?

પત્રકાર: *કોરોનાજી, થોડી રાહ જુઓ. તમને મહાત કરે એવી રસી વિશે અમારા ભારતમાં પણ સંશોધન થઈ રહ્યું છે. પરંતુ અત્યારે સમય તમારો છે. તમે પાંચેક મહિનાથી દુનિયા પર રાજ કરો છો. દુનિયામાં લગભગ તમામ લોકો રોજ અનેકવાર તમારું નામ બોલતા હશે.. આ સદીમાં કોરોના શબ્દને સૌથી વધુ પોપ્યુલારિટી મળી છે.*

કોરોના: આભાર... પણ આવો વિચાર મને આવ્યો નથી. હું આઈડેન્ટિટી ક્રાઇસિસથી પીડિત નથી. તેમજ આવી પોપ્યુલારિટીથી હરખાતો પણ નથી.

પત્રકાર: *તો તમને કોઈએ સોપારી આપી હશે?*

કોરોના: (ગુસ્સે થઈને) શું કહ્યું તમે?.. તમે ખોટો આક્ષેપ કરી રહ્યા છે. મારું અપમાન કરો છો. તમે શબ્દો પાછા ખેંચો..તમે નેગેટિવ રહેશો તો મને પોઝિટિવ થતાં આવડે છે.

પત્રકાર: *કોરોનાજી, સોરી-સોરી... મારો કહેવાનો મતલબ હતો કે...*

કોરાના: ઓ.કે. તો આજે તમારા માધ્યમથી હું કહેવા માંગીશ કે મને અન્ડર વર્લ્ડ કે ઓપન વર્લ્ડમાંથી કોઈએ સોપારી આપી નથી. સોપારી ફોડવાના હીન કામ કરતો નથી.

પત્રકાર: *તો તમને કોઈ સપોર્ટ કરતું હોય એવું કેમ ઘણાને લાગે છે?*

કોરોના: પત્રકાર થઈને સ્પષ્ટ પૂછી લો કે મને ચીન સપોર્ટ આપે છે કે નહીં એ જાણવું છે. મારો જવાબ છે- મને કોઈ સપોર્ટ કરતું નથી. ઇવન, કોઈ ગ્રહ, સાયન્ટિસ્ટ, પોલિટિશિયન, ફાર્મા કંપની વગેરે મને મદદ કરતાં નથી.

પત્રકાર: *તમારા લીધે અમારાં ધાર્મિક સ્થાનો અને સંતોનાં દર્શન બંધ થયાં છે.*

કોરોના: પણ, ભક્તિ તો ઘેરબેઠાં પણ થઈ શકે છે. મન ચંગા તો કથરોટમાં ગંગા.

પત્રકાર: *તમારું વાંચન સારું લાગે છે. તમારા સ્પિરિચ્યુઅલ લીડર કોણ છે?*

કોરોના: નીડરને કોઈ લીડરની જરૂર પડતી નથી.

પત્રકાર: *કોરોનાથી આખી દુનિયા ડરે છે. તો કોરોના કોનાથી ડરે છે?*

કોરોના: હું કોઈનાથી ડરતો નથી. જોકે એક અંગત વાત કહીશ. કોરોનાવિરોધી રસી બનાવવા માટે ઘણા સાયન્ટિસ્ટો પ્રયાસો કરે છે. એમાં એનિમલ પર ડ્રગ ટ્રાયલ થાય ત્યારે અબોલ જીવોએ અસહ્ય પીડા વેઠવી પડે છે. એ જાણીને મને ખૂબ દુઃખ થાય છે.

પત્રકાર: *કોરોનાકુમાર, તમને અબોલ જીવોની પીડાનું દુઃખ છે. તો લાખો માનવીનાં મોતનું કેમ દુઃખ થતું નથી? અનેક બાળકો, યુવાનો અને વૃદ્ધો પખવાડિયાની ટૂંકી માંદગીમાં મોતને ભેટ્યાં છે. વિશ્વમાં વ્યાપાર-વ્યવહાર અટકી પડ્યા છે. અનેક દેશો ભારે આર્થિક મંદીમાંથી પસાર થઈ રહ્યા છે. અનેક લોકો બેકાર બન્યા છે. તમારો પ્રકોપ દુનિયાએ હજી કેટલો સહન કરવો પડશે?*

કોરોના: તમે ઇન્ટ્રોગેશન કરતા હો એવું લાગો છે.

પત્રકાર: *ના, હું તો ઇન્વેસ્ટિગેટ કરું છું. બી પોઝિટિવ...*

કોરોના: યસ. હું પણ પોઝિટિવ થઈશ. જોકે હું પોઝિટિવ થાઉં તો બધા ભાગવા માંડે છે.

પત્રકાર: *સાચી વાત છે. કોરોનાના લીધે પોઝિટિવ શબ્દથી ઘણાને ભય લાગે છે.*

કોરોના: ઓ.કે. તમે મારો ડર રાખ્યા વિના કહો કે દુનિયામાં આજકાલ શું ચાલે છે?

પત્રકાર: *દુનિયાનો એક મુદ્દાનો કાર્યક્રમ છે - કોરોના હટાવ. હવે તમે મને કહો કે કોરોના દુનિયામાંથી ક્યારે વિદાય લેશે?*

કોરોના: ઓહ. તમારે ન્યુઝ બ્રેકિંગ કરવા લાગે છે.

પત્રકાર: *ખાસ એવું નહીં, જસ્ટ રૂટીન ક્વેશ્ચન હતો.*

કોરોના: એવું કરો, પહેલાં કોઈ એસ્ટ્રોલોજર કે વિદ્વાન સંત-મહાત્માને પૂછી લો... જયોતિષીઓ ભલે કોરોના પ્રકોપની આગાહી ન કરી શક્યા. કોરોના વિદાયની આગાહી કરવાનો હજી એક મોટો ચાન્સ આપું છું.

પત્રકાર: *એ છોડો. પણ, સાચું કહો, કોરોના પોતાની મેળે ક્યારે પાછો જશે? આને અમારી સૌની વિનંતી સમજજો.*

કોરોના: ફરી ફરીને કહું છું કે હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું.
(થોડીવાર વિચારીને) ચલો, જતાં જતાં છેલ્લે તમે મને કહી દો કે દુનિયા કોરોના વિશે શું ઇચ્છે છે?

પત્રકાર: *કોરોના ઘરમાં રહે... દરમાં રહે કે ઉદરમાં રહે... કોરોના સ્વંય સુરક્ષિત રહે અને દુનિયાને રહેવા દે... અમારે ફરી બહાર નીકળવું છે... કોરોનાને ભૂલી જવો છે.*

કોરોના: વેલ, એ મારા હાથમાં નથી. પણ જતાં જતાં કહીશ કે દુનિયા મને સમજી શકી નથી. તમારી જેમ હું કુદરતી ક્રમનો હિસ્સો છું. તમે નાટક-ફિલ્મ-સિરિયલોમાં વિલન જુઓ છો... હું પણ એવી કુદરતી કામગીરી નિભાવું છું. મારે કોરોના બનીને જન્મ લેવો પડ્યો છે. મારા ભાગે દુનિયામાં પ્રકોપ આપવાનું.... પીડા આપવાનું આવ્યું. એ નિભાવું છું. તમારે સૌએ સહન કરવાનું છે. મેં દુનિયા પાસેથી ઘણું લીધું છે... થોડું આપ્યું પણ ખરું. કોરોનાનું નામ ભલે આખી દુનિયામાં ગાજે છે.... પણ એમાં મને યશ નહીં, અપયશ મળી રહ્યો છે.

પત્રકાર: *કોરોનાજી, હું તમારી વેદના સમજી શકું છું. પણ, હવે તમારી ભૂમિકાને કાયમ માટે ટૂંકાવી દો એવું અમે સૌ ઇચ્છીએ છીએ. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.*

❑❑❑



શરદ જોશી

કેમ સખી ચીંધવો પવનને-૪૦

☐ અનિલ રમાનાથ જોશી

એક વાર વિખ્યાત લેખક અને અમારા પડોશી શરદ જોશીએ મને કહ્યું: "અનિલ, મારી ઇચ્છા મહાપાલિકાની નિશાળ જોવાની છે. હિન્દી માધ્યમની નિશાળ કેવી ચાલે છે એ મારે જોવી છે." મેં કહ્યું: "અવશ્ય જોશીજી.'' એ પછી એક દિવસ નક્કી કરીને શરદ જોશી સાથે રિક્ષામાં બેસીને અમે નજીકની કોઈ નિશાળમાં ગયા. વર્ગ ચાલુ હતા. એ પછી શરદજી એક વર્ગ પાસે આવીને ઊભા રહ્યા. વર્ગમાં બાળકો બેઠાં હતાં. શિક્ષક બ્લેકબોર્ડ પર તુકારામનું ચિત્ર ટાંગીને બાળકોને પ્રશ્નો પૂછી રહ્યા હતા: "અનાજ કી ગાડી કે પાસ કોન ખડા હૈ?" બાળકો જોરથી જવાબ આપતા:

"તુકારામ... તુકારામ." શિક્ષક તરત બીજો પ્રશ્ન પૂછે : "તુકારામ કિસકે પાસ ખડે હૈ?'' બાળકો તરત સમૂહમાં બોલતાં: "અનાજ કી ગાડી કે પાસ." તરત ત્રીજો સવાલ શિક્ષક

ફટકારે: "ગાડી મેં ક્યા હૈ?" આખો વર્ગ સમૂહમાં બોલે: "અનાજ અનાજ અનાજ." શિક્ષકનો ચોથો સવાલ: "ગાડી મેં અનાજ કી બોરી કિતની હૈ? ફરી એકવાર બચ્ચાંઓ સમૂહમાં બોલે: "ચાર બોરી... ચાર બોરી" વર્ગના આખા દૃશ્યને જોયા પછી શરદજી તરત કહે: "ચલ અનિલ, યહાં પાઠ તુકારામકા ચલતા હૈ, ઔર બાતેં અનાજ કી ગાડી કી હો રહી હૈ. નિશાળમાંથી અમે નીકળી ગયા. રિક્ષાની રાહ જોતાં જોતાં શરદજી કહે: "આ વર્ગનાં બાળકો જ્યારે મોટાં થશે ત્યારે એમને કોઈ એમ પૂછશે કે તુકારામ વિષે શું જાણો છો? તો તરત વયસ્ક સજ્જન જવાબ આપશે, "હા, યાદ આવ્યું. અનાજની ગાડી પાસે ઊભા હતા એ તુકારામને? તુકારામ કરતાં અનાજની ગાડી બાળકોને વધુ યાદ રહેશે." પ્રાથમિક શિક્ષણની આ જ દુર્દશા છે. આ સીલેબસોની ભરમાર, સરકારી પાઠ્યપુસ્તકોનો સરકારી ઇજારો એ આવતીકાલના નાગરીકોનું સહુથી મોટું દુર્ભાગ્ય છે. પાઠ્યપુસ્તક માટે એક સરકારી ફોર્મ્યુલા હોય છે: અઢીસો ગ્રામ દેશપ્રેમ, ૧૦૦ ગ્રામ પ્રાર્થના, પાત્રોનાં નામ રામ અને રહીમ, અર્ધો કિલો મહાપુરુષો અને ૨૫૦ ગ્રામ કવિતાની કોથમીર છાંટી દો એટલે પાઠ્યપુસ્તક તૈયાર. વિખ્યાત ભાષાશાસ્ત્રી અને સુરેશ જોષીનાં 'મનીષા' સામયિક સમયના મિત્ર ના. ગો. કાલેલકર હંમેશાં કહેતા: ''પ્રાથમિક શાળાનાં બાળકોને ગુજરાતી ભાષા શીખવો, સાહિત્ય નહિ, બાળકોનું ગુજરાતી શબ્દભંડોળ સમૃદ્ધ કરો, વાક્યરચના શીખવો અને બાળકોની બોલીભાષાને સન્માન આપો. બાળકને જો ભાષા આવડતી હશે તો જ એ સાહિત્ય વાંચશે.'' પણ સરકારને આવી વાતોમાં કોઈ રસ પડતો નથી એટલે ગુજરાતમાં ભણતા બે લાખ જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં જ નાપાસ થાય છે એ સત્તાવાર સમાચાર છે.

એક સ્કૂલની વિઝિટ કરી ત્યારે એક વર્ગમાં બાળકોને માનું ચિત્ર દોરવાનું શિક્ષકે કહ્યું હતું. દરેક વિદ્યાર્થી ડ્રોઈંગ પેપર પર પોતાની માનું ચિત્ર દોરતા હતા. પણ એક વિદ્યાર્થી ટેન્શનમાં બેઠો હતો. એને માનું ચિત્ર દોરવાને બદલે ચિત્રવિચિત્ર ચકરડાં અને લીટાઓ જ કર્યાં હતાં. શિક્ષકે એને ધમકાવ્યો અને ફરીથી નવું ડ્રોઈંગ પેપર આપીને સ્પષ્ટ સૂચના આપી કે તારી બાનું ચિત્ર દોર. ફરીવાર એ ચકરડાં જ કર્યાં. મને એ બાળકમાં રસ પડ્યો. હું એને વર્ગની બહાર લઈ ગયો અને પ્રેમપૂર્વક પૂછ્યું: "બા તને વ્હાલી છે ને? તો એનું ચિત્ર કેમ દોરતો નથી?" એ બાળક સાવ ચૂપ થઈ ગયું. છેવટે એ બાળક મહા મહેનતે બોલ્યું, "મારી બા મરી ગઈ છે. સાવકી મા છે. મને બહુ મારે છે. બાપા સાવ ફરી ગયા છે." સાંભળીને હું સાવ ચૂપ થઈ ગયો. ડ્રોઈંગ પેપર પર એણે દોરેલાં

ચકરડાં અને લીટાઓને જોતો રહ્યો. મેં ડ્રોઈંગ શિક્ષકને સૂચના આપી કે આ બાળકનાં લીટાઓ અને ચકરડાંને મઢાવી લો. એનાં આ ચકરડાં અને લીટાઓમાં ગહન અર્થ ભરેલા છે, જે આપણે સમજી શકતા નથી. મને એ વખતે એવું લાગ્યું કે બહુ જ સંકુલ જિંદગીમાંથી કદાચ મોર્ડન ચિત્રકલાનો જન્મ થયો હશે.

મહાપાલિકાના લેંગ્વેજ ઓફિસર તરીકે અમે પૂનાની ડેક્કન કોલેજ સાથે સંકળાયેલા હતા એટલે વર્ષમાં એક બે વાર મારે પૂના ડેક્કન કોલેજમાં વર્કશોપ માટે જવું પડતું હતું.

"કોસલા" નવલકથાના સર્જક ભાલચંદ્ર નેમાડે અમારી સાથે હતા. આ અલગારી સર્જક અમારા દહિસર ઉપનગરમાં જ રહેતા હતા. હવે કદાચ જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યા બાદ ઘર બદલ્યું હશે. વર્ષો પહેલાં મારે રસિક શાહ, જયંત પારેખ અને ગંગાધર ગાડગીલ સાથે પૂનાની ડેક્કન કોલેજમાં જવાનું થયું હતું. ત્રણ દિવસની અનુવાદકળા વિશેની કાર્યશાળાનું આયોજન ડેક્કન કોલેજે યોજ્યું હતું. એ ત્રણ દિવસ દરમિયાન ભાલચંદ્ર નેમાડે મારા રૂમ પાર્ટનર હતા. ખૂબ મજા કરી. વિખ્યાત ભાષાશાત્રી ના.ગો. કાલેલકર પણ અમારી સાથે હતા. લેખિકા પન્ના અધ્વર્યુ પણ વર્કશોપમાં સહયોગી હતાં. મારે પણ કોઈક કૃતિનો અનુવાદ કરીને અનુવાદની બીજી બેઠકમાં વિદ્વાનો સમક્ષ રજૂ કરવાનો હતો. હું ખૂબ મૂંઝાયેલો હતો. એ વખતે ભાલચંદ્ર નેમાડેએ મારી મૂંઝવણ આસાનીથી દૂર કરી આપી હતી. ભાલચંદ્ર કહે: "અનિલ, તું કાલિદાસના સંસ્કૃત શ્લોકોનું ગીતના અંતરામાં અનુવાદ કર. કંઈક નવું થશે." નેમાડેના આ સૂચનથી મારું કામ ખૂબ સરળ બની ગયું. મેં બે શ્લોકના ગીતના અંતરામાં અનુવાદ કરી નાખ્યા. બપોરની બેઠકમાં મેં આ શ્લોક ગીતાનુવાદ બીતાં બીતાં વિદ્વાન મંડળી સામે વાંચ્યા. વાહવાહ થઈ ગઈ. આ ભાલચંદ્ર નેમાડે સાથે ચારમિનાર સિગારેટનાં અનેક ખોખાં ખાલી કર્યાં હતાં. સર્જક તરીકે ભાલચંદ્ર સાવ નોખી માટીના હતા. ભાલચંદ્ર નેમાડેએ કેવા સંઘર્ષમાં લખવાનું શરૂ કર્યું હતું એ વિષે તેઓ પોતે જ કહેતા હતા એ સાંભળીને આંખમાં પાણી આવી જાય. નેમાડેના શબ્દોમાં એમની કથા કહેતા પહેલાં મને એક વાત સમજાય છે કે સાહિત્યમાં બેસણી સોનાની હોય તો જ દિમાગ અને હૃદયની સાફસૂફી થાય છે. જીવનનાં રહસ્યો આપોઆપ ખૂલી જાય છે. બેસણી જો પિત્તળની હોય તો નો કોમેન્ટ. અહીં દશ્ય બદલાય છે. ભાલચંદ્ર નેમાડે પોતાની વાત કરે છે.

''હું પરીક્ષા આપવાનું છોડીને પૂના ચાલ્યો ગયો હતો. એ વખતે પૂનામાં પહેલી પ્રકાશક પરિષદ ભરાઈ હતી. એ પરિષદમાં મેં કાકા દેશમુખે પ્રસ્થાપિત કરેલા લેખકોની જાહેરમાં બદનામી કરી હતી અને મનોમન નક્કી કર્યું હતું કે

અહીં ભેગા થયેલા ટિનપાટિયા લેખકોને હું એની જગ્યા બતાવી દઈશ. વચ્ચે લઘુકથા લખવાનો એટલો ક્રેઝ હતો કે નવલકથા નાશ પામી હતી. એ દિવસોમાં ખાંડેકર, પુ. લ. દેશપાંડે, રણજિત દેસાઈ જેવા લેખકોનો વટ પડતો હતો અને મને આ બધા પ્રતિષ્ઠિત લેખકોની કોઈ કૃતિ ગમતી નહોતી. હું બધાની ટીંગલ ઉડાવતો હતો. મને એમની નવલકથા કૃત્રિમ અને જુનવાણી લાગતી હતી. એક દિવસ કાકા દેશમુખ મને ગુસ્સે થઈને કહે: 'આ સહુ મોટા ગજાના લેખકોની ટીંગલ ઉડાડીને મશ્કરી કરવી એ બહુ સહેલું છે. તારામાં તાકાત હોય તો એક નવલકથા લખી બતાવ તો સમજું કે તું બહુ શાણો છે.' આ સાંભળીને મેં તરત જવાબ આપ્યો: 'કાકા, ખાંડેકર જેવી નવલકથા તો હું અઠવાડિયામાં લખી આપું, ડાબા હાથનો ખેલ છે.' આ સાંભળીને મારા પ્રકાશક કાકા દેશમુખે કહ્યું કે પહેલાં લખીને તો બતાવ! મારે માટે આ ચેલેન્જ હતી. હું નિરાશ થઈને મારા ગામ આવ્યો. મારા ઘરના બધા જ સભ્યો મને મહેણાં મારવા લાગ્યા કે આટલા બધા પૈસા ખર્ચીને તને શહેરમાં ભણવા મોકલ્યો ને એક પણ પરીક્ષા દીધા વિના હીરો ઘોઘે જઈ આવ્યો. બીજાનાં છોકરાં તો અમેરિકામાં સેટલ થઈ ગયાં છે અને તું માખીઓ મારવા પાછો ગામ આવ્યો.'' આજે 'કોસલા' નવલકથાનું સ્થાન મરાઠી ભાષામાં સર્વકાલીન છે. ઓલ ટાઈમ ગ્રેટ છે. 'કોસલા' એ ભાલચંદ્રની આત્મકથાત્મક નવલકથા છે. ''ઘરમાં મારી સાથે કોઈ બોલતું નહિ. કોઈની પાસે પૈસા માગવાની પણ સગવડ નહોતી. મને ફિલ થતું હતું કે હું આ વયે કેટલો નિરુપયોગી છું. મને જાત પર શરમ આવતી હતી. મારી આ દુર્દશા કેવી રીતે થઈ એનો કોઈ જવાબ મળતો નહોતો. સવારે કુટુંબના બધા જ સભ્યો ખેતરે જતા રહેતા હતા. મારી ચા હું જ બનાવતો હતો. બપોરે મારા માટે જે ખાવાનું ઢાંક્યું હોય તે ખાઈ લેતો. મને થતું કે હું આ સ્પર્ધામાં ટકી રહેવા અસમર્થ છું. મારા ઘરમાં કાગળ પણ નહોતા. જૂની કાટ ખાધેલી ટાંકણીઓ હતી. લખતાં લખતાં શાહી ખૂટી જતી તો ફાઉન્ટનપેનમાં શાહી ભરાવવાના પૈસા નહોતા. મારી પ્રિય ચારમિનાર સિગારેટ પણ નહોતી આવા દિવસોમાં. મેં 24 ઓગસ્ટ 1963માં 'કોસલા' લખવી શરૂ કરી.'' આ ગ્લાનિભરી કેફિયત ભાલચંદ્ર નેમાડેની છે. આ નવલકથાનો 50મો જન્મદિવસ હમણાં જ મરાઠી ભાષાએ ઊજવ્યો હતો. લોરી મૂરે નામની લેખિકા સાચું કહે છે: ''A short story is a love affair, a novel is a marriage. A short story is a photograph; a novel is a film.''

[ક્રમશ:]



કલ્પદૃશ્ય

☐ છાયા ઉપાધ્યાય

પ્લે *સ્ટેશનેથી* બહાનું કરીને યયાતિ ઘરે આવવા ભાગી છૂટ્યો. વર્ચ્યુઅલ બૅટ વડે વર્ચ્યુઅલ બૉલને ફટકારતાં અનુભવાતી તાકાત, ઝટકો, ગતિ એવાં જ હતાં, જેવાં રન લેવા *ફિઝિકલી* દોડતી વખતે અનુભવાતાં હતાં. પણ, યયાતિ કશીક ઊણપ અનુભવતો. તે ખોટ સબળ હોવા છતાં સૂક્ષ્મ હતી. યયાતિ તેને સમજી શકતો નહીં. આજે તે અધૂરપની અનેકગણી તીવ્ર આવૃત્તિ તેનામાં ભભૂકી ઊઠી. શર્મિ પ્રત્યે તેનું ખેંચાણ મિત્રવર્તુળમાં છાનું ન હતું, શર્મિથી પણ નહીં. પરંતુ, રન *આઉટ* થયેલી શર્મિને *સ્યૂટ* ઉતાર્યા પછી ફ્લોરલ ડ્રેસમાં જોઈ તેની ધડકન ત્રેવડાઈ ગયેલી. પોતે શાની અધૂરપ અનુભવતો હતો તે વાત તે પળે યયાતિને સ્પષ્ટ થઈ ગયેલી.

પોતાની ધધકતી વિહ્વળતા સંતાડી યયાતિ પોતાની રૂમમાં દોડી ગયો, ડ્રૉઈંગ રૂમના *ગૅજેટ્સ* તેને *ડિટેક્ટ* કરી *'વૅલકમ હોમ સની'* કહે તે પહેલાં. મન તો તેને દાદી પાસે જવાનું હતું, પણ

બહારથી આવ્યા પછી *સૅનિટાઈઝ્ડ* થવું અનિવાર્ય હતું ઘર-*સોસાયટી*ના એ.આઈ. સર્વેલિયન્સ હેઠળ. તેના શરીરને અડીને આજે પાણી વરાળ થઈ રહેલું જાણે. 'દાદી સિવાય, ભોજન-પીણાં અને પાણીનો સ્પર્શ, બસ.' યયાતિ તૃષ્ણાઓ ભભૂકી રહી.

બહાર આવી ઓરડાના *ટુલ્સ* પર નજર ફેંકી તેણે કહ્યું, *''નાવ, સ્ટાર્ટ યૉર *** ઍનેલિસિસ.''* પલંગ સામેની દીવાલ- *સ્ક્રિન* પર યયાતિનું બ્લડપ્રેશર, ટૅસ્ટોસ્ટેરોનનું વધેલું પ્રમાણ અને એવા બધા *ક્લિનિકલ રિપોર્ટ્સ,* તે માટેનાં સંભવિત કારણો સહિત આવવા લાગ્યા. *'યુ સીમ ટુ હૅવ વૅરી હાઈ ઇમોશનલ મુવમેન્ટ્સ, લિડિંગ ટુ સ્પાર્ક કૅમિકલ્સ ધૅટ હૅઝ પુટ યુ ઑન ફિઝિકલ હાઈ ઍન્ડ વાઈસેવર્સા.'* શરીરને તંત્ર તરીકે સ્થાપિત કરતા આ રિપોર્ટ્સ સમજવા જેટલું સામાન્ય જ્ઞાન તો હવે દરેક ટીનેજરને હતું, *આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ*થી સંસ્કૃત *ગૅજેટ્સ* ચૉવીસે કલાક એ બધું ઠાલવ્યા જે કરતા હોય! તે પછી, પંદર વર્ષના યયાતિના ઓરડાની દીવાલ પર *વર્કઆઉટ, અને ઍડલ્ટ રૅફરન્સીસ* આવવા માંડ્યા.

યયાતિએ આવેશથી *વૉલ સ્ક્રિન ઑફ* કરી; તે દાઝ મળેલા સુઝાવ પ્રત્યેનો રોષ છે કે અપેક્ષિત માર્ગદર્શનની ગેરહાજરીની બળતરા, તેની સમજ વિના. તેવા સંદર્ભોની આમ આ પેઢીને નવાઈ ન હતી. પણ, યયાતિના *ગૅજેટ્સ*માં તેમને પેટાવવાની જરૂર *આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ*ને આજ સુધી પડી ન હતી. નહીં તો તે બધું *પેરન્ટલ લૉક* હેઠળ હોત. યયાતિને તે સલાહ નકામી લાગી. તેના તનમનમાં જાગેલી તૃષ્ણાને જે જોઈતું હતું, તે મેળવવાના વિકલ્પોને બદલે મન વાળવા-મારવાના રસ્તા તેને મંજૂર ન હતા. જે માહોલ હતો, તેમાં યયાતિને પોતાની ઇચ્છાપૂર્તિ અશક્ય લાગતી હતી.

'અશક્ય'ની સંભાવના યયાતિને ગમી, તેનામાં જીદ પેટાઈ તેને 'શક્ય' બનાવવા. બાકીના બધાં *ગૅજેટ્સ, સ્યૂટ* સહિત *ઑફ* કરી તેણે *પામપૅડ* લીધું. ભલે બધું *સિંક* હોય, *ગૅજેટ્સ* બંધ હોય ત્યારે તે એક પ્રકારની સ્વતંત્રતા અનુભવતો. તેને પહેલો સવાલ તો એ હતો, 'જે બાબત અત્યારે જીવનમરણ જેટલી મહત્ત્વની લાગે છે, તેનો અંદેશો અગાઉ કેમ ના આવ્યો? આ વાત પર અગાઉ પોતાનું ધ્યાન કેમ ના ગયું?'

''સમય.'' જવાબ ઝળક્યો. *ગૅજેટ્સ* દાદીની શૈલીમાં જવાબ આપે તેવું *સેટિંગ* યયાતિએ કરેલું. ''શરીર વયમાં આવે ત્યારે દિમાગ પણ તે વિશે વિચારો લઈ આવે! *ફૅક્ટરી સેટિંગ.''*

''ઇટ ઇઝ નૅચરલ, ઇઝન્ટ ઇટ? તો પછી અનનેચરલ હોય એવી ફિલિંગ કેમ આવે છે?''

''સામાજિક ગોઠવણ જ એવી છે.''

યયાતિને જવાબ મળ્યો. "આસપાસ જે જોયું, સાંભળ્યું હોય તે જ સ્વાભાવિક વર્તન તરીકે સ્વીકૃત થાય."

"તો મને આ *પૅશન,* આવું, આવું, *વહ્‌ઑટેવર ઇટ ઇઝ,* કેમ છે? એ સ્વાભાવિક છે કે બીજું કાંઈ?"

ભલેને ઈ. સ. ૨૦૪૨માં બેઠેલો યયાતિ *ટીનેજર* હતો, તેની બુદ્ધિમત્તા તેના સમયના કિશોરોની જેમ કાર્ય કારણ સબંધો અને ગૅજેટોપ્લબ્ધ માહિતી ખડકલા થકી સમયોચિત હતી. *પામપેડ* પર પ્રશ્ન ટાઈપ નહોતા કરવાના. હથેળીની ત્વચા પરનું એ પારદર્શક પડ તેના ધારકના વિચાર વાંચી શકતું. તે વિચાર હથેળીમાં દેખાતા જાય, પસંદગીના વિચાર વખતે શ્વાસ ઉતાવળો થાય અથવા કીકીના કદમાં વધઘટ થાય એટલે પામસ્ક્રિન તેને જ *ઇનપુટ* તરીકે સ્વીકારી લઈ સર્ચ પરિણામો પેશ કરે.

હથેળીમાં જવાબ ઝબક્યો, "તારો આવેગ અને સમાજની વર્તમાન સામાજિક સ્થિતિ, બંને છે અને બંને સાહજિક છે."

યયાતિ મૂંઝાયો, "બંને? બંને સાચાં?"

જવાબમાં યયાતિ રૂપધારી ઈમોજી તેની હથેળીમાં હસ્યું, "સત્ય સપાટ નથી, *બડી.* હોઈ શકે બંને અને બીજું ઘણું એકસાથે સાચું."

"કઈ રીતે?"

યયાતિમોજી બોલ્યું, "લાંબી વાર્તા છે. હમણાં તારે શું સમજવું છે- તને પોતાને કે તને અકળાવી રહેલી સામાજિક વ્યવસ્થાને? કોઈ એક પસંદ કર. તે જોઈ, વાંચી, સાંભળી, સમજી લે. પછી બીજાની વાત."

યયાતિએ પહેલાં પોતાને સમજવાનું પસંદ કર્યું.

પામસ્ક્રિન પર એક પછી એક *વિડિયોઝ* શરૂ થઈ ગયા. સજીવની મૂળભૂત વૃત્તિઓ અને તે પાછળ જીવનને પ્રવાહિત રાખવાની જીવનની નીતિરીતિથી શરૂ કરીને ગર્ભાધાન-જન્મ-શારીરિક વિકાસ ક્રમ અને તેમાં રસાયણોની ભૂમિકા એમ...

એ બધું પૂરું થતાં યયાતિમોજીએ આંખ મિચકારી, "તું તો એ કડીનું પ્યાદું છો, *બ્રો.* તને થાય, જે તને થઈ રહ્યું છે. શર્મિ તો નિમિત્ત માત્ર છે. તેને પણ કદાચ આવા જ ફટાકડા ફૂટ્યા હોઈ શકે, *હોપફૂલી.*"

"એટલે કે મને જે થાય છે શર્મિ માટે, તેવું તેને પણ? આ...?

યયાતિમોજીએ યયાતિના સવાલને પકડી લઈ આગળ વધાર્યો, "...તરસ, ભૂખ -જૈવિક, દેહધાર્મિક, કુદરતી, સ્વાભાવિક છે, એમ?"

પછી જવાબ આપતાં તે બોલ્યું, "હા, હા, હા અને હા. તારા દોસ્તોને પણ આવું થતું હશે કોઈ ઉર્વશી કે મંદાકિની, *ઉપ્સ,* ઉર્વા કે મૅન્ડીને જોઈને તેમજ ઉર્વા, મૅન્ડીની જમાતને પણ. એ જુદી વાત છે, ના તો તેઓ તારી જેમ પોતાનાથી છૂટા પડી તેને જોઈ શકતા હશે, ના તેમને

પ્રશ્ન થતા હશે કે ના તો તેઓ તારી જેમ *સર્ચ* કરવા બેસે. તેમનામાંથી કોઈને પ્રશ્ન થયો પણ હશે તો જે *સજેશન્સ*થી તું અકળાયો, તે વિકલ્પો અપનાવીને તે સુખમૂઢ થવું પસંદ કરી ચૂક્યા હશે. આ તો દાદીને કારણે...'' જાણી જોઈને વાક્ય અધૂરું છોડી યયાતિમોજી ચૂપ થઈ ગયું.

દાદી અને યયાતિ વચ્ચે ખાનગી સંબંધ હતો. દાદી એકમાત્ર *પામપેડ* જ વાપરતાં. એ પણ પરિવાર અને રેસિડેન્શિયલ સોસાયટી બહાર ના કરી દે એટલે. *સ્યૂટ* તો તેઓ જાહેરમાં જ પહેરતાં. ''માળુ કપડાંની બધી રોનક ઝાંખી કરી દે! ભલેને *ટ્રાન્સપરન્ટ* હોય. અને હવાને તો *સોશિયલ ડિસ્ટન્સિંગ* નથી પાળવાનું ને!'', તેમની દલીલ રહેતી. પોતાનું *ઑનલાઈન ટ્રેકિંગ* ઓછામાં ઓછું થાય તે માટે તેઓ સખત ચોકન્નાં રહેતાં. યયાતિ સાથે હોય ત્યારે વિશેષ.

યયાતિને પોતાના ઓરડે લઈ જઈ, એમના જમાનાની જુનવાણી રીતે તેઓ પૌત્રને લાડ લડાવતાં; યયાતિને ખોળામાં બેસાડી વાર્તાઓ કહેતાં, ગીતો સંભળાવતાં, ઘોડો થઈ યયાતિને ફેરવતાં, પગ પર તેને બેસાડી પાલોપા કરતાં અને વહાલ છલકાઈ ઊઠે ત્યારે બચ્ચીઓથી નવડાવી દેતાં. જો કે, આ બધું તેમણે યયાતિને વિશ્વાસમાં લઈને કરેલું, એ છ વર્ષનો થયો છેક પછી. નહીં તો ક્યારનાંય બેઉને છૂટાં પાડી દેવાયાં હોત, *સોસાયટી* અથવા પરિવાર દ્વારા. દાદીને કારણે યયાતિનું નામ જ નહીં, તેનો શબ્દકોશ અને ભાવકોશ તેના મિત્રો કરતાં જુદા હતા. પોતાના વિચારને જોવા- તપાસવાની, વિચારની ધારાને ટૂંકાવી, તોડી તેને સમજવા પ્રશ્ન ઘડવાની યયાતિની આવડત અને યયાતિમોજીની ભાષા દાદીની કેળવણીનું પરિણામ હતાં.

સજીવની જીવનકડીની વાત જાણ્યા પછી યયાતિએ *'રીલેટેડ સોશ્યલ ચેન્જીસ'* વિશે *પામપેડ*ને પૂછ્યું.

વળી વિડિયોનો ઢગલો ખડકાયો. યયાતિએ કહ્યું, *''ગો ક્રોનોલોજીકલી.''*

૧૭ નવેમ્બર, ૨૦૧૯, વુહાન, ચીનથી શરૂઆત થઈ. જે આવતું ગયું, યયાતિ ફાટી આંખે જોતો રહ્યો. એક વિચિત્ર ખાદ્યપ્રણાલીમાં ભીનું ભાળી ગયેલો એક વિષાણુ, એક વાદ પ્રેરિત ઢાંકપિછોડો અને દુનિયા ઘૂંટણભેર, કાળો કેર, *ઑલમોસ્ટ હોલ વર્લ્ડ વૉઝ લૉક્ડ ઍન્ડ ઍઝ યુ સે, *** ડાઉન.*

''ધૅટ્સ ઈનસેન! સોશિયલ ડિસ્ટન્સિંગ ત્યારે શરૂ થયું? એ પહેલાં ન હતું?''

''ભારતીયો મળે ત્યારે આલિંગન કરતા અને યુરોપિયન ચુંબન. હેન્ડ શેક, આંગળાં અડકાડી નમસ્કાર તો એથીય વધુ ચલણી હતા.''

''તો પછી *સોશિયલ ડિસ્ટન્સિંગ* એક *નૉર્મ* કઈ રીતે બન્યું?''

''વર્ષભર તો *લૉક્ડડાઉન* રહી હતી

દુનિયા. *ક્વૉરેન્ટાઈન્ડ* કરાયેલા લોકો જુદા. તે પછી જીવન તે અગાઉના *નૉર્મલ* જેવું ના થઈ શક્યું. એક વાઈરસ નિપટાવે ત્યાં બીજો ફૂટી નીકળે, એવી ઘટમાળ શરૂ થઈ હતી. છેલ્લાં દસેક વર્ષથી માંડ બધું અટક્યું છે. કોઈ પણ વ્યક્તિ *વાઈરસ* કેરિયર હોઈ શકતી હોય ત્યારે પરસ્પરનો ભરોસો ડગી જાય." યયાતિમોજીએ ઉમેર્યું.

"જાણું છું થોડુંઘણું. *સાયન્સ, હિસ્ટ્રી*માં લેસન્સ આવે છે. પણ, તે આટલું ખતરનાક હશે એમ ખબર નહોતી પડી."

"દાદીને પૂછ્યું હોત..." યયાતિમોજીએ આંખ મિચકારી.

દાદી પાસે જવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવારનો હતો. ત્યારે મૉમ-ડેડ સૂતાં હોય અને ઘરનાં *ગૅજેટ્સ* પણ *હાયબરનેટ મોડ* પર હોય. *ડિનર* પછી તે રાત પસાર કરવા યયાતિએ નવેમ્બર ૨૦૧૯થી શરૂ કરીને ઇતિહાસ વાંચી નાખ્યો, ૨૦૨૦ પહેલાંની સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક *ઈવેન્ટ્સ*ના *વિડીયોઝ* ફાટી આંખે જોયા. સ્વીકૃત વહેલી સવારે દાદી પાસે પહોંચી, તેમની ઉપર લગભગ ખાબકીને યયાતિએ દાદીને જગાડ્યાં.

"અરે, અરે! પણ, વાત શું છે?"

દાદી ભલે યયાતિ સાથે *સોશિયલ ડિસ્ટન્સિંગ* રાખતાં ન હતાં, યયાતિ તો તે જીવનશૈલીથી ટેવાયેલો હતો. એટલે, તેને આમ પહેલ કરતો જોઈ દાદીને સારું તો લાગ્યું જ, નવાઈ પણ થઈ.

યયાતિએ દાદીને અથથી ઇતિ વાત કહી : શર્મિનું સ્મિત અને પોતાના આવેગ, શર્મિને ચૂમવાની, ભેટવાની, ભોગવવાની ઇચ્છાઓનાં પૂર, વ્યાપક *નો-ટચ* સામાજિક રૂઢિ, *સ્યૂટ* સાથે કે *વર્ચ્યુઅલી હગ* કરવામાં અનુભવાતી અધૂરપ, પોતાની મૂંઝવણ, *એ.આઈ.*એ સૂચવેલા ઉપાયો અને પોતે જોયેલો-વાંચેલો ઇતિહાસ.

દાદીએ રાજી થઈને કહ્યું, "હાશ! તારામાં નર્યો આવેગ બચ્યો તો છે! આપણે એકબીજાને *સિલિકોન સ્યૂટ* વગર સ્પર્શતાં રહ્યાં છીએ એટલે કદાચ. બાકી તો લોકો, તારાં મમ્મી-પપ્પાને જ લઈ લે ને..." સહેજ ખચકાઈ દાદીએ કહ્યું, "તું પણ *સ્યૂટ* સંબંધથી *કન્સીવ* થયેલો. બસ, કિસિંગ બાબતે વિકલ્પ શોધાયો નથી. ફફડે છે બધા. *સ્યૂટ* હોઠ સુધી રક્ષણ આપે. પણ, જીભ, દાંતને કેમ ઢાંકવાં?" મોકળું હસી નાખીને મોજીલાં દાદી ચૂપ થયાં.

"મારે તો શર્મિને તમારા જમાનાની જેમ સ્પર્શવી છે. *સ્કીન ટુ સ્કીન, યુ નો.*"

"એ માટે તારી શર્મિય તૈયાર હોવી ઘટે, દીકરા!" દાદીએ વાસ્તવિકતા ધરી.

એ વાત પર વિચાર કરતાં, કંઈક નવું જ સૂઝ્યું હોય એમ યયાતિ બોલ્યો, "એને જોખમમાં નાખવાનું મનેય ના ગમે."

"જોખમ? મારા વ્હાલીડા, આ મુવાઓના *સ્યૂટ* જાતભાતનાં જીવડાંથી

ખદબદતાં નહીં હોય, કોને ખબર? આપણે બે દસકાથી સ્યૂટ વગર ભેટીએ છીએ, કાંઈ થયું આપણને?"

"એ ખરું પણ *સોશિયલ નૉર્મ્સ, રુલ્સ ઍન્ડ રૅગ્યુલેશન્સ?"* દાદીની હૂંફ હેઠળ આવેગ ધીમો થયો એ સાથે કેટલાક ડર બેઠા થવા લાગેલા યયાતિમાં. વળી, નિયમભંગના વિચાર સાથે કાયદા પહેલાં તો ઘરના *ગૅજેટ્સ* ખબર લઈ નાખતાં.

"જો બેટા, વ્યવસ્થા અને નિયમો *સર્વજનસુખાય* હોય. તેનો મતલબ એમ નહીં કે તે દરેક વ્યક્તિને માટે સુખરૂપ હોય અને અતૂટ હોય. એક સમય હતો, જ્યારે *સોશિયલ ડિસ્ટન્સિંગ* જરૂરી હતું. એ કાળ આવેલો, પ્રમાણમાં લાંબો ચાલ્યો અને જતો રહ્યો. હવે ક્યાં લગી બીવાનું? પણ, પ્રણાલિ થઈ પડી છે. સુરક્ષા તરીકે જેની શરૂઆત થઈ તે સગવડ ફૅશન થઈ વ્યાપી અને હવે માથે પડી છે. એક આખો વર્ગ છે, જેમને આવાં નખરાં પોસાતાં નથી. તેઓનો સમુદાય ના તો *ઍક્સ્ટીંક્ટ* થયો છે, ના તો તેમાં બિમારી વ્યાપક છે. ઉપરથી, તેમની *ઇમ્યુનિટી* વધારે છે આપણા જેવા ચોખલિયા કરતાં. આપણા *ક્લાસે* આ અકુદરતી પરંપરામાંથી છૂટવાનો સમય ક્યારનોય પાકી ગયો છે. તારા જેવા હિંમત કરે તો કાંઈક થાય." લાંબું ઉપરાંત આવેશમય બોલવાથી દાદીના શ્વાસોચ્છ્વાસ તેમની આશા-અપેક્ષાઓ જેટલા ઊંચકાઈ ગયેલા.

યયાતિ કેટલીક ક્ષણ ચૂપ રહ્યો. *ગૅજેટ્સ* ગમે તેટલાં *ઇન્ટેલિજન્ટ* હોય, માણસની વ્યક્તિગત બુદ્ધિ વડે તેમને ગોથાં ખવડાવી શકાય છે એમ ફિનેલ્થેલામાઈનથી શરૂ કરી ડોપામાઈનની રસજાળમાં ડૂબેલા છોકરડાને એકાએક ખબર પડી ગઈ હતી. *હૅકિંગ* તો હવે જુનવાણી ખ્યાલ હતો. *પૅરલલ ઇન્ટેલિજન્સ*નો યુગ શરૂ થયે એટલો સમય થઈ ગયેલો કે તેની ચોથી પેઢી ચલણમાં હતી.

"આઈ થિંક આઈ કૅન ડુ સમથિંગ અબાઉટ ઇટ વીથ ધ હૅલ્પ ઑફ માય ફ્રૅન્ડ્સ. આઈ વીલ ડૅફિનેટલી કમ અપ વીથ અ પ્લાન, *ડાર્લિંગ!"* એમ કહેતાં દાદીના ગાલની લટકતી ચામડી પર મોટા ચીંટિયા અને બચ્ચી ભરી યયાતિ પોતાના ઓરડે ગયો અને શર્મિને મૅસેજ કર્યો, *"નીડ હૅલ્પ ઇન કૅમેસ્ટ્રી. વીલ યુ પ્લીઝ?"*

❑❑❑

"ચહેરા કરતાં મુખવટો વધુ બોલતો હોય છે."

- ઓસ્કાર વાઇલ્ડ

"કેટલાક લોકો એટલા સંવેદનશીલ હોય છે કે મહામારી એમના તરફ દુર્લક્ષ સેવે તો પોતાને અપમાનિત અનુભવે."

- કિન હબાર્ડ



*પથેર પાંચાલી*માં અપુ (સુબીર બૅનર્જી) અને દુર્ગા (ઉમા દાસગુપ્તા)

સત્યજિત રાય

પથેર પાંચાલીનું નિર્માણ, અંતરાયો ને સફેદ ઘુવડની ભેદી વાત

☐ અમૃત ગંગર

સત્યજિત રાયની ફિલ્મ સર્જનની કારકિર્દીની સૌ પ્રથમ ફિલ્મકૃતિ *પથેર પાંચાલી* (૧૯૫૫) ના નિર્માણ વિશે તો અનેક વાતો થઈ છે, થોકબંધ લખાયું છે પણ આ સફેદ ઘુવડની વિચિત્ર વાત ક્યાંથી આવી? ઘુવડ ને એ પણ વળી માદા! ઉલ્લુ માદા ને વળી શુકનિયાળ!! સફેદ ઘુવડ તો આમ તુષાર પ્રદેશનું રહેવાસી, તેનું ઘર તો આર્ક્ટિક જેવા ધ્રુવીય હિમાળા વર્તુળોમાં. કેમ કરીને

આવ્યું હશે બરફનું આ પંખી છેક ઉત્તર ધ્રુવની બરફીલી ઠંડીમાંથી કલકત્તાના અસહ્ય ઉષ્માભર્યા સ્વેદ વાતાવરણમાં? કેટલાં જોજનો ઊડ્યું હશે ને કેટલા મહિના લાગ્યા હશે તેને આવી વિસ્મયકારી મુસાફરી કરવામાં? શું ખાધું હશે ને શું પીધું? કોણ પૂછે આ બધા પ્રશ્નો આપણા બરફના આ શ્વેત પંખીને ને કોણ સમજે તેના મક્કમ મોઘમ મૌનને? પણ આવા ગૂઢ પ્રશ્નોની મથામણમાં અત્યારે પડવા કરતાં, દૂધ જેવા ધોળા શ્વેત ઉલૂક (બંગાળી ભાષામાં ઘુવડને ઉલૂક કહે) ના ભેદને ભેદ જ રહેવા દઈએ ને આપણી *પથેર પાંચાલી*ના નિર્માણની વાતને આગળ વધારીએ.

અગાઉ કહ્યું તેમ *પથેર પાંચાલી*ના સર્જનની પ્રક્રિયા અને તેના નિર્માણ પાછળ થયેલા સંઘર્ષ વિશે તો અનેક વાતો થઈ છે ને ઢગલાબંધ લખાયું છે પણ શ્વેત પરદા પર આપણી વાતને પ્રૉજેક્ટ કરીને જોઈએ તો તે વધારે રોમાંચક લાગશે અને સ્વાભાવિક રીતે શ્વેત ઘુવડના ભેદ વિશે જરૂરી ખુલાસો નહીં થાય ત્યાં સુધી આપ સૌ સુજ્ઞોને ચેન પડવાનું નથી. તો આવો મારી સાથે એ જ દક્ષિણ કલકત્તાના લેક ઍવેન્યૂના

*પથેર પાંચાલી*ના શૂટિંગ વખતે સત્યજિત રાય





*પથેર પાંચાલી*ના શૂટિંગ વખતે સર્વજયા (કરુણા બંદોપાધ્યાય), લાઇટ મીટર સાથે સુબ્રતો મિત્ર

૩૧ નંબરના ઘરમાં જેના વિશે આપ સૌ પરિચિત છો (જુઓ *આરો એકબાર માણિકદાર બાડિતે*, અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, જૂન ૨૦૨૦). એક શતકમાં ફક્ત ત્રણ દાયકા બાદ કરો એટલે સિત્તેર વર્ષ પહેલાંની આ વાત છે.

અગાઉ કહ્યું તેમ ૧૯૫૦ના વર્ષમાં સત્યજિત રાય ડી. જે. કેમર નામની કંપનીમાં આર્ટ ડિરેક્ટર તરીકે કામ કરતા હતા ત્યારે એ કંપનીએ તેમને ટૂંક સમય માટે લંડન-સ્થિત તેના મુખ્ય દફ્તરમાં કામ કરવાની તક આપી હતી. દરિયા વાટે આગબોટની દીર્ઘ મુસાફરી, મુંબઈથી આગબોટની ટિકિટ ન મળતાં કોલંબો (સિલોન)થી જવું પડ્યું, એટલે કલકત્તાથી આગગાડીમાં મદ્રાસ જવાનું અને ત્યાંથી ધનુષકોટી થઈને કોલંબો પહોંચવાનું. ૧૯૫૦ના વર્ષની આઠમી એપ્રિલે કલકત્તા છોડ્યું ત્યારે મિત્ર દિલીપ ગુપ્તાએ સત્યજિતના હાથમાં એ જ ગાળામાં પ્રગટ થયેલી *પથેર પાંચાલી* નવલકથાની બાળકો માટેની આવૃત્તિની પ્રત આપતાં કહેલું, *પથેર પાંચાલી* વાંચ્યા વિના તારું ભણતર અધૂરું રહેશે. ખરે જ, ત્યાં સુધી સત્યજિત રાયે વિભૂતિભૂષણ બંદોપાધ્યાય લિખિત નવલકથા *પથેર પાંચાલી* વાંચી નહોતી! અને એ વાતનું તેમને દુઃખ પણ હતું. બસ અહીં જ ૩૧ લેક ઍવેન્યૂમાં ૧૯૫૦ના વર્ષની આઠમી એપ્રિલે *પથેર પાંચાલી* ફિલ્મકૃતિનું બીજ રોપાઈ ગયેલું.

૧૯૫૦ના વર્ષની ચૌદ એપ્રિલના

દિવસે કોલંબોથી લંડન જવાની આગબોટની યાત્રા આદરાઈ. આગબોટનું નામ મજોલા. આફ્રિકન મૂળના આ નામનો અર્થ એટલે ઈશ્વરના સદ્‌ગુણોનો વારસો મેળવનાર વ્યક્તિ. સોળમી એપ્રિલે મજોલા કોલંબોથી આવીને મુંબઈ બંદરે લાંગરે છે અને બાવીસમી એપ્રિલે વાયા ઍડન થઈ અન્ય સાગરોનાં અનેક શહેરોને સ્પર્શીને આઠમી મેના દિવસે સત્યજિત રાય અને તેમનાં પત્ની બિજોયા (વિજયા) લંડન પહોંચે છે. લગભગ એક મહિનાની આ મુસાફરીમાં આગબોટ ઉપર જ સત્યજિત રાયે મિત્ર દિલીપ ગુપ્તાએ આપેલી *પથેર પાંચાલી* નવલકથાની આવૃત્તિ વાંચીને તેને ચિત્રોમાં પલટાવી દીધી હતી. તેમની આગવી શૈલીની ઇલસ્ટ્રેટેડ ફિલ્મ પટકથા અને આગબોટ ઉપર જ વિભૂતિભૂષણની નવલકથા આધારિત *પથેર પાંચાલી* ફિલ્મકૃતિનું નિર્માણ કરવાનો નિર્ધાર પણ મનોમન લેવાઈ ગયો હતો. ત્રણેક મહિના લંડનમાં રહીને કલકત્તા પાછા ફરવું હતું અને *પથેર પાંચાલી* ફિલ્મ બનાવવાની તૈયારીઓ કરવી હતી. ફિલ્મ નિર્માણનો અગાઉ કોઈ અનુભવ નહોતો, ટૅક્નિકલ ટુકડી ઊભી કરવી હતી, અપુ, દુર્ગા, વૃદ્ધા ઇન્દિર ઠાકુરણ, સર્વજયા અને હરિહરનાં પાત્રો ભજવવા માટે અભિનેતાઓ શોધવા હતા. *પથેર પાંચાલી*નું ફિલ્માંકન કરવા માટે યોગ્ય

*પથેર પાંચાલી*માં ઇન્દિર ઠાકુરણ (ચુનીબાલા દેવી) અને દુર્ગા





*પથેર પાંચાલી*માં હરિહર (કનુ બંદોપાધ્યાય) અને સર્વજયા

ગામડું કે લોકેશન શોધવું હતું. અને સૌથી અગત્યની વસ્તુ - ધન! ફિલ્મ નિર્માણ માટે જરૂરી નાણું ઊભું કરવું હતું. આ બધાં પાસાંઓ વિશે ટૂંકમાં વાતો કરીને, આપણી ડાહીડમરી કહેવત 'ધીરજનાં ફળ મીઠાં'ને અનુસરીને,આપણે પરત ફરીશું આપણા બરફના પંખી શ્વેત ઘુવડ તરફ! કે તેના ભેદના ઉકેલ તરફ! સત્યજિત રાય લંડનથી કલકત્તા પાછા આવી ગયા.

આર્ટ ડિરેક્ટર બંસીચંદ્ર ગુપ્ત સત્યજિતના મિત્ર. કલકત્તાના ઘરમાં તેઓ સત્યજિત સાથે *પથેર પાંચાલી* ફિલ્મની પટકથા વિશે ચિંતનમનન કરે. કૅમેરામૅન તરીકે સુવ્રત (સુબ્રતો) રાય જોડાયા. તેમણે અગાઉ કદી મૂવી કૅમેરા હાથમાં લીધો નહોતો પણ સ્થિર ફોટોગ્રાફીના અચ્છા જાણકાર (જુઓ *ઉત્તમ સિનેમૅટોગ્રાફર સુવ્રત મિત્ર સાથે વાર્તાલાપ*, અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, જુલાઈ, ૧૯૯૯). સત્યજિત રાયના પ્રોત્સાહનથી *પથેર પાંચાલી*નું ફિલ્માંકન કરવાની જવાબદારી સુબ્રતોએ સ્વીકારી લીધી. વળી જાણીતા ફ્રેંચ દિગ્દર્શક ઝાં રૅન્વાર કલકત્તા / બંગાળમાં તેમની ફિલ્મ *ધ રીવર* (લ ફ્લવ, ૧૯૫૧)નું શૂટિંગ કરતા હતા ત્યારે સુબ્રતો તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા. અને એ તેમને *પથેર પાંચાલી*ના શૂટિંગ વખતે ખાસ્સું કામ આવ્યું હતું. *ધ રીવર*ના કૅમેરામૅન હતા ક્લૉદ રૅન્વાર. બંસીચંદ્ર ગુપ્ત તો તેના આર્ટ ડિરેક્શનના કાર્યમાં જોડાયેલા જ હતા. સત્યજિત રાય પણ લોકેશનોની પસંદગી માટે ઝાં રૅન્વાર સાથે જતા


અને સિનેમાકલા વિશે તેમનો વાર્તાલાપ પણ થતો. તેમના પુસ્તક *અવર ફિલ્મ્સ ધૅર ફિલ્મ્સ* (૧૯૭૬)માં સત્યજિત રાયે *રૅન્વાર ઇન કલકત્તા*ના નામે એક પ્રકરણ પણ ફાળવ્યું છે.

સત્યજિત રાયની નોકરી હજી ચાલુ હતી. રજાના દિવસે સત્યજિત, બંસી અને સુબ્રતો આજુબાજુનાં ગામડાંઓ જોવા જાય, ક્યારેક સત્યજિત અને બંસી જ સાથે હોય. કમનસીબે ૧૯૫૦ના વર્ષની પહેલી નવેમ્બરના દિવસે *પથેર પાંચાલી* નવલકથાના લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાય નિધન પામ્યા હતા (એ જ દિવસે જ્યૉર્જ બર્નાર્ડ શૉએ પણ અંતિમ શ્વાસ લીધો હતો!) એટલે તેમની ગેરહાજરી તો સાલતી જ હતી. તેમને મળવાની સત્યજિતની ઇચ્છા પણ અધૂરી રહી ગઈ હતી.

લોકેશનની પસંદગીનો પ્રશ્ન તો હલ થઈ જવાનો હતો પણ નાનકડો અપુ ક્યાંથી મળશે તેની ચિંતા વધારે હતી. વૃત્તપત્રોમાં જાહેરાતો જોઈને સેંકડો બાળકો આવ્યાં પણ કોઈના પર સત્યજિતની આંખ ઠરી નહોતી. એક દિવસ અચાનક અપુ મળી ગયો-

એક દિવસ બિજોયા એમની સાસુના ઓરડાની બારી પાસે ઊભાં હતાં અને નીચે મેદાનમાં છોકરાઓ શોરબકોર

પત્ની બિજોયા અને પુત્ર સંદિપ સાથે સત્યજિત રાય



કરતાં રમતા હતા. એક છોકરાનો ચહેરો, તેના હાવભાવ ને નાકનેણ જોઈને બિજોયાની નજર તેના પર સ્થિર થઈ ગઈ. આ જ તો છે *પથેર પાંચાલી*નો અપુ, બિજોયાએ મનોમન કહ્યું. નોકરાણીને પૂછ્યું તો જાણ્યું કે એ છોકરો પાડોશમાં જ રહેતો હતો. મોટા ભાગનું પાડોશ ઉત્તર ભારતીયોનું એટલે વિચાર્યું કે એ છોકરાનું કુટુંબ કલકત્તામાં રહેતું ઉત્તર ભારતીય હોવું જોઈએ! તેને ઘેર બોલાવ્યો, આવ્યો, સાથે મોટા ભાઈને પણ લાવ્યો. મોટો થોડો વધારે બોલકો, વાતો એ કરે. એમનું કુટુંબ બંગાળી હતું એ જાણીને બિજોયાને ભાષાનો પ્રશ્ન નહીં નડવાનો વિશેષ આનંદ. સત્યજિત ઓફિસેથી સાંજે ઘેર પાછા આવ્યા ત્યારે બિજોયાએ તેમને ઉમળકાભેર કહ્યું આપણો અપુ મળી ગયો! એમના માટે તો માનવામાં ન આવે એવી વાત હતી પણ બિજોયાને સંપૂર્ણ ખાત્રી હતી કે તેમની પસંદગી એ જ પોતાના પતિની પણ હશે. ને બેશક એવું જ થયું. ફરી બેઉ ભાઈઓને બોલાવ્યા. આવ્યા. જેવી સત્યજિતની નજર નાના ભાઈ પર ગઈ કે એ જ ક્ષણે તેઓ બિજોયા તરફ જોઈને સંમતિનું સ્મિત વેર્યું. 'ખરે જ, આ જ છે આપણો અપુ' - વિભૂતિભૂષણ બંદોપાધ્યાયનો અપૂર્વ, અપૂર્વ કુમાર રૉય! ૧૯૫૩નું એ વર્ષ હશે.



હુગલી નદીને કાંઠે *ધ રીવર* ફિલ્મનું શૂટિંગ કરતા ઝાં રેન્વાર

જરૂરી ટેકનિકલ ટુકડી તો તૈયાર થઈ ગઈ હતી, અપુ પણ મળી ગયો હતો ને દુર્ગાને શોધવામાં બહુ વાર નહોતી લાગી. સત્યજિત રાયના આસિસ્ટન્ટ

અને લેખક આશિષ બર્મન બૅલતાલા હાઇસ્કૂલમાં કોઈ શિક્ષકને મળવા માટે ગયા હતા ત્યારે ત્યાં ઉમા દાસગુપ્તા નામની ૧૩-૧૪ વર્ષની એક છોકરીમાં તેમને *પથેર પાંચાલી*ની દુર્ગા દેખાઈ હતી અને તેના વિશે તેઓ સત્યજિત રાયને કહેવાના હતા. જ્યારે વિશાળ નયનવાળી થોડી શામળી પણ તેજસ્વી તરુણી ૩૧ લેક ઍવેન્યૂ ગઈ ત્યારે બિજોયાને જોતાવેંત ગમી ગઈ. તેને પારંપરિક રીતે સજાવી સત્યજિત રાય સામે પ્રસ્તુત કરી તો તેઓ તાળીઓના તાલે બોલ્યા, 'આજ છે દુર્ગા!' *પથેર પાંચાલી* ફિલ્મકૃતિમાં આવતાં અન્ય બે સ્ત્રીપાત્રોમાં ઓળખીતાં રેવા (રેબા) દેવી અને અપર્ણા દેવીની પસંદગી થઈ ચૂકી હતી. પણ વૃદ્ધા ઇન્દિર ઠાકુરણને ક્યાંથી મેળવવી? રેબાદેવીએ જૂના જમાનાની જાણીતી અભિનેત્રી નિશાનાની દેવી સાથે રહેતી ચુનીબાલા દેવીનું સૂચન કર્યું. *પથેર પાંચાલી* ફિલ્મકૃતિના અનિવાર્ય અંગ જેવી ચુનીબાલા દેવી તો સાવ અનેપક્ષિત રીતે થયેલી ઉપલબ્ધિ હતી.

સર્વજયાનું પાત્ર ભજવવા માટે સત્યજિત અને બિજોયાના મિત્ર સુબ્રતો બંદોપાધ્યાયનાં પત્ની કરુણાને લેવાનું નક્કી કરી જ દીધેલું. કરુણા બંદોપાધ્યાય આમ તો શહેરી જીવ પણ તેમના શાંત અને ચપળ ચહેરામાં સત્યજિતને *પથેર પાંચાલી*ની સર્વજયાના દર્શન થતા હતા. અભિનયની રીતે સુબીર બૅનર્જી, ઉમા દાસગુપ્તા ને કરુણા બંદોપાધ્યાય બધાં નવાં નિશાળિયાં. હરિહરનું પાત્ર ભજવનાર કનુ બંદોપાધ્યાય પ્રૉફેશનલ અભિનેતા હતા અને સત્યજિત રાયની કસોટીમાં સાંગોપાંગ પાર ઊતર્યા હતા.

વૅલ, પાત્રો તેમજ ટૅકનિકલ ટુકડી ગોઠવાઈ જતાં સત્યજિત રાયનો *પથેર પાંચાલી* ફિલ્મકૃતિનું સર્જન કરવા માટેનો નિર્ણય વધારે મક્કમ બની ગયો. પણ હજી પેલું 'ધન' નામનું 'પાત્ર', પાત્રમાં સાવ અપૂરતું હતું. સત્યજિત રાયની બિનપરંપરાગત ચિત્રમય પટકથાને નિર્માતાઓએ ઠુકરાવી દીધી હતી, કેટલાકે તો હસીને કાઢી દીધી હતી. અંતે પોતાને પૈસે આરંભવાનું નક્કી કર્યું. કેટલાંક દશ્યો શૂટ કર્યાં બાદ કદાચ ધન ઊભું કરવું સહેલું થાય. પોતાની વીમાની પૉલિસી પર કેટલુંક નાણું મળ્યું હતું. ૧૯૫૩ના વર્ષની ૨૭ ઑક્ટોબરના દિવસે અપુ અને દુર્ગા પમ્પાસ ઘાસના મેદાનમાં દોડી રહ્યાં છે તે દશ્ય પહેલા શૂટ કર્યું. ૨૭ ઑક્ટોબર તો બિજોયાનો જન્મ દિવસ, શુભદિન, શુભારંભ!

દિવસો જતાં તિજોરી તળિયાઝાટક થતી ગઈ, બિજોયાનાં ઘરેણાં ગીરવી મૂકવાથી પણ ગાડી બહુ આગળ ચાલી નહીં. વળી સમય તો કોઈની રાહ જુએ નહીં અને બેઉ બાળકો તો જલદી મોટાં થતાં જાય ને વૃદ્ધા ચુનીબાલા દેવી અશક્ત થતાં જાય. આવી ચિંતાજનક પરિસ્થિતિમાં વધારે પ્રતીક્ષા કરવું પાલવે

નહીં. એટલામાં *પથેર પાંચાલી*નું નિર્માણ કાર્ય સંભાળતા અનિલ ચૌધરી ત્રણ મહિના માટે ગાયબ થઈ ગયા. પણ જ્યારે તેઓ ફરી દેખાયા ત્યારે એક ઉપયોગી ખબર લઈને આવ્યા હતા.

કલકત્તાનું લાલ રંગનું બીબીડી બાગમાં આવેલું રાઇટર્સ બિલ્ડિંગનું મોટું મકાન એટલે રાજ્ય સરકારનું મુખ્ય ધામ, જ્યાંથી સરકારનું સંચાલન થાય, જ્યાં મંત્રીઓની કચેરીઓ હોય. એક દિવસ અનિલબાબુના કોઈ ઓળખીતા સરકારી કર્મચારીએ નાણાંકીય સહાય માટે એ વખતના પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન બિધાન ચંદ્ર (બી.સી.) રૉય સમક્ષ વાત મૂકવાનું સૂચન કર્યું. બિધાનબાબુનું કુટુંબ પણ સત્યજિત રાયની જેમ બ્રહ્મો એટલે કે બ્રહ્મોસમાજને અનુસરનારું. અનિલબાબુએ બિજોયાને વાત કરી, તેમને ગમી, ચક્રો ગતિમાન થયાં.

રાઇટર્સ બિલ્ડિંગમાં કામ કરતા સરકારી અફસરે અનિલબાબુને કહ્યું હતું કે બિધાનબાબુ કલકત્તાના બેલા સેનના કુટુંબના નિકટવર્તી. સત્યજિતનાં માતા સુપ્રભા દેવી બેલા સેનને ખૂબ સારી રીતે જાણે. બેલાબેનના કાન સુધી *પથેર પાંચાલી* ફિલ્મકૃતિના નિર્માણની વાત પહોંચી ને ત્યાંથી કોઈ દિક્કત વિના પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન બિધાન ચંદ્ર રૉય સુધી. એ સ્તરે કામ એટલું ઝડપી થાય નહીં તે સ્વાભાવિક હતું પણ તાનપુરાના તારોનું ટ્યૂનિન્ગ થઈ ગયું હતું સમયનો તકાજો પણ તય થઈ ગયો હતો. પણ વચ્ચે પસાર થયેલા થોડા દિવસો દરમિયાન શ્વેત પંખી ઘુવડના પ્રવેશવાની અણધારી નાટ્યાત્મક ઘડી મંચના પરદા પાછળથી નહીં પણ સિનેમાના માધ્યમમાં વધારે શક્ય હોય તે રીતે ઘરની બારીમાંથી ડોકિયા કરી રહી હતી. તો –



પોતાના વાહન શ્વેત ઘુવડ સાથે દેવી ધનલક્ષ્મી

તો, બંધુભગિનીનો, હવે બરફના પંખી શ્વેત ઘુવડના કલકત્તા જેવા શહેરમાં હોવાની કલ્પનાતીત પણ સાચકલા દૃશ્યના રહસ્યના સ્ફોટની

ઘડી પણ આવી ગઈ છે. લોકેશન: સત્યજિત રાય અને બિજોયાના ૩૧ લેક ઍવેન્યૂના બૅડરૂમની બેમાંની એક બારી. એક દિવસ આરામ કર્યા બાદ બિજોયા ઊઠ્યાં તો જોયું, બારીના ટોડલે તીક્ષ્ણ-સ્થિર આંખોવાળું ઘુવડ બેઠું હતું, આંખનો પલકારો માર્યા વિના તેમની સામે એકીટશે જોતું. થોડી વાર માટે તો પક્ષીને અવગણ્યું. પણ જ્યારે સત્યજિત રાયે તેના તરફ દૃષ્ટિ કરી તો વિસ્મય પામીને પોકારી ઊઠ્યા, 'આ તો લક્ષ્મી ઉલૂક, ક્યાંથી આવ્યું હશે?' શ્વેત ઘુવડ એટલે દેવી લક્ષ્મીનું વાહન. સત્યજિત રાયે તેના કેટલાક ફોટોગ્રાફ્સ પણ લીધા. થોડી વારમાં તો આજુબાજુના પાડોશીઓ તેમની બારીઓ ને બાલ્કનીઓમાંથી શ્વેત ઘુવડને બોલાવવા લાગ્યા, તેનું ધ્યાન આકર્ષિત કરવા માટે તેની સામે ખોરાક પણ ધરવા માંડ્યા પણ ભેદી ઘુવડ ટસનું મસ ન થાય! બસ તાકીતાકીને બિજોયા અને સત્યજિતની સામે જોતું રહે! તેમની મૂળ બંગાળી ભાષામાં લખાયેલી આત્મકથા *આમાદેર કથા* (અંગ્રેજીમાં *માણિક ઍન્ડ આઇ*)માં બિજોયા રાય લખે છે તેમ એ લક્ષ્મીનું વાહન સતત ત્રણ દિવસ સુધી સત્યજિત અને બિજોયાના બૅડરૂમની બારી પર બેઠું રહ્યું હતું. ચોથા દિવસે તે આપોઆપ અદૃશ્ય થઈ ગયું. એ ક્યાંથી આવ્યું હતું અને ક્યાં ચાલ્યું ગયું એ ભેદ ક્યારેય ખૂલ્યો નથી. પણ -

પણ તેના પછી તરત જ સત્યજિત રાયને તેમની *પથેર પાંચાલી* ફિલ્મકૃતિને નાણાંકીય સહાય મળે તે માટે પશ્ચિમ બંગાળ સરકાર સમક્ષ દરખાસ્ત મૂકવા માટે આમંત્રણ મળ્યું હતું. તેમાં શ્વેત ઘુવડનો કેટલો ફાળો છે તેનો ભેદ પણ હજી સુધી અકબંધ પડ્યો છે, લગભગ સાત દાયકાનું વહાણું વહી ગયું છે. *પથેર પાંચાલી* જેવી અમર ફિલ્મકૃતિનું નિર્માણ સીધેસીધું કોઈ રાજ્ય સરકાર કરે એ પણ ભારતીય સિનેમા ઇતિહાસમાં ઘટેલી એક ઘટના જ છે. ધ રેસ્ટ ઇઝ હિસ્ટરી ઍન્ડ ધ વ્હાઇટ આઉલ...

નોંધ: સત્યજિત રાયની ફિલ્મકૃતિ *પથેર પાંચાલી*ના અપુ (સુબીર બૅનર્જી) ની વય અત્યારે ૭૭ની હશે. તેમણે *પથેર પાંચાલી* પછી કોઈ પણ અન્ય ફિલ્મમાં અભિનય નથી આપ્યો. ભણીગણીને મોટા થતાં તેમણે કલકત્તાના પરાના કોઈ કારખાનામાં કામ કર્યું હતું. ત્યારબાદ કેન્દ્ર સરકારના કોઈ દફ્તરમાં કારકુની. મારા વર્ષો જૂના મિત્ર અશોક રાણેએ સુબીર બૅનર્જીને મળીને તેમના વિશે વર્ષ ૨૦૧૪માં *બીન્ગ વીથ અપુ* નામની ૪૦ મિનિટની માહિતીસભર દસ્તાવેજી ફિલ્મ બનાવી છે. તેનાથી એક વર્ષ અગાઉ કૌશિક ગાંગુલી દિગ્દર્શિત બંગાળી ફિલ્મ *અપૂર પાંચાલી* પણ રિલિઝ થઈ હતી. આ ફિલ્મના કેન્દ્રમાં પણ અપુ (સુબીર બૅનર્જી)ની વાત છે. - અ.

❑❑❑



કરમકથની

☐ ડંકેશ ઓઝા

સુદર્શન અને દર્શના છેલ્લાં પચાસ વર્ષથી રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ઉત્થાનનું કામ કરી રહ્યાં હતાં. એ બે જણે આ વિસ્તારનાં પચાસ જેટલાં ગામોની સમજોને કાયાપલટ જ કરી નાખી હતી. એમનાં બાળકોને એમણે માત્ર ભણતાં જ નહોતાં કર્યાં. પણ સ્વચ્છ તેમ જ સુઘડ રહેવાના પાઠ પણ ભણાવ્યા હતા. વ્યસન, શરીર ઉપરાંત, તેમની આર્થિક કમ્મર પણ કેવી તોડી નાખે છે એની

પાકી સમજણ આપી હતી. આદર્શઘેલા આ દંપતીને પોતે કંઈક કરી શક્યાનો સંતોષ પણ થતો હતો, તેથી તેઓ સુવર્ણજયંતી મહોત્સવ માટે દાતાઓના આગ્રહને વશ થયાં હતાં.

આમ તો અમે બધા સહાધ્યાયી પણ અમારા માર્ગ ફંટાઈ ગયા હતા. મારી ઓળખ મોટા રેશનાલિસ્ટની બની ગઈ હતી. આમ તો શ્રદ્ધાવાન લોકો અંગત રીતે અમારી ટીકા કરતા રહેતા. પણ આજે મારે એમના કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે જવાનું થયું હતું. પચાસ વર્ષ પૂર્વેની સ્થિતિનાં જે બયાન ત્યાંના આદિવાસીઓએ એક પછી એક મંચ પર આવીને કર્યાં ત્યારે મારી જાણ બહાર વહી રહેલાં આંસુઓને હું રોકી શકતો નહોતો. મને પોતાને આજે અહેસાસ થઈ રહ્યો હતો કે અમે ગમે તેટલી બુદ્ધિની પ્રાધાન્યતાની વાત કરતા હોઈએ પણ મનુષ્ય આખરે તો લાગણીનો લોચો જ છે. બુદ્ધિને પ્રગટ કરવી પડે છે જ્યારે લાગણીને પ્રગટ થતી રોકી શકાતી નથી.

હવે અમે બધા જીવનના સાતમા-આઠમા દાયકે પહોંચી ગયા હતા. જૂના મિત્રોને ત્યાં બે દિવસ રોકાવાનું થયું અને પ્રવૃત્તિઓનો સાચો તાગ મેળવવાનું થયું ત્યારે મનોમન અંતર આ દંપતીને સતત નમન જ કરતું રહ્યું. પણ દર્શના સુદર્શનને જે રીતે વાતવાતમાં ચૂપ કરી દેતી હતી અને 'તમને કંઈ ખબર ન પડે,' 'તમે મૂંગા બેસી રહો,' 'તમે હવે એક પણ શબ્દ આગળ બોલશો નહીં' 'મને વાત કહેવા દો' આવા તકિયાકલમથી વિસ્તારની કથની વિગતે કરતી જતી હતી, ત્યારે મને સુદર્શનની દયા આવતી હતી. ભલે પગ અને હાથ દર્શનાના વધુ ચાલ્યા હશે પણ એની પાછળના વિચાર-આયોજન સુદર્શનનાં જ; એની જગત આખાને ખબર હતી. બન્નેનાં સ્નેહલગ્ન હતાં, દર્શના વયમાં દસકો નાની હતી પણ એનો અર્થ એ તો નહીં કે મારા જેવા અનેક આગંતુકોની હાજરીમાં તે સુદર્શનને માઠું લાગે તેવાં વચનો ઉચ્ચારે જ જાય!

મંચ પર તો જાહેરમાં રડી શકાતું હતું. અંતરનાં આંસુ છુપાવવાં પડતાં ન હતાં. અહીં સ્થિતિ તેનાથી અત્યંત વિપરીત હતી. દર્શનાના વાક્પ્રવાહને રોકવાનું તો શક્ય ન હતું. પણ પ્રગટપણે સુદર્શનના પક્ષે બોલી શકાય એવું પણ ન હતું! સુદર્શનના ચહેરાની રેખાઓ ક્ષણભર બદલાઈ જતી અને બીજી ક્ષણે કશું જ ન બન્યું હોય એમ દર્શનાની વાતમાં હા પુરાવવામાં લાગી જતો. પણ મેં એમને ત્યાં ટૂંકાગાળામાં જે અનુભવ્યું તે ભૂલ્યું ભુલાતું ન હતું.

વાત સાચી છે કે માણસમાં આવું બધું સાથોસાથ અસ્તિત્વ ધરાવે છે. માણસ હિટલર પણ બની શકે છે, માણસ મધર ટેરેસારૂપે પણ પ્રગટ થાય છે. માણસ આદિવાસી સમૂહની સ્થિતિથી વિચલિત થઈને એમના ઉત્થાનના કામમાં ખૂંપી

જાય છે તો બીજી તરફ જીવનસાથી સહી ન શકે એવા ઘસરકા હરપળે કરવાની આદતમાં પણ પડી જાય છે. માણસ ડિપાર્ટમેન્ટલ સ્ટોર જેવો તો ન હોવો જોઈએ! એક વિભાગમાં આવું કરે અને બીજા વિભાગમાં પેલો માણસ જુદો હતો એવું તો પ્રતીત ન કરાવે! પેલું દંપતી તો આટલી ઉંમરે પણ પ્રેમપાશમાં લપેટાઈને સૂઈ ગયું હતું. પણ મારી નીંદ હરામ થઈ ગઈ હતી.

હું જે વિસ્તારમાં રહેતો હતો ત્યાં ઘણાને પ્રયત્નો છતાં રહેવાની તક સાંપડી નહોતી. એટલી હરિયાળી અને વૃક્ષ વનરાજી હતી કે આ વિસ્તાર આ ઊકળતા નગરનો છે એવું કોઈ માનવા તૈયાર ન થાય! અમારે ઘેર જે કોઈ આવે તે એના વખાણ કરતા થાકે નહીં. પણ મારે આ વિસ્તાર છોડી દેવો જોઈએ એવું લાંબા સમયથી થયા કરતું હતું. કારણ બહુ દૂર ન હતું. માત્ર એક ઘર છોડીને પછીના ઘેર સ્ત્રીનો પતિ પત્નીને પટ્ટો લઈને જે રીતે મારતો અને પેલી સ્ત્રી અને બાળકોની દર્દનાક ચીસો અને તે પછીનું લાંબુ રુદન હવે હું સહી શકતો ન હતો. એ પણ ભણેલો-ગણેલો હતો અને ભણેલા ગણેલાની મુશ્કેલી જ એ હોયછે કે તેઓ એકબીજાને સાચી વાત કહી શકતા હોતા નથી. ભલે આ ઘટના કાયમની બની ગઈ હોય પણ હવે ધીરે ધીરે આ દૃશ્યથી દૂર ભાગી જવાની મારી વૃત્તિ પ્રબળ થઈ રહી હતી. મુશ્કેલી એટલી જ હતી કે ઘરના મારી સાથે સંમત ન થવાને બદલે પારકી પીડા ન વહોરવાની સલાહ આપી રહ્યા હતા.

મને પોતાને પણ ક્યારેક એમની વાત સાચી લાગતી પણ ફરી મારું હૃદય એ સામે બંડ કર્યા જ કરતું હતું. બીજા એક લેખક અવાર-નવાર મને મળવા આવતા. એમને કેટલાય એવોર્ડ મળી ચૂક્યા હતા. અનેક લોકો તેમનું ગૌરવગાન કરતા થાકતા ન હતા. આ રવિવારે મારી આદિવાસી વિસ્તારની અને સાથોસાથ સુદર્શન-દર્શનાની વાત સાંભળીને તેમનાં હૃદયનાં દ્વાર આ પવનના ધક્કે એકાએક રોકી ન શકાય તેમ ઉઘાડાંફટ થઈ ગયાં. એમણે કહ્યું કે મારી પત્નીને તો મારાં પુસ્તકો અને મારા કાગળો દીઠાં ગમતાં નથી. એની ધ્રુવપંક્તિ હોય છે 'મૂકો આ બધાંમાં પૂળો', 'નાખી આવો એને ઘરની બહાર.' 'આખા ઘરની સારામાં સારી જગ્યા આ તમારી પસ્તી રોકી રાખે છે.' એ કોઈ ગીતની ધૂન ગણગણતા હોય તો પત્ની છાસિયું કરતીઃ 'આ તમારું ગર્દભગાન હવે બંધ કરો તો સારું!' એ પોતાની દાસ્તાન વર્ણવીને કહી રહ્યા હતા કે 'બોલો, હું આવા વાતાવરણમાં કેવી રીતે રહેતો હોઈશ, એથી આગળ કેવી રીતે લખતો હોઈશ!' આમ કહીને એમણે એક કાંકરે બે પક્ષી માર્યાં. મારી પાડોશની વાત કાપી નાખી અને સિક્કો મારતાં ઉચ્ચાર્યું કે 'હવે ફરી અહીંથી બીજે જવાની વાત જ ન કરતા!'


મને મૂંઝવણમાં મૂકીને તેઓ તો ચાલ્યા ગયા, હું અનુત્તર હતો. રેશનાલિઝમના પ્રસારના ભાગરૂપે અમે વિસ્તારવાર ઘણી પ્રવૃત્તિઓ કરતા રહેતા. તેથી મને સૂઝી આવ્યું કે લાગણી અને બુદ્ધિના કાયમી વિષય પર ડિબેટનું આયોજન કરીએ. યુવાનોને તેમાં ભાગ લેવા કહીએ. સરસ કાર્યક્રમ ગોઠવાયો. યુવાનો-યુવતીઓએ ઉત્સાહ-ઊર્જાથી તેમને સૂઝી તેવી દલીલો કરીને રજૂઆતને અત્યંત રસપ્રદ બનાવી મૂકી. મુખ્ય મહેમાનપદે અમે એક વરિષ્ઠ સાહિત્યકારને બોલાવેલા. તેઓ પરિષદપ્રમુખની ચૂંટણીમાં હારી ગયેલા. પણ હજુ એ સ્થાન માટેની એમની 'આશા' અકબંધ હતી. એમણે આખું વાતાવરણ સાહિત્યમય બનાવી દીધું. સુંદર કાવ્યપંક્તિઓ ટાંકીને પોતાનું વક્તવ્ય એવું સરસ રજૂ કર્યું કે સતત તાળીઓના ગડગડાટ થતા રહ્યા. સુંદરમ્ અને ઉમાશંકર, પ્રિયકાંત અને નિરંજન જેવાને સામસામે મૂકીને તેમણે લાગણી અને બુદ્ધિનાં ઉદાહરણો રજૂ કર્યાં. બુદ્ધિનું પ્રાધાન્ય ધરાવતા સર્જકો તરીકે તેમણે બ. ક. ઠાકોર અને જયંતિ દલાલને ગણાવ્યા. વળી લાગણી માટે તેમણે ઘણા પર્યાયો પણ પ્રયોજ્યાઃ ભાવના, ઊર્મિ, ભીનાશ, સંવેદના વગેરે વગેરે.

અંતે મારે સમાપનનાં બે બોલ તો બોલવાં જ એવો આગ્રહ થયોઃ હું શું બોલું? હું ખુદ ગૂંચવાયેલો હતો. મારા સિવાયના બીજા બધા એવું માનતા હતા જાણે મારી પાસે આવા શાશ્વત પ્રશ્નના ઉકેલની કોઈ હાથછડી હોય. એક રેશનાલિસ્ટ તરીકે મને તો ખબર હતી કે દુનિયામાં કેટલાક પ્રશ્નોના એવા કોઈ સીધાસાદા ઉકેલ હોતા નથી. જેમાંનો એક લાગણી વિરુદ્ધ બુદ્ધિનો છે. બન્ને અદૃશ્ય છે, દેખાતા નથી. આપણા હાવભાવમાં અને વર્તનમાં, વાચામાં એ જુદી જુદી રીતે પ્રગટ થતાં જ રહે છે. એમાં ક્યારેક હિંસક ઉદ્રેકો હોય છે, તો ક્યારેક પ્રેમનું પ્રગટીકરણ હોય છે. મનુષ્યોમાં આ બન્ને બાબતોનું પ્રમાણ જળવાવું જોઈએ, પણ જળવાતું હોતું નથી. લાગણીનો પ્રભાવ વધી જાય તો માણસ ક્યારેક બીજા પર તો ક્યારેક પોતાના પર હિંસા કરી બેસે. બુદ્ધિ અને તર્ક, સંશય, વિવાદ, અભ્યાસ કે સંશોધન તરફ દોરી શકે પણ હરહંમેશ તેમ બનતું નથી.

પરંપરામાંથી જોવા મળે છે કે લોકો સમન્વયવાદી અભિગમ અખત્યાર કરતા હોય છે પણ અભિવ્યક્તિમાં કાચા પડે છે. એટલે લાગણીયુક્ત બુદ્ધિ અને બુદ્ધિયુક્તિ લાગણી એવા કઢંગા શબ્દપ્રયોગો કરે છે.

અત્યારે તો મેં જ્યાં રહું છું ત્યાં જ રહેવાનું ચાલુ રાખ્યું છે. લાગણીને કાબૂમાં રાખવાના નિષ્ફળ પ્રયાસોમાં ગૂંચવાતો રહું છું!

❑❑❑



'ધ પાઇરેટ બે અવે ફ્રોમ કીબોર્ડ'

MIFFની સોળમી આવૃત્તિનો સૂર - આપણે પ્રવાસી પારાવારના...


☐ વિનોદ પટેલ

દર બે વર્ષે યોજાતા દસ્તાવેજી, શોર્ટ અને એનિમેશન ફિલ્મોના મુંબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 2020ની સોળમી આવૃત્તિ 28 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી દરમિયાન દક્ષિણ મુંબઈ અને ગણતરીની કોલેજોમાં યોજાઈ. જેમાં દર્શાવાયેલી વિવિધ દેશોની ફિલ્મોનો સૂર એવો હતો કે આપણે સહુ પ્રવાસી પારાવારના.

પરંતુ જો તમે પૂર્વ બંગલાદેશના ચોલેન બીલ ઇલાકામાં રહેતા હો તો પ્રવાસ એ તમારા માટે લક્ઝરી ગણાય, કેમ કે આ ગરીબ વિસ્તારમાં વર્ષના નવ મહિના ચોતરફ પાણી જ પાણી હોય છે. પરિણામે આ વિસ્તારના લોકોને પરિવહન માટે સતત હોડી વાપરવી પડે છે, પરંતુ આ વિસ્તારના રહેવાસીઓ પણ પારાવારના પ્રવાસીઓ બની શકે તે માટે એક એનજીઓ દ્વારા એજ્યુકેશન ઓન ધ બૉટ નામની યોજના કાર્યરત કરવામાં આવી છે. જેના કારણે ચોમાસામાં શાળાનું સરકારી મકાન પાણીમાં ડૂબી ગયા બાદ પણ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ આ હોડીમાં

જળપરિવહન કરતાં કરતાં ચાલુ રાખી શકે છે. આ યોજનામાં એક હોડીમાં પુસ્તકાલય બનાવી તમામ ઉંમરના લોકો અક્ષરદેહે દેશવિદેશમાં વિચરણ કરી શકે તે માટે તેમને ઠેરઠેર કિનારે જઈ પુસ્તકો પહોંચાડવામાં આવે છે. ઘણી વાર પુસ્તક ક્રાંતિની ચિનગારી બને છે, પણ આવી ક્રાંતિકારી શોધનાં ઘણી વાર ધાર્યા કરતાં અલગ જ પરિણામ આવે છે.

આવી એક દૂરસંચાર ક્રાંતિની કથા સિમોન ક્લોઝ નિર્દેશિત 'ધ પાઈરેટ બૅ અવે ફ્રોમ કી બોર્ડ' નામની સ્વીડનમાં બનેલી ડોક્યુમેન્ટરી ફિલ્મમાં સચવાઈ છે. જેમને પાઈરેટ બૅનું નામ અને કામ ખબર હશે તેમને આમાં વિશેષ રસ પડે, પરંતુ તેને કારણે તેનું દસ્તાવેજી મૂલ્ય કોઈ રીતે ઘટતું નથી. પાઈરેટ બૅ મૂળભૂત રીતે ઇન્ટરનેટ પર ત્રણ યુવાનો દ્વારા શરૂ કરવામાં આવેલું ફાઈલ શેરિંગ નેટવર્ક હતું. ઇન્ટરનેટના આગમન અને તેમાં વપરાતી ટેક્નોલોજીમાં સતત પ્રગતિ થવાને પગલે એક તબક્કો એવો આવ્યો હતો જ્યારે ગમે એવા પ્રકારની અને ગમે તેટલા કદની ફાઈલને એક કમ્પ્યુટરથી દુનિયામાં બીજે ગમે ત્યાં આવેલા કમ્પ્યુટર પર મોકલવાનું સરળ બની ગયું, પરંતુ આ નવી સુવિધાને કારણે પુસ્તકો, મ્યુઝિક અને ફિલ્મોના કોપીરાઈટ કાયદાનો છડેચોક ભંગ થવા માંડ્યો. જેને કારણે આ ત્રણે ક્ષેત્રમાંથી અઢળક નાણાં રળનારા હોલિવુડના સ્ટુડિયો દ્વારા ત્રણ યુવાન દ્વારા ચલાવવામાં આવતી સુવિધાને અદાલતોમાં કેસ કરી કેવી રીતે બંધ કરાવવામાં આવી અને તેની સામે આ યુવાનોએ દસ વર્ષ કેવી ઝીંક ઝીલી તેનું રસપ્રદ બયાન આ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં થયું છે. હવે પરંપરાભંજક પત્રકાર તરીકે જગવિખ્યાત થયેલા વિકિલિક્સના સ્થાપક જુલિયન પૉલ અસાંજેએ પણ શરૂઆતના તબક્કે પાઈરેટ બૅની મદદ લીધી હતી તે દર્શાવે છે કે પાઈરેટ બૅનું પાયાના પથ્થર તરીકે કેવું મજબૂત મૂલ્ય હતું.



પીટર સંડે

આજે નેટફ્લિક્સ કોઈ કાનૂની ગૂંચ વિના તમને દુનિયાભરની ફિલ્મો તમારા સ્માર્ટફોન પર દર્શાવી શકે છે તેના પાયામાં આ દૂરસંચાર ક્રાંતિ રહેલી છે. ફરક માત્ર એ પડ્યો છે કે નેટફ્લિક્સ કે અન્ય કોઈ ઓવર ધ નેટવર્ક (ઓટીટી) પ્લેટફોર્મ પર કશું પણ જોવા તમારે પહેલાં લવાજમ ભરવું પડે છે. ફાઈલ શેરિંગ ટેક્નોલોજીના આ પ્રથમ ત્રણ પ્રવાસીઓ ગોટફ્રીડ સ્વાર્થોમ-વાર્ગ, પીટર સંડે અને ફ્રેડરિક નેજીને આપણે શું કહીશું શહીદો કે હેકર્સ?

પહેલી કેડી કંડારનારાને વિશેષ તકલીફ પડે તે જાણીતી વાત છે પણ ટેક્નોલોજીની સહાયથી જૂના દસ્તાવેજોના અંકોડા મિલાવી એક માણસના જીવનનો તાગ મેળવવો એ પણ બહુ અઘરું કામ છે તે બાબત કામા વેમોન્ટ દ્વારા નિર્દેશિત 'લુકિંગ ફોર ટેરેસ્કા' નામની પૉલેન્ડની ડોક્યુમેન્ટરી જોતાં સમજાય છે.

માનવસ્વભાવ છે કે તેને જૂની વાતો ઉખેળવાનું અને તેમાં ભંડારાયેલાં રહસ્યો ઉકેલવાનું ગમે. 1948માં બીજા વિશ્વયુદ્ધ બાદ ડેવિડ સેમોર નામના વિખ્યાત તસવીરકાર દ્વારા એક તસવીર પાડવામાં આવી હતી જેમાં નવ વર્ષની એક કિશોરી લીટાઓનું ગૂંચળું દોરી તેના ઘરનું ચિત્ર બનાવતી જણાય છે. માત્ર આ એક તસવીરને આધારે 70 વર્ષ બાદ અનેટા અને પેટ્રિક તેને શોધી કાઢવા



લીટાઓનું ગૂંચળું દોરતી નવ વર્ષની કિશોરી

એક પ્રવાસ આદરે છે. આ પારાવારના પ્રવાસીઓને કેવા જાતભાતના અનુભવો થાય છે અને તેનું શું પરિણામ આવે છે તે આ ફિલ્મનું હાર્દ છે. દુનિયામાં એક તસવીરને આધારે 70 વર્ષ બાદ કોઈ વ્યક્તિને શોધવાની વાત જ સાહસભરી લાગે તેમાં કોઈ નવાઈ નથી, કેમ કે 70 વર્ષમાં ત્રણ પેઢી અને આખાં શહેરો પણ બદલાઈ જાય, પરંતુ માનવસંવાદના જોરે તમામ ભૌતિક અને ટેક્નોલોજિકલ પરિવર્તનને પાર જઈ શકાય છે તેવો રસપ્રદ સંદેશ આ ફિલ્મ મોબાઈલના એકલવંઠે જમાનામાં આપે છે.

આનાથી બિલકુલ સાવ સામા છેડાની વાત આયર્લેન્ડની અફલાતૂન ફિલ્મ 'ધ કામિનો વૉયેજ'માં રજૂ કરવામાં આવી છે. સદીઓ પૂર્વે ડબ્લિનથી આઈરિશ


દરિયાખેડુ સાહસિકો હલેસાં વડે ચાલતી હોડી દ્વારા કેવી રીતે દરિયો ખેડતા હશે તેનો સ્વાનુભવ મેળવવા અને પુરોગામીઓને અંજલિ આપવા માટે કવિ, સંગીતકાર, ચિત્રકાર અને એક શિલ્પી એમ ચાર જણ આજના જમાનામાં ગાંડપણભરી લાગે તેવી દરિયાઈ સફર આદરે છે જે ચાર વર્ષે યુરોપના બીજે છેડે પૂરી થાય છે. આ ચાર વર્ષની વિવિધ દેશોમાંથી પસાર થતી સફર તેના કળાકાર ખલાસીઓની વિવિધ કળાઓને કારણે એક આહ્લાદક અનુભવ બની રહે છે. આજના જમાનામાં એન્જિન હાથવગાં હોય ત્યારે હલેસાં મારવાનું આવું સાહસ કરનારાઓને ઠેર ઠેર દરિયાકાંઠાનાં નગરોમાં જે આવકાર મળ્યો તે દર્શાવે છે કે આ મૂર્ખાઈભર્યું સાહસ નથી, પણ નવી પેઢીએ આ એક કરવા જેવો અનુભવ છે.

કમનસીબે બન્યું એવું કે આ ફિલ્મ કંડારાઈ તેના થોડા સમય બાદ આઈરિશ કવિ ડેની સીશીએ તેમનો સ્પેન ભણી જવાનો પ્રવાસ ફરી આદર્યો પણ તેમની હોડી એક ખડકને ટકરાઈ જતાં આ અકસ્માતમાં ડેની સીશીનું મૃત્યુ થતાં તેમને માટે આ પ્રવાસ આખરી બની રહ્યો હતો.

જીવનના પ્રવાસ સહુ માટે સરળ હોતા નથી. ચેકોસ્લોવાકિયા જ્યારે અવિભાજિત હતું અને ત્યાં 60ના દાયકામાં સામ્યવાદી શાસનનો ભરડો ભીંસાયો ત્યારે તેનાથી બચવા ફિલ્મસર્જક મિલોસ ફોરમાન અમેરિકામાં



'ધ કામિનો વોયેજ' ફિલ્મ



'વન ફ્લ્યુ ઓવર કકુસ નેસ્ટ' ફિલ્મ

કનેક્ટિકટ જઈ વસ્યા અને તેમની ફિલ્મો બનાવવાની પ્રવૃત્તિ ચાલુ રાખી. જેને પરિણામે 'વન ફ્લ્યુ ઓવર કકુસ નેસ્ટ' જેવી યાદગાર ફિલ્મ મળી. અમેરિકામાં વસનારા આ ચેક ફિલ્મ નિર્દેશક પર એક બ્રિટિશ યુવતી એન વિક્ટોરિને બનાવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ 'લાઈફ એન્ડ વર્ક ઓફ મિલોસ ફોરમાન 2009'માં ઘણી રસપ્રદ વિગતો જાણવા મળી. જેમ કે સૌથી લાંબો સમય પાંચ વર્ષ એકધારી ચાલનારી ફિલ્મનો ગિનેસ રેકોર્ડ 'વન ફ્લ્યુ ઓવર કકુસ નેસ્ટ'ના નામે બોલે છે. સ્વિટ્ઝરલેન્ડમાં આ રેકોર્ડ સર્જાયો હતો તે દર્શાવે છે કે માનવની જેમ ફિલ્મો પણ પારાવારની પ્રવાસી હોય છે. નહીં તો ચેક ફિલ્મ નિર્દેશકની અમેરિકન નવલકથા પર આધારિત ફિલ્મ સ્વિટ્ઝરલેન્ડમાં સૌથી લાંબી ચાલનારી ફિલ્મનો રેકોર્ડ સર્જે?

પરંતુ જ્યારે તમને ખબર પડી જાય કે આ પૃથ્વીના પટ પર તમારો પ્રવાસ ટૂંક સમયમાં પૂરો થવાનો છે તો તમે શું કરો? વેલ, આ અઘરા સવાલનો જવાબ બાર્બરા પાઝ નિર્દેશિત 'બાબેન્કો: ટેલ મી વ્હેન આઈ ડાઈ' ડોક્યુમેન્ટરી ફિલ્મમાંથી મળે છે. દક્ષિણ અમેરિકાના વિખ્યાત ફિલ્મ નિર્દેશક હેક્ટર બાબેન્કોને કેન્સર થયાનું નિદાન થાય છે તે પછી બાબેન્કો તેના જીવનના આખરી પડાવને કચકડે કંડારવાનો પડકાર ઝીલે છે. જેમાં તેની પત્ની અને અભિનેત્રી બાર્બરા પાઝ જોડાતાં એક અફલાતૂન ફિલ્મ રચાય છે. અભિનેત્રી બાર્બરા પાઝે પતિની ઇચ્છાને



ફિલ્મસર્જક મિલોસ ફોરમાન

માન આપી સેટ પર વિખ્યાત ગીત 'સિંગિંગ ઈન રેઈન' જે રીતે રજૂ કર્યું છે તે કદાચ હેક્ટર બાબેન્કોને અપાયેલી સર્વોત્તમ અંજલિ છે. બાબેન્કોની ફિલ્મ 'કિસ ઓફ સ્પાઈડર વુમન' ઓસ્કારમાં કુરોસાવાની ફિલ્મ 'રાન' સાથે સ્પર્ધામાં હતી. બાબેન્કોની જાણીતી ફિલ્મોની સિક્વન્સો દ્વારા જે રીતે ફિલ્મમાં બાબેન્કોની જીવનકથા રજૂ કરવામાં આવી છે તે કાબિલેદાદ છે. ઓસ્કાર નોમિનેટેડ આ ફિલ્મ હોંગકોંગમાં બની છે.

બાબેન્કો અને ડેની સીશી જેવા પ્રવાસીઓ દર્શકોને બોધ આપે છે કે ગંતવ્ય સ્થાન તો નક્કી જ છે પણ ખરી મજા તો પારાવારનો પ્રવાસ કરવામાં અને તેની ફિલ્મ બનાવવામાં સમાયેલી છે. જો આ વાત સાચી ન હોત તો મેં ફિલ્મો જોઈ ન હોત અને તમે આ લેખ વાંચી જે અક્ષરપ્રવાસ કર્યો તે શક્ય ન બન્યો હોત!

❑❑❑

"સુધારા રસ્તાને સીધા બનાવે છે,
પણ સુધારા વગરના વાંકાચૂકા રસ્તા પ્રતિભાશાળીઓ માટે હોય છે."

- વિલિયમ બ્લેક

"નદી સાગરને મળવા એટલી ઉતાવળ નથી કરતી જેટલી વ્યક્તિ ભૂલ કરવામાં કરે છે."

- વોલ્ટેર



ગમી ગયેલી વાર્તા

❑ શરીફા વીજળીવાળા

દારૂડિયો : ફ્રેન્ક ઓ'કોનર

બાળક વાર્તાનો કથક હોય એવી ફ્રેન્ક ઓ'કોનરની અતિ જાણીતી વાર્તા 'માય ઇડિપસ કોમ્પ્લેક્સ'ની આપણે અહીં વાત કરી છે. બાળક કથક હોય એવી ઓ'કોનરની 'The Drunkard' વાર્તા 'દારૂડિયો' શીર્ષકથી ફેબ્રુ. 1994ના 'નવનીત સમર્પણ'માં છપાયેલી છે. આ સરસ મજાની વાર્તામાં બાપ-દીકરાના રોલ ઊલટસૂલટ થઈ ગયા છે. હંમેશાં દારૂ પી, છાકટા થઈ, લથડિયાં લેતા બાપને દીકરો ઘર સુધી દોરી લાવતો. તેના બદલે હવે છોકરો દારૂ પી છાકટો થયો છે, અહીંથી-પહોંચીને ભાંડે છે અને શરમને માર્યો મરી જતો બાપ એને માંડ માંડ ઘરે પહોંચાડે છે.

વાર્તાના આરંભે કથક એમના ઉપર

રહેતા પડોશી મિ. ડૂલેના મૃત્યુની, પિતા સાથેની એની દોસ્તીની વાતો કરે છે. મા નથી ઇચ્છતી કે પિતા ડૂલેના અંતિમસંસ્કારમાં જાય. કારણ? કથક કહે છેઃ 'તમને ખબર નહીં હોય પણ દારૂ મારા બાપાની બહુ મોટી નબળાઈ હતી. આમ તો તેઓ મહિનાઓ સુધી દારૂ વગર ચલાવી લેતા. ત્યારે તે સાવ સોના જેવા બની જતા. મારી માને મદદ કરતા, કપડાં ખરીદી લાવતા ને ક્યારેક કાગળ-પેન્સિલ લઈને દારૂ છોડવાથી તેઓ કેટલા પૈસા બચાવી શક્યા તે ગણવા બેસી જાય. આશાવાદી સ્વભાવને કારણે એમની આ ગણતરી ઘણીવાર જીવનના અંત સુધી લંબાતી! ને પછી જે તોતિંગ આંકડો આવતો એની ખુશીમાં એ ઉજવણી કરી નાખતા... માત્ર બીઅર જેવું નિર્દોષ પીણું પીતા. ને બસ... એમને પોતાની મૂર્ખાઈ સમજાઈ જતી. મૂર્ખાઈને ભૂલવા તેઓ બીજો ગ્લાસ પીતા. ભૂલી નહીં શકવાની પીડાને ભૂલવા માટે એ ત્રીજો ગ્લાસ પીતા. ને પછી નશામાં ધૂત થઈ, લથડિયાં ખાતાં ખાતાં ઘરે આવતા. પંદરેક દિવસમાં તો તેઓ એકદમ છાકટા થઈ જતા. રસોડાની છેલ્લી ચીજ વેચાઈ જાય ત્યાં સુધી તેઓ પીતા. હું ને મા જાણતાં હતાં કે આવું અનેકવાર થયું છે. અંતિમ સંસ્કાર પછી મફત મળતા દારૂથી માને ફરીવાર આવો તબક્કો શરૂ થવાનો ભય હતો.

આ નાનકડો કથક લેરી કહે છે કે ભૂતકાળમાં ક્યારેય હું બાપાને પીતા રોકી શક્યો ન હતો છતાં માને મારામાં ગજબનો વિશ્વાસ હતો. મા લેરીને સાથે જવા કહીને કામ પર જાય છે. લેરી કહે છે બાપની ખુશી ખતરાની નિશાની હતી. એમાં એમને મફતનો જ દારૂ પીતા દોસ્ત પીટર ક્રાઉલીનો સંગાથ મળી ગયો એની લેરીને વધારે ચિંતા હતી. અંતિમક્રિયા પછી બધાએ સીધા પીઠા પર જ પહોંચવાનું હતું. પીઠા પર પહોંચ્યા પછી લેરીને થાય છે કે જો બાપાને દારૂ પીતા રોકવા હોય તો આ યોગ્ય ક્ષણ હતી. એણે બાપાના પહેરણની ચાળ ખેંચીને કહ્યુંઃ 'બાપા, હવે આપણે ઘરે જઈ શકીએને?' બાપાએ એકદમ ઊભરાઈ જતા સ્નેહથી કહ્યુંઃ 'બસ, બે જ મિનિટમાં આપણે જઈએ. જરા એકાદ બાટલી લીંબું શરબત પીએ પછી ઘરે જઈએ...' લેરી કહે છે કે આ લાંચ હતી પણ શું કરું? હું બહુ નબળા મનનો છોકરો હતો. ને મને બરાબરની તરસ પણ લાગી હતી. એટલે જેવું મારું શરબત આવ્યું કે તરત જ હું ગટગટાવી ગયો. બાપાએ બે બાટલી દારૂ મગાવ્યો હતો ને એ જલદી ઊભા થાય એવું લાગતું નહોતું. આમેય ઘણા મહિનાઓથી એમને દારૂનું ટીપુંય નો'તું માગ્યું. લેરીએ વળી ચાળ ખેંચીને ઘરે જવાની માગણી કરી. પણ બાપા હલવા તૈયાર ન હતા. બાપા તો પાઈપ પીવામાં અને ગપાટા મારવામાં મશગૂલ હતા. એકલો પડેલો લેરી કંટાળવા માંડ્યો એને

ચિંતા થતી હતી. બાપા પાટા નીચે, ગાંડા કાઢશે, તમાશો કરશે. મા પાછી શાલ નીચે ઢાંકીને ઘરની ચીજો ગિરવે મૂકવા જશે. એ બધી ચિંતા વચ્ચે કંટાળા અને તરસના માર્યા એણે બાપાનો ગ્લાસ મોઢે માંડ્યો. એક ઘૂંટડો પીધા પછી લેરી કહે છેઃ 'હું ભયાનક નિરાશ થઈ ગયો. આ લોકો આવો કચરો પીવે છે તે જાણી હું સ્તબ્ધ થઈ ગયો. આ લોકોએ કદીપણ લીંબુનું શરબત આપ્યું જ નહીં હોય એવું મને લાગ્યું. મેં બીજો ગ્લાસ ભર્યો... મને એકદમ ખુશીથી ઊભરાઈ જતો હોઉં, ફિલસૂફ બની ગયો હોઉં એવું લાગતું હતું. દેવદૂતની જેમ વાદળોમાં તરતો હોઉં એવું લાગતું હતું. એક બાટલો પૂરો કર્યા પછી લેરીને હવે આસપાસની કશી પડી નો'તી. બાપા જ્યારે ગ્લાસ લેવા ગયા, ગ્લાસ ખાલી જોયો ત્યારે એ વળી ઊઠ્યાઃ 'આ કયો મોરલો કળા કરી ગયો?' આસપાસનાં સ્ત્રી-પુરુષો આવા આરોપથી ગરમ થઈ ગયાં. એક બાઈએ તાડૂકીને કહ્યુંઃ 'પરાક્રમ કરનાર તમારી આસપાસ જ ક્યાંક હશે...' ને બાપાને સત્યની ઝાંખી થવી શરૂ થઈ ગઈ. 'લેરી, તું... તું આવું કરી શકે?' પણ લેરી કહે છેઃ 'હું કરી શક્યો હતો ને કોઈ પણ જાતની મુશ્કેલી વગર કરી શક્યો હતો.' દીવાલ વચ્ચે અથડાયા પછી લેરીને ઊલટીઓ શરૂ થઈ. બરાડા પાડતા લેરીને જોઈને એક સ્ત્રી સહાનુભૂતિથી બોલીઃ 'આ તેના બાપના પગલે જ ચાલવાનો એવું નથી લાગતું?' પીઠાવાળો પણ અકળાઈને લેરીના બાપને કહે છેઃ 'આ છોકરાને અહીં લાવવાની જરૂર જ ન હતી. હવે તું એને જલદીથી ઘરે લઈ જા તો સારું... નકામું પોલીસનું લફરું થશે...' બાપા 'મારા ક્યાં ભાગ્ય ફૂટ્યાં હતાં આજે? આની મા શું કહેશે?' વગેરે બબડતાં બરાડતાં, ચીસો પાડતાં લેરીને પરાણે પકડીને ઘસડવા લાગ્યા. લેરી કહે છેઃ 'પવન તથા ભરતીમાં ફસાયો હોઉં એમ પડતો-આખડતો હું દુઃખથી બબડતા બાપા સાથે ચાલવા માંડ્યો.' એમની ગલીની બધી સ્ત્રીઓ આ છાકટા છોકરાને તાજુબીથી જોઈ રહી હતી. બાપાને બિચારાને જલદી ઘરે પણ પહોંચવું હતું ને બધાને કહેવું પણ હતું કે આ બધામાં એમને કશો વાંક નો'તો. લેરીની ધમાલથી થાકીને બાપા કહે છે. 'ચાલ જોઉં, બાકીના રસ્તે હવે તને તેડી લઉં.' લેરી ફટાક દઈને કહે છેઃ 'તમે મને એકલો ન છોડી શકો? હું એકદમ બરાબર ચાલી શકું એમ છું. જે કંઈ તકલીફ છે તે બધી આ માથામાં છે. મને થોડાક આરામની જરૂર છે. બસ બીજું કંઈ નથી...'

ગલીની સ્ત્રીઓને ગાળો આપતો લેરી બિલકુલ કાબૂ બહાર જઈ રહ્યો હતો. એ જોઈને બાપાએ એને રીતસરનો ઘસડવો શરૂ કર્યો. બાપા કંટાળીને, દુઃખી અવાજે કહે છેઃ 'બહુ થયો તમાશો રસ્તા પર. હવે કદી નહીં. હું બીજાં હજાર વર્ષ

જીવવાનો હોઉં તો પણ ફરી આવી ભૂલ કદી નહીં કરું.' લેરી કહે છેઃ 'મને આજ સુધી નથી ખબર પડી કે આ એમણે મારા માટે કહ્યું કે દારૂના સંદર્ભે.'

બહારથી બધી લીલા સાંભળીને આવેલી મા ભયાનક ગરમ હતી. બાપા પર બરાડતી, ગાળો દેતી માને શાંત પાડવા બાપા મથામણ કરે છે પણ એ તો ગાળો દેતી બરાડે છેઃ 'તું કેવો છે તે હવે આખું ગામ જાણી ગયું છે. મહામહેનતે કમાયેલા બે પૈસા પણ તું દારૂમાં વેડફી નાખે છે અને આ તારા છોકરાને પણ તારા જેવો જ દારૂડિયો બનાવવાનો હોય એમ ઢીંચાવીને આવ્યો.' બાપાએ બાપડાએ દારૂ આપ્યોય નહોતો તોય ગાળ પડીને ગામ આખામાં ધજાગરો થયો તે નફામાં. બાપ તો બીજા દિવસે ડાહ્યોડમરો થઈ કામે જતો રહ્યો. એ પછી મા લેરીને વળગીને, ચુંબન કરીને કહે છેઃ 'મારો બહાદુર દીકરો! ઈશ્વરની કૃપા કે તું ત્યાં હતો. તું એનો દેવદૂત જેવો તારણહાર બની રહ્યો!'

આપણે જોઈ શકીએ છીએ કે આરંભથી અંત સુધી બાપ-દીકરાના રોલ ઊલટાયેલા જ રહે છે. લેરીના પેટમાં દારૂ નો'તો પહોંચ્યો ત્યાં સુધી એ બાપની ચિંતા કરે છે. આનાથી બિલકુલ વિરુદ્ધ બાપ આખી વાર્તામાં બાળક જેવું જ વર્તન કરે છે. દારૂ પીતા પહેલાની એની તૈયારી, હરકત બધું બાળક જેવું જ છે. પણ દારૂ પી જઈ દીકરાએ બાપની બધી તૈયારી પણ પાણી ફેરવી દીધું. આજ સુધી લેરી જે કંઈ બાપ માટે કરતો આવેલો, એ બધું હવે બાપ દીકરા માટે કરે છે. લેરીએ દારૂ ઢીંચેલો જ. છતાં મા એને 'બાપનો તારણહાર' કહી નવાજે ત્યારે આપણને હસવું જ આવે. માને આ લેરીની યુક્તિ લાગે છે પણ લેરીએ તો ખરેખર જ ચડાવેલો. એ વાત સાચી કે એના ઢીંચવાને કારણે જ આખું કુટુંબ પાયમાલ થતું બચી ગયું.

ટૂંકી વાર્તાના સાચા ભાવકને એક પ્રશ્ન થશેઃ 'મારી ઇડિપસ ગ્રંથિ' વાર્તામાં બાળકની ભાષા ઊભી કરી શકતા લેખક કેમ આ વાર્તામાં નિષ્ફળ જતા લાગે? બાળક આવાં નિરીક્ષણો કરી શકે? લેરી માંડ દસ-બાર વર્ષનો છે. તો એણે જે રીતે વાર્તા કહી તે શક્ય છે ખરું? આ પ્રશ્ન થાય તેણે એક વાક્ય ધ્યાનથી વાંચવું. જ્યાં લેરી કહે છેઃ 'બાપા આ વાત મારા સંદર્ભે કહેતા હતા કે દારૂના સંદર્ભે એ મને આજ દિવસ સુધી ખબર પડી નથી. આ વાક્ય સાબિત કરે છે કે લેરી આ વાત ઘણા સમય પછી કહી રહ્યો છે. એટલે એની ભાષા, પૃથક્કરણ, નિરીક્ષણ બધું જ શક્ય છે. અહીં જોનાર (Focalizer) બાળક છે. પણ કથક (Narrator) મોટો લેરી છે. બરાબર આવો જ પ્રશ્ન ઉમાશંકર જોશીની વાર્તા 'ઝાકળિયું'માં પણ થઈ શકે જો તમે જોનાર અને કહેનાર વચ્ચેનો ભેદ ન પારખી શકો તો.

❑❑❑



ભવન્સ - વૃત્ત


ચંડીગઢ કેન્દ્રઃ ભવન્સના પૂર્વવિદ્યાર્થીઓ દ્વારા અનુદાન

ભવન્સ ઓલ્ડ સ્ટુડન્ડ સોસાયટી (BOSS) ભવન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંઘટના છે. કોવિદ મહામારી સામે પ્રત્યક્ષ લડી રહેલા પોલીસબળને PPE કીટનું દાન કરી અમૂલ્ય સહકાર આપ્યો છે. 100 PPE કીટમાં બોડીસૂટ, ચહેરો ઢાંકવા માટેની શિલ્ડ, N95 માસ્ક અને મોજાંનો સમાવેશ થાય છે.



બોસના પ્રમુખ શ્રી સી. એ. વિનય અગ્રવાલ અને વરિષ્ઠ સમિતિ સભ્ય શ્રી કરણ મહાજને ચંડીગઢ પોલીસના મુખ્યાલયની મુલાકાત લઈ સુપરિન્ટેન્ડન્ટ શ્રી મનોજ મીનાને સુપરત કરી. શ્રી.મીનાએ Bossની ટીમ અને ભવન વિદ્યાલયની ખરે સમયે સહયોગ આપવા બદલ દિલથી કૃતજ્ઞનતા વ્યક્ત કરી હતી.

ચંડીગઢ કેન્દ્રઃ ભવન વિદ્યાલય, ચંડીગઢના વિજ્ઞાન વિભાગના ચાર વિદ્યાર્થીઓ પ્રતિષ્ઠિત કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના (KVPY) સ્કોલરશીપ 2019માટેની યોગ્યતા પુરવાર કરી છે. યોગ્યતા પુરવાર કરનારા આ ચાર વિદ્યાર્થીઓએ પહેલા



બે તબક્કા પસાર કર્યા અને ઇન્ટરવ્યૂ પાસ કરી ઉમેદવાર તરીકે પસંદ થયા.

KVPY એ ભારત સરકારના વિજ્ઞાન અને તકનિકી વિભાગ દ્વારા શરૂ કરેલ મૂળભૂત વિજ્ઞાનમાં ફેલોશીપ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જેમાં અસાધારણ વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે કારકીર્દિ માટે સરકાર પ્રેરિત કરે છે. જે વિદ્યાર્થીઓએ KVPY પાસ કર્યું તેઓ બેંગ્લોરની ખ્યાતનામ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં સીધો પ્રવેશ મેળવી શકે છે.

બાપુધામ કોલોનીમાં અનાજ વિતરણ



મહામારી દરમિયાન બોસની સાથે ભવન વિદ્યાલયના વિદ્યાર્થી મંડળે 500 અનાજની થેલી બાપુધામ કોલોની, ચંડીગઢના રહેવાસીઓને નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવી. IAS ડેપ્યુટી કમિશનર શ્રી મંદીપ સિંહે બ્રાર બોસનાં ઉપપ્રમુખ શ્રીમતી રીચા ગુપ્તા, શાળાના વરિષ્ઠ વિદ્યાર્થી પ્રભવ શર્મા અને વાઈસ કેપ્ટન અરમાન અંગ્રા પાસેથી દાનનો સ્વીકાર કર્યો. અનાજ થેલીમાં ચોખા, કઠોળ, સાકર, મીઠું, ચા અને તેલનો સમાવેશ થયો હતો.

ગંટુર કેન્દ્રઃ કૂતરાંઓનો ડોગ શો

ગંટુર કેનલ ક્લબે ભવન્સ ગંટુર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ડોગ શોનું આયોજન કર્યું હતું. અલગ અલગ પ્રજાતિનાં 104 કૂતરાંઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો



હતો. મુખ્ય અતિથિ આઈપીએસ શ્રી રમણ કુમારે કૂતરાંઓ સાથેના પોતાના અનુભવો વિશે વાત કરી હતી. કેનલ ક્લબના વ્યવસ્થાપક અને પ્રમુખ શ્રી રામચંદ્ર રાજુએ કહ્યું કે કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં પાલતુ કૂતરાઓની વિવિધ પ્રજાતિ અને તેમની ખાસિયતો પ્રત્યે જાગૃતિ આણવાનો હતો. ગંટુર કેનાલ ક્લબના સંચાલક શ્રીમતી વી. એસ. લક્ષ્મીનારાયણ, સભ્યો શ્રીમતી ગાયત્રી અને કુમારી વિનયા તેજસ્વીનીએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રથમ ક્રમાંક ટ્રમ્પ બીગલ, દ્વિતીય કેપ્ટન ડોબરમેન અને તૃતીય ક્રમાંક અમેરિકન અકિટાલુસીએ મેળવ્યો.

શ્રદ્ધાંજલિઃ ડો. સી. વી. નરસિમ્હા રેડ્ડી, હૈદરાબાદ કેન્દ્ર



ડો. સી. વી. નરસિમ્હા રેડ્ડી જનસંપર્ક ક્ષેત્રે સિદ્ધહસ્ત વ્યવસાયી હતા. તેમનું 87 વર્ષની વયે 25માર્ચ, 2020ના રોજ અવસાન થયું. ડો. રેડ્ડી અગાઉ ભવન્સ કોલેજ ઓફ કોમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટના નિદેશક હતા. તેઓએ 22 પુસ્તકો લખ્યાં છે. ડો. રેડ્ડીએ જનસંપર્ક, સંચાર વ્યવસ્થા અને જાહેર માધ્યમો ઉપર કેટલાંક પુસ્તકો સંપાદિત પણ કર્યા છે. તેઓએ ઘણા એવોર્ડ પણ મેળવ્યા છે. ઘણી સંસ્થાઓ તરફથી લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, શ્રેષ્ઠ લેખક અને શ્રેષ્ઠ સંપાદક માટેનો ચાણક્ય એવોર્ડ 2013 વગેરે. તેમના પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી શ્રીમતી રમાદેવી છે. જેઓ ભવન્સ વિદ્યાશ્રમ, જ્યુબિલી હિલ્સનાં વરિષ્ઠ આચાર્યા છે અને તેમને ત્રણ પૌત્રો છે.

પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

પારુલ કંદર્પ દેસાઈ: parulkdesai@gmail.com

મનીષા જોષી: manisha71@gmail.com

હેમંત ધોરડા: hemantdhorda1945@gmail.com

દક્ષેશ પ્રજાપતિ: K/403, સિદ્ધિવિનાયક રેસિડન્સી, સેન્ટ મેરી સ્કૂલ પાસે, આદિશ્વર, નવા નરોડા, અમદાવાદ-382330.

યોસેફ મેકવાન: ybmacwan@gmail.com

અશ્વિની બાપટ: asbapat62@yahoo.co.in

પંચમ શુક્લ: spancham@yahoo.com

ઉષા શેઠ: દેવ-ઈન, 7મો માળ, 511, એડનવાલા રોડ, મુંબઈ-400 019. ફોન. 24168105

ડો. સેજલ સંઘવી: 4-એ, મકરંદ, સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

હોમી દસ્તુર: bhavan@bhavans.info, ફોન: 23631261, 23634462

જયંત રાઠોડ: મો. 99984 65290

આનંદિતા રૈયાણી: B-304 ગોલ્ડન નેસ્ટ એપાર્ટમેન્ટ, 1- સિલ્વર ગોલ્ડ રેસીડન્સી, નાના મૌવા રોડ, રાજકોટ, પીનકોડ 360005 ananditadiyu@gmail.com

રાજેશ પંડ્યા: pandyarajesh30@yahoo.com

બકુલ ટેલર: bakultailor19@gmail.com

ધીરેન્દ્ર મહેતા: 'જીવન છાયા', પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, ભુજ-370 001 (કચ્છ). મો. 9825752542

હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42.

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

કિરણ વી. મહેતા: સરસ્વતી કૃપા, ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-385001.

રોહિત શુક્લ: 345, સરસ્વતી નગર, આઝાદ પાર્કની બાજુમાં, અમદાવાદ-380 015. ફોન: 079-26743459

મહેશ શાહ: અમદાવાદ, મો. 9327020775

અનિલ જોશી: joshi.r.anil@gmail.com

છાયા ઉપાધ્યાય: 35, હરિદર્શન સોસાયટી, અવસર પાર્ટી પ્લોટ પાછળ, વઘાસી-388320, જિ. આણંદ

અમૃત ગંગર: ઇ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઇ ૪૦૦ ૦૬૭.

ડંકેશ ઓઝા: 6, સ્વાગતસિટિ, મુ. પો. અડાલજ-382 421, મો. 97250 28274.

વિનોદ પટેલ: vpp1234@gmail.com

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

એક જણ મંદિરના દરવાજે જઈને બોલ્યો : પ્રભુ, હવે તો શાકભાજી, કરિયાણું ને પાન-માવા ને બાટલી બધુંય ખૂલી ગયું. તમે મંદિર ક્યારે ખોલવા વિચારો છો? દર્શન માટે વિહ્વળ થયો છું પ્રભુ.

પ્રભુ બોલ્યાઃ વિહ્વળ થયો હોય દર્શન માટે તો ઉપર આવી જા. હમણાં એ સાવ સહેલું છે... યમરાજ બાપડા ઓવરટાઈમ કરે છે.

દર્શનાર્થી દોડતોકને ઘરભેગો થઈ ગયો.

☺ ☺ ☺

પત્ની બહુ મગજમારી કરે તો ચંપલ ઉઠાવો... ને પહેરીને ઘરની બહાર જતા રહો. બાકી તમે મનમાં જે વિચાર્યું એના માટે તો નવો જન્મ લેજો.

☺ ☺ ☺

મગન : રાતે બદામ પલાળીને સવારે ખાવાથી યાદશક્તિ વધે છે.

છગન : પણ દોસ્ત મારે તો કેવું થાય છે? કાં તે પલાળવાનું જ ભૂલી જાઉં છું. અને જે દાડે પલાળું છું ત્યારે ખાવાનું ભૂલી જાઉં છું ને ઘરનાં છોકરાં ખાઈ જાય છે. હવે એમાં યાદશક્તિ શું ધૂળ વધે?

☺ ☺ ☺

હમણાં જ મારા એક હિંદીભાષી મિત્રે મને Quarantineનો અર્થ સમજાવ્યો. એણે કહ્યું જેમ ચૌધરીની ચૌધરાઈન હોય, ઠાકુરની ઠકુરાઈન, પંડિતની પંડિતાઈન હોય એમ જ કોરોનાની કોરોનટાઈન હોતી હૈ... કોરોના ઉસસે ડરતા હૈ ઇસલિયે તો કુછ નહીં કરતા હૈ!!!

હાસ્યેન સમાપયેત

"ગટરમાં કેવી રીતે પડી ગયા?"

"અરે ભાઈ, ઢાંકણા વગરની ખુલ્લી ગટરને ભૂલથી સોશિયલ ડિસ્ટન્સિંગનું કુંડાળું સમજી બેઠો'તો."

☺ ☺ ☺

"ઇચ્છું તો હમણાં છોકરીઓની લાઈન લગાડી દઉં...

પણ ઘરના બધા કહે છે કે હાલના સંજોગોમાં પાણીપૂરીની લારી લગાડવી ઠીક નથી."

☺ ☺ ☺

"આ આપણા ખૂબ જાણીતા લેખક છે. એમની બધી વાર્તાઓનો અંત સુખકારી હોય છે. વાર્તા પૂરી થાય ત્યારે બધાને સારું લાગે છે."

☺ ☺ ☺

મુશ્કેલીમાં કામ આવે એ સાચો મિત્ર પણ

આ મિત્ર આવે ત્યારે સાથે મુશ્કેલી લેતા આવે છે.

☺ ☺ ☺

"આપણાં લગ્નને 25 વર્ષ થયાં. મેં કેટલી વાર તમને કહ્યું કે મારે આખી દુનિયા જોવી છે!"

બીજા દિવસે પતિ દુનિયાનો નકશો લઈને ઘરે આવ્યા, "દર વખતે ભૂલી જતો હતો, કાલે તે યાદ કરાવ્યું એટલે લેતો આવ્યો."

☺ ☺ ☺


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world






























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month